# યુગ શક્તિ ગાયત્રી

વર્ષ ૨૬, અંક ૩

માર્ચ ૧૯૯૬





ચૈત્ર નવરાત્રિ પાવન પર્વ

૨૦ માર્ચથી ૨૮ માર્ચ ૯૬

પ્રત્યેક સાધકના જીવનમાં

ભક્તિ, શક્તિ, જ્ઞાનરૂપે પ્રકાશ

ફેલાવે એવી માતા ગાયત્રીને

## હાર્દિક પ્રાર્થના

**દેશ, ધર્મ, સંસ્કૃતિનું ઉત્થાન જ જીવનનું ધ્યેય રહે.**



રાજતંત્ર જ નહીં પ્રધાન.
ધર્મતંત્ર પર પણ આપો ધ્યાન.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન |
|---|---|---|
| ૧. | આત્મીયતાનો વિસ્તાર કરો | ૧ |
| ૨. | વેદોનો દિવ્ય સંદેશ | ૨ |
| ૩. | હે ઈશ્વર ! મનુષ્ય "જીવન દેવતા"ના સ્વરૂપને સમજી જાય | ૩ |
| ૪. | એક વિલક્ષણ ઈનામ | ૪ |
| ૫. | જપ પ્રક્રિયાનું જ્ઞાન-વિજ્ઞાન | ૬ |
| ૬. | જ્યારે અહંભાવ ઓગળી ગયો | ૧૦ |
| ૭. | આજનો યુગધર્મ | ૧૨ |
| ૮. | ધર્મ વ્યક્તિને ગુલામ બનાવતો નથી | ૧૪ |
| ૯. | બાળકોનું બાળપણ ઝૂંટવશો નહીં | ૧૬ |
| ૧૦. | રામકથાની પ્રબળ પ્રેરણા દાંપત્ય જીવનમાં સુખ-મિત્રતા | ૧૮ |
| ૧૧. | ગુરુદેવનો ગુરુદેવને સાક્ષાત્કાર | ૨૧ |
| ૧૨. | મનુષ્ય નષ્ટ થશે તો સંસાર પણ નષ્ટ થશે | ૨૬ |
| ૧૩. | વસંત પર્વ ઉપર વિશેષ - ગુરુદીક્ષા તેમજ દક્ષિણાનું રહસ્ય | ૩૦ |
| ૧૪. | પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી | ૩[illegible] |
| ૧૫ | સમર્પિત ભાવનાશીલો દ્વારા યોજાયેલ પ્રથમ પૂર્ણાહુતિ આયોજન | ૩[illegible] |
| ૧૬. | અપનોં સે અપની બાત વસંતનો ઉલ્લાસ લઈને આવ્યું છે "રજત જયતી વર્ષ" | ૪[illegible] |
| ૧૭. | ચૈત્ર નવરાત્રિ | ૪૭ |



**ફાર્મ-૪**

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થાન | મથુરા |
| ૨. | પ્રકાશનનો પ્રકાર | માસિક |
| ૩. | મુદ્રકનું નામ | લીલાપત શર્મા |
| | રાષ્ટ્રીયતા | ભારતીય |
| | સરનામું | યુગ નિર્માણ પ્રેસ, મથુરા |
| ૪. | પ્રકાશકનું નામ | લીલાપત શર્મા |
| | રાષ્ટ્રીયતા | ભારતીય |
| | સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૫. | સંપાદકનું નામ | ડૉ. પ્રણવ પંડયા |
| | રાષ્ટ્રીયતા | ભારતીય |
| | સરનામું | શાંતિકુંજ, હરિદ્વાર |
| ૬. | સત્વાધિકારી | યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ ગાયત્રી તપોભૂમિ, મથુરા |

હું લીલાપત શર્મા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતોવાળું નિવેદન મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચું છે.

સહી--લીલાપત શર્મા


ગાયત્રી તપોભૂમિ, મથુરામાં ફેક્સની સ્થાપના થઈ ગઈ છે.
ફેક્સ નં.--( ૦૫૬૫ ) ૪૦૪૦૦૦ છે.

યુગ શક્તિ ગાયત્રી પત્રિકામાં પાઠકોને ઉત્તમ વિચારો પહોંચાડવા અમારો નિરંતર પ્રયાસ ચાલી રહેલ છે. તેના માળખામાં આપ પરિવર્તન જોઈ રહ્યા છો. આ પત્રિકા આપણી જ છે. યુગ શક્તિ ગાયત્રી પત્રિકાને પ્રત્યેક ઘરમાં પહોંચાડી અમારો ઉત્સાહ વધારશો એવી અપેક્ષા.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

અને

**માતા ભગવતી દેવી શર્મા**

પરામર્શ દાતા :

**પં. લીલાપત શર્મા**

સંપાદક :

**ડૉ. પ્રણવ પંડ્યા**

કાર્યાલય :

**ગાયત્રી તપોભૂમિ,**

**મથુરા-૨૮૧ ૦૦૩**

ટેલિફોન :

(૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૬ અંક-૩

**માર્ચ - ૧૯૯૬**

## આત્મીયતાનો વિસ્તાર કરો

આત્મીયતા જ બધાં કરતાં પ્રિય છે. આત્મબોધથી જ જીવન અને સંસારના રહસ્યો ખુલ્લા થાય છે. આત્મ-જાગૃતિ જ દિવ્ય જીવનનું પ્રવેશદ્વાર છે. આત્મવિશ્વાસથી હિંમત બંધાય છે અને પ્રબળ પુરુષાર્થ કરી ઉત્તમ સફળતાઓ પ્રાપ્ત કરવાનું શક્ય બને છે. આ બધી જ દોડધામ આત્મ-તૃપ્તિ માટે જ છે. આત્મસંતોષ મેળવવા માટે મોટામાં મોટા દુ:ખો સહન કરવામાં આવે છે. આત્મશુદ્ધિની સાથે બધી જ સિદ્ધિઓ જોડાયેલી છે. જીવનનું લક્ષ્ય છે આત્મકલ્યાણ. આત્માથી ચઢિયાતું બીજું કંઈ જ નથી. વિકસિત આત્માને જ બીજા શબ્દોમાં પરમાત્મા કહેવામાં આવે છે.

વૈભવની વ્યાખ્યા આત્મ-વિસ્તારના રૂપમાં જ કરવામાં આવશે. જે વસ્તુ ઉપર આપણો અધિકાર છે, મોહ છે, સંબંધ છે તે જ આપણને પ્રિય લાગે છે. અહીયાં તો બધું જ પારકું છે, બધું જ કુરૂપ છે. જે પોતાનું છે, તે જ પ્રિય છે, તે જ સુંદર છે.

જો આપણે આ સંસારમાંથી વધારેમાં વધારે પ્રિય પદાર્થોનો સંગ્રહ કરવા માગતા હોઈએ અને પ્રિયજનોની સાથે રહેવા માગતા હોઈએ, તો આપણે આત્મીયતાનો વધારેમાં વધારે વિસ્તાર કરવો જોઈએ. જે પદાર્થ કે મનુષ્ય પર આપણે જેટલી માત્રામાં આત્મીયતાનું આરોપણ કરતાં રહીશું તે પદાર્થ કે મનુષ્ય આપણને એટલાં જ પ્રિય, સુંદર અને સુખ આપનારાં જણાશે. જો આત્મીયતાનો વિસ્તાર સમગ્ર સંસાર સુધી કરવામાં આવે તો સર્વત્ર અનંત આનંદનો અને અસીમ સૌન્દર્યનો અનુભવ આપણને હરહંમેશ થતો રહેશે.

પ્રગતિના માર્ગ પર આગળ વધવા માટે આત્મવિશ્વાસ-જન્ય સાહસની જરૂરિયાત છે. તે મેળવી લીધા પછી આપણી આગળની મંજિલ સરળ બની જાય છે. સાહસિક મનુષ્ય કોઈ પણ માર્ગને પસંદ કરતાં પહેલાં તેનાં બધાં જ પાસાંઓનો બધી રીતે વિચાર કરી લે છે અને પછી જ્યારે નિર્ણય લે છે કે આ કરવું જ છે, તો પછી તત્પરતાપૂર્વક તે ઈચ્છિત હેતુ માટે લાગી જાય છે. પરાક્રમથી ભરેલો પુરુષાર્થ મોટાં પહાડો ઉપર રસ્તો બનાવે છે. નદીઓ તેને માટે રસ્તો કરી આપે છે, સાધનો એકઠાં કરી આપે છે અને અનેકનો સહયોગ પ્રાપ્ત થાય છે. સાહસનું ચુંબક સાધનોના લોખંડના કણોને આપમેળે જ પોતાની તરફ ખેંચે છે અને એકઠાં કરે છે. સફળતા એવા જ મનસ્વી મનુષ્યોને પ્રાપ્ત થાય છે.

- પં. શ્રીરામ શર્મા આચાર્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વેદોનો દિવ્ય સંદેશ

**અક્રન કર્મ કર્મકૃતઃ સહ વાચા મયોભુવા ।**
**દેવેભ્યઃ કર્મ કૃત્વાસ્તં પ્રેત સચાભુવઃ ॥**
(યજુર્વેદ ૩/૪૭)

**ભાવાર્થ** :- આળસનો ત્યાગ કરી પુરુષાર્થી બનો. મૂર્ખતાનો ત્યાગ કરી વેદ જ્ઞાન પ્રાપ્ત કરો. મીઠું મધુર બોલો અને અરસપરસ હળીમળીને એકબીજાની સહાયતા કરો. આનાથી જ આ લોકનાં અને પરલોકનાં સુખોની પ્રાપ્તિ થશે.

**સંદેશ** :- વેદોમાં જ્ઞાન અને વિજ્ઞાનનો અખૂટ ભંડાર ભરેલો છે. વેદ જ્ઞાનથી જ આપણું ભલું થાય છે. વેદોમાંથી જ્યાં આપણને સંસારના ગૂઢમાં ગૂઢ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યાં આ પ્રાપ્ત જ્ઞાનના સદ્‌ઉપયોગનો માર્ગ પણ મળી જાય છે. અજ્ઞાન તથા કુસંસ્કારોથી છૂટકારો મેળવવો, અધોગામીને ઊંચા ઉઠાડવાનો પ્રયત્ન કરવો અને સદ્‌જ્ઞાનનો પ્રસાર કરવો એ જ માનવધર્મ છે. ખાસ કરીને બને છે એવું કે મનુષ્ય પોતાનો સ્વાર્થ, લાલસાઓ અને કામનાઓ પૂરાં કરવાની મૂર્ખતામાં જ રચ્યોપચ્યો રહે છે. આ બાબતમાં તે યોગ્ય-અયોગ્યનું પણ ધ્યાન રાખતો નથી અને નીચતાની પરાકાષ્ટા સુધી પહોંચી જાય છે.

જે માર્ગ પર સજ્જનો ચાલી રહ્યા છે તે માર્ગ પર આપણે હંમેશાં ચાલવું જોઈએ. 'ૐ દેવાનામપિ પન્થાગન્મ.' આપણે બધાં પરસ્પર સજ્જનતાનો વ્યવહાર કરીએ. સજ્જનતાનો વ્યવહાર, ઉદારતા, સહાયતા તેમજ પ્રેમથી પરિપૂર્ણ હોય છે. આ દેવતાઓ જેવો વ્યવહાર છે. આપણે અરસપરસ આવો જ વ્યવહાર કરવો જોઈએ. વેદ જ્ઞાનથી બધાની ઉન્નતિનો માર્ગ ખોલી નાખવો જોઈએ. પોતાના સ્વાર્થ પહેલા બીજાઓના લાભનું ધ્યાન રાખવું જોઈએ. અરસપરસ મધુર વાણીમાં વાતચીત કરવી જોઈએ. આનાથી કંકાસ ઘટે છે અને પ્રેમની વૃદ્ધિ થાય છે. જેણે મધ કરતાં પણ મીઠી અને ઘી જેવી ફાયદાકારક વાણીનું મહત્ત્વ સમજી લીધું તે બધી જગ્યાએ સફળતા પ્રાપ્ત કરે છે. કોઈને પણ કુમાર્ગ પર લઈ જનારી સલાહ આપણે કોઈ દિવસ ન આપવી જોઈએ. બધાના હિતનું ધ્યાન રાખીને જ કામ કરો.

જીવન નાશવંત છે. એનો અર્થ એવો નથી કે સમયને નષ્ટ કરવામાં આવે, આળસ અને નકામી વાતોમાં તેને બરબાદ કરવામાં આવે. પરંતુ આનાથી તો મનુષ્યે એવી પ્રેરણા લેવી જોઈએ કે તે સમયનો સાચો ઉપયોગ કરે. તેને અમૂલ્ય સમજીને નકામો વેડફી ના દે. સમયનો જ્યારે સાચી રીતે ઉપયોગ કરવામાં આવશે ત્યારે જ સમય બચી શકશે. પરમાત્માએ આ સમયરૂપી ધન આપવામાં કોઈપણ પ્રકારનો પક્ષપાત કર્યો નથી. નિર્ધન, ધનવાન, મૂર્ખ, જ્ઞાની, સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ બધાંને આ સમયરૂપી સંપત્તિ એક જ માત્રામાં સમાનરૂપે આપી છે. આ સમય મર્યાદાને ન તો ઘટાડી શકાય તેમ છે કે ન વધારી શકાય તેમ છે, પરંતુ એટલું તો ચોક્કસ છે કે આપણે આળસ અને મૂર્ખતામાં આ સમયને નકામો વેડફી પણ શકીએ છીએ. અથવા તો એનો સદ્‌ઉપયોગ કરી એક જ જીવનકાળમાં એટલું કાર્ય પણ કરી શકીએ છીએ કે જે સેંકડો મનુષ્યો દ્વારા પણ શક્ય ના બની શકે.

નિષ્ક્રિયતા જડતાનું અને મૃત્યુનું લક્ષણ છે. માટે જ આળસુ, મૂર્ખ, અજ્ઞાની, દરિદ્રી લોકો નિષ્ક્રિય અને જીવતા હોવા છતાં મરેલા છે. જ્ઞાની મનુષ્યો શાંત તેમજ સંતુલિત વૃત્તિના હોય છે અને તેઓ જીવનની એક એક ક્ષણનો સદ્‌ઉપયોગ કરતા હોય છે.

આળસુ અને સુસ્ત મનુષ્ય કોઈપણ જગ્યાએથી આનંદ મેળવી શકતો નથી. જ્ઞાની અને પુરુષાર્થી જ સમયનું શ્રેય મેળવે છે. તેમને જ આત્મિક પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેઓ જીવનમાં બધી જ રીતે સુખી અને સંતુષ્ટ રહે છે.

**॥ ૐ શાંતિ ॥**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હે ઈશ્વર ! મનુષ્ય "જીવનદેવતા"ના સ્વરૂપને સમજી જાય

મનુષ્ય જીવન ઈશ્વરીય સત્તાની એક અતિ કિંમતી થાપણ છે, જેને સોંપતી વેળાએ તેની સત્પાત્રતા પર વિશ્વાસ કરીને જ તેને તે આપવામાં આવેલ છે. મનુષ્યની સાથે અન્ય જીવધારીઓની સરખામણીમાં આ કોઈ પક્ષપાત નથી, બલ્કે ઊંચી સહાય કરવા માટેનો આ એક પ્રયોગ-કસોટી માત્ર છે. અન્ય જીવધારીઓ પેટ પૂરતી જ વાત વિચારે છે અને કાર્ય કરે છે, પરંતુ મનુષ્યને સર્જનહારનો વારસાગત યુવરાજ હોવાને લીધે અનેક પ્રકારનાં કર્તવ્યો અને જવાબદારી નિભાવવી પડે છે. તેમાં તેનું ગૌરવ અને યોગ્યતા છે. જો તે પેટપ્રજનન સુધી, લોભ-મોહ સુધી તેની પ્રવૃત્તિઓ મર્યાદિત રાખે તો તેને નરપશુ સિવાય બીજું શું કહી શકાય છે. લોભમોહની સાથે વિશેષમાં અભિમાન પણ આવી જાય તો વાત એથીય વધુ બગડે છે. મહત્ત્વાકાંક્ષાઓની પૂર્ણતા માટે વધેલો અહમ્ અનેક પ્રકારના કુચક્રો રચે છે અને પતન-પરાજ્યના ખાડામાં ગબડે છે. અહંકારથી પ્રેરાયેલ મનુષ્ય અનાચારી બને છે અને ઈન્દ્રની જેમ ભટકાઈ જાય છે. આવી દશામાં તેનું સ્વરૂપ તેથી પણ વધુ ભયંકર બની જાય છે. તે દુષ્ટ આત્મા અને નરપિશાચ સ્તરની રાક્ષસી પ્રવૃત્તિઓ હાથ ધરે છે. આ રીતે મનુષ્ય જીવન જ્યાં શ્રેષ્ઠ સૌભાગ્યનું પ્રતીક હતું, ત્યાં તે દુર્ભાગ્ય અને દુર્ગતિનું કારણ જ બને છે. તેને જ કહેવાય છે વરદાનને શાપ બનાવી દેવો. પ્રત્યેક માટે બંને દિશાઓ ખુલ્લી છે. જે એમાંથી જેને ઈચ્છે છે, તેને પસંદ કરે છે. મનુષ્ય પોતાના ભાગ્યનો નિર્માતા પોતે જ છે.

મનુષ્યે પોતાના ઈષ્ટ-ઉપાસ્યો પણ ઘણા બધા પસંદ કરી રાખ્યા છે. પરંતુ જો તે એક જ દેવતા-ઈષ્ટ-ઉપાસ્ય 'જીવન દેવતા'ની પ્રાર્થના યોગ્ય રૂપમાં કરી લે, તો આ કલ્પવૃક્ષની નીચે, જેની કોઈ અન્ય જગ્યાએથી પ્રાપ્તિ થવાની આશા કરી શકાતી નથી તે સર્વ કંઈ તેને પ્રાપ્ત થઈ શકે છે. જીવનદેવતાને શુદ્ધ આત્મા કે પરમાત્માની લઘુ આવૃત્તિ પણ કહી શકાય છે. પરબ્રહ્મની સમગ્ર ક્ષમતાઓ-રીદ્ધિ-સિદ્ધિઓ આ કાયા-ક્લેવર (શરીર)માં સમાયેલી છે. જો તેને જગાડી દેવામાં આવે તો મનુષ્ય યોગી ઋષિ, મનીષી, મહાપુરુષ, સિદ્ધ પુરુષ જેવી વિભૂતિઓ સમાન બની શકે છે. આ જીવનદેવતાની સાધનાથી મનુષ્યને સર્વ મહાન સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. કસ્તુરીવાળા હરણની માફક મનુષ્ય પોતાની મહાનતાના મૂળ કેન્દ્ર નાભિની બહાર પોતાને શોધતો ફરે છે. એક વખત તે પોતાની અંદર ડોકિયું કરીને તેને પોતાના અંતઃકરણમાં જોઈ લે, તો તેને આ ઈષ્ટ સત્તાનું દિવ્ય દર્શન થઈ જશે, જે તેને મહાનતાના સૌથી શ્રેષ્ઠ શિખર સુધી લઈ જઈ શકે છે. જે દિવસે આ થઈ જાય છે, તે દિવસે મનુષ્યના સૌભાગ્યનું દ્વાર ખુલી જાય છે. આ જ દિવસની પ્રતીક્ષા સતત ભગવાનને પણ રહેલી છે.

અધ્યાત્મની વ્યાખ્યા છે 'સાયંસ ઑફ સોલ', પોતાની જાતને સુધારવાની વિદ્યા, પોતાની જાતને સંભળાવાની વિદ્યા, પોતાની જાતને ઉન્નત બનાવવાની વિદ્યા. આ આત્માનું ચેતવણી રૂપ વિજ્ઞાન છે.

અવ્યવસ્થાનું બીજું નામ અસંયમ છે. ગેરશિસ્તની ખોટ અને ઉદ્દંડતા પણ આને જ કહે છે. કોઈ કોઈ વખત આમાંથી અરાજકતા પણ પેદા થતી જણાય છે. અસંયમથી જ ઉપયોગી વસ્તુઓનો સદુપયોગ થતો નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# એક વિલક્ષણ ઈનામ

કાશ્મીરના સુલતાન જૈનાલુદ્દીનનું સ્વાસ્થ્ય ખરાબ રહેવા લાગ્યું. તેમના શરીરમાં એક ગુમડું નીકળ્યું. કેટલાય ચિકિત્સકોએ તેને તપાસ્યું, ઈલાજ કર્યા, પરંતુ સહેજ પણ લાભ થયો નહીં. સુલતાનની પીડા વધતી જઈ રહી હતી. અનેક ઉપચારો પછી પણ ગુમડું ઘટવાનું અને ઠીક થવાનું નામ જ જણાતું ન હતું.

સુલતાન અસહ્ય પીડાથી ચીસો પાડતા રહ્યા. હવે કોઈને તેમના જીવનની આશા ન રહી. રાજ્યની હિન્દુ પ્રજા ઉપર અત્યાચાર કરનારા સુલતાન હવે મૃત્યુની રાહ જોઈ રહ્યા હતા. એક દિવસે શ્રી બટ્ટ નામના કાશ્મીરી વૈદ્યે સુલતાનને સંદેશો મોકલાવ્યો, "સેવકને પણ ચિકિત્સા કરવાનો એક અવસર આપો." હું પણ આપના રાજ્યનો નિવાસી છું અને આયુર્વેદનું સાધારણ જ્ઞાન ધરાવું છું."

સુલતાનને પોતે સ્વસ્થ થવાની સહેજ પણ આશા ન હતી, છત્તાંય તેમણે શ્રી બટ્ટને બોલાવ્યા. વિચાર્યું કે કોઈ કોઈ વખત જડીબુટ્ટીઓની સાધારણ સરખી દવાઓ ચમત્કાર સર્જી શકે છે. આથી શ્રી બટ્ટને બતાવવામાં પણ શું નુકસાન છે. તેમને સુલતાનની સમક્ષ હાજર કરવામાં આવ્યા. તેમણે ખૂબ જ બારીકાઈથી ગુમડાના કારણોને જાણવાનો પ્રયત્ન કર્યો, વિવિધ ચિકિત્સકો દ્વારા કરવામાં આવેલા ઈલાજોની માહિતી મેળવી અને છેવટે ઘણા વિશ્વાસથી પ્રયોગ કરવા માટે કેટલીક દવાઓ આપી.

એક અઠવાડિયાના ઉપચાર પછી ઘામાંથી પરૂ નીકળવાનું બંધ થઈ ગયું. પીડા પણ ઓછી થઈ. ઈલાજ સતત ચાલતો રહ્યો. લગભગ એક મહિનામાં તે ગુમડું સારું થઈ ગયું. જે સુલતાન હર ઘડી અશાંત અને દુઃખી રહેતાં હતાં, હવે સુખની ઊંઘ લેવાં લાગ્યાં. રાજ દરબારના ચિકિત્સકો શ્રી બટ્ટની ઈર્ષા કરવા લાગ્યા. પરંતુ સુલતાન તેમના આ જાદુથી ઘણા પ્રભાવિત થયાં. કોઈને પણ આશા ન હતી કે સુલતાન કદી રાજ દરબારમાં જઈ શકશે. સ્વસ્થ થયા બાદ તેઓ દરબારમાં આવ્યા અને તેમણે સૌથી પહેલાં પોતાના જીવનદાતા વૈદ્ય શ્રી બટ્ટની પ્રશંસા કરી.

તે સમયે શ્રી બટ્ટ પણ ત્યાં હાજર હતા. દરબારીઓની સામે સુલતાને મોં માગ્યું ઈનામ આપવાનું વચન આપ્યું, પરંતુ શ્રી બટ્ટ એકના બે ન થયા. તે ગરીબને ધન-સંપત્તિની પ્રત્યે સહેજ પણ આકર્ષણ ન હતું, તે માગે પણ શું ? દરબારીઓને જ નહીં, સુલતાનને તેની ત્યાગ વૃત્તિ પર આશ્ચર્ય થયું. તેમણે કદી આવો નિઃસ્વાર્થ તથા સેવાભાવી મનુષ્યો જોયો ન હતો.

સુલતાનની વાતો સાંભળીને શ્રી બટ્ટના મનમાં કોઈ રીતનો વિકાર પેદા થયો નહીં. તે તો મૌન બનીને સુલતાનની વાતો સાંભળતા રહ્યાં. તેમણે વિચાર્યું કે ક્યાંક એવું ન થાય કે મારા મૌન રહેવાથી દરબારીઓ દ્વારા ખોટો અર્થ કરવામાં આવે, આથી તેમણે પોતાની વાત કહેવાનું યોગ્ય ગણ્યું. તેમણે સુલતાનને સંબોધન કરતાં કહ્યું, "બાદશાહ હું બ્રાહ્મણ છું, મારી જરૂરિયાતો ઘણી ઓછી છે. જીવનના નિભાવ માટે થોડું ધન જરૂરી થઈ પડે છે. ઈશ્વરની કૃપાથી તેની સગવડ પણ થઈ જાય છે. મારે ધન, સોનું કે અન્ય કોઈ સ્વરૂપની સંપત્તિની જરૂરિયાત નથી."

શ્રી બટ્ટ કંઈ વધુ કહેવા ઈચ્છે છે તે સમજતાં સુલતાનને વાર ન લાગી. શક્ય છે કે સંકોચને લીધે તેઓ પોતાની વાત કહી શકતા નથી. આથી સુલતાને ફરીથી નિવેદન કર્યું, "તમોએ મને જીવનદાન આપ્યું છે, હું તમારો ઋણી છું, આથી મારો આગ્રહ છે કે તમારી વાત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્પષ્ટ પણ કહી દો."

"હે કાશ્મીર નરેશ ! આપની નીતિઓથી અસંતુષ્ટ થઈને કેટલાય હિન્દુઓ.... જો આપ મને સન્માનિત કરવા પર અડગ છો, તો મારી કેટલીક વાતો માની લો, આ જ આપનો સૌથી મોટો ઉપકાર ગણાશે."

"કહો ! હું તમારી આજ્ઞાનું પાલન કરીશ. તમે વિશ્વાસ રાખજો."

"આપની નીતિઓથી અસંતુષ્ટ થઈને કેટલાય હિન્દુઓ કાશ્મીર છોડીને અન્યત્ર ચાલી ગયા છે. આપના રાજ્યમાં હવે તો માત્ર ૧૧ કુટુંબો જ નિવાસ કરી રહ્યાં છે. હું ઈચ્છું છું કે બધા હિન્દુઓને પરત બોલાવી લેવામાં આવે અને તેમની સાથે મુસ્લિમ પ્રજા જેવો જ વર્તાવ કરવામાં આવે. હિન્દુઓને પોતાના ધર્મ મુજબ કર્મ કરવાની, પહેરવેશ પહેરવાની તથા બાળકોના શિક્ષણની સગવડ આપો. આપના માટે તો રાજ્યના બધા નાગરિકો એક સમાન હોવાં જોઈએ."

શ્રી બટ્ટની પ્રત્યેક વાત સ્વાર્થ વિનાની હતી. તેમણે પોતાના માટે સુલતાન પાસે કશું માગ્યું ન હતું. આથી તેમની ધર્મ અને પ્રજા પ્રત્યેની નિષ્ઠાને જોઈને દરબારીઓને પણ આશ્ચર્ય થયું. સુલતાને પહેલેથી જ શ્રી બટ્ટને આશ્વાસન આપેલું હતું, આથી તેમણે બધી વાતો માનીને હિન્દુ અને મુસલમાન બંનેના પ્રત્યે સમભાવ રાખવાનું શરૂ કરી દીધું. હવે તેઓ હિન્દુ વિદ્વાનોનું પણ સન્માન કરતાં હતાં. તેમણે શ્રી બટ્ટ પાસે ગીત ગોવિંદ તથા યોગ વશિષ્ટ જેવા ગ્રંથો પણ સાંભળ્યા. અનેક તીર્થ સ્થાનોની યાત્રા પણ કરી. સુલતાનના દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવવાનું સમગ્ર શ્રેય શ્રી બટ્ટની નિઃસ્વાર્થ વૃત્તિ અને સેવાપરાયણતાને હતું.

આજના જમાનાને ધ્યાનમાં રાખીને જો જોવામાં આવે તો આવા જ જૈનાલુદ્દીન અને બટ્ટ જો ફરીથી મનુષ્યમાં જાગી જાય તો બધી જ સમસ્યાઓ જોતજોતામાં દૂર થતી જશે.

એક માણસ આત્મકલ્યાણ માટે પોતાના ચાર બાળકોને અનાથ છોડીને એક રાત્રે ઘેરથી ભાગી નીકળ્યો. તે કોઈ સંત પાસે જઈને ભગવત્ પ્રાપ્તિનો ઉપાય પૂછવા લાગ્યો. તે માણસે પોતાના ત્યાગની વાત સંભળાવતાં કહ્યું, "મારી પત્ની તે સમયે સૂઈ રહી હતી, એકાએક બાળકે ચીસ પાડી, તો મને લાગ્યું કે હવે પત્ની જાગી જશે અને મારું ઘેરથી નીકળવું મુશ્કેલ થઈ પડશે, પરંતુ પત્નીએ બાળકને છાતીએ વળગાડયું અને બાળક ચૂપ થઈ ગયું. હું ચૂપચાપ નીકળી ગયો. મહાત્મન્ ! હવે સંસારની મોહમાયામાં ફસાવવા ઈચ્છતો નથી.

સાધુ બોલ્યા, "મૂર્ખ ! બે ભગવાન તો તારા ઘરમાં જ બેઠેલાં છે, જેમને તું છોડી આવ્યો. જા, જ્યાં સુધી તું તેમની સેવા કરીશ નહીં, ત્યાં સુધી તારો ઉદ્ધાર થશે નહીં. પહેલા કુટુંબને સંભાળ, પોતાના કર્તવ્યોને પૂરા કર, પછી વિચારજે કે કૌટુંબિક જવાબદારીઓને નિભાવતાં રહીને તારું આત્મકલ્યાણનું લક્ષ્ય પૂરું થયું કે નહીં ? અધ્યાત્મ ભાગેડુઓને નહીં, શૂરવીરોને સાથ આપે છે. કુટુંબીઓ સાથે રહીને પણ તારી સાધના પૂરી કરી શકે છે. ત્યાગ કરવો છે, તો અંદરના વિકારો અને ભ્રમ જંજાળોનો કર." માણસ વાસ્તવિક્તા સમજ્યો અને પોતાની વ્યાવહારિક સાધના પૂર્ણ કરવા પોતાના ઘેર પાછો વળ્યો.

આ રીતે શિખિધ્વજને વાસ્તવિક્તાનું જ્ઞાન થયું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જપ પ્રક્રિયાનું જ્ઞાન-વિજ્ઞાન

જપમાં શબ્દોનું પુનરાવર્તન થતું હોવાથી ઉચ્ચારણનો એક ચક્રવ્યૂહ સર્કલ (વર્તુળ) બને છે. ક્રમિક પરિભ્રમણ થવાથી શક્તિ પેદા થાય છે. પૃથ્વી પોતાની ધરી પર ફરે છે. તે પરિભ્રમણથી આકર્ષણ શક્તિ જન્મે છે અને પૃથ્વીલોકમાં સમાયેલી અનેક પ્રકારની ક્ષમતાઓ પેદા થાય છે. જો પૃથ્વીનું પરિભ્રમણ બંધ થઈ જાય તો તેના પર ગાઢ નીરવતા, નિર્જીવતા અને શક્તિહીનતા છવાઈ જશે. શક્તિ ઉત્પન્ન કરવા માટે પરિભ્રમણ કેટલું જરૂરી છે તે ડ્રાયનેમોના રચયિતા જાણે છે. તેનું પરિભ્રમણ બંધ થઈ જતાં જ વીજળી ઉત્પન્ન થવાનું બંધ થઈ જાય છે. સ્થૂળ અને સૂક્ષ્મ શરીરમાં વિશિષ્ટ પ્રકારનો વીજ પ્રવાહ પેદા કરવા માટે વિશિષ્ટ શબ્દોનું વિશિષ્ટ ગતિ અને રીતથી ઉચ્ચારણ કરવું પડે છે. મંત્ર-જપનું સામાન્ય વિજ્ઞાન આ જ છે.

જપમાં એક શબ્દ-સમૂહને એક ક્રમ અને એક ગતિથી અવિરત (સતત) ગતિશીલ રાખવામાં આવે છે. સામાન્ય વાતચીતમાં અનેક શબ્દો અનેક રજૂઆતો માટે અનેક રસ અને ભાવો સાથે ઉચ્ચારિત થાય છે. વાસ્તવમાં એમાં ન તો એકરૂપતા હોય છે કે ન તો ગતિ. કદીક વિરામ, કદીક પ્રવાહ, કદીક આવેશ રજૂ થતાં રહે છે, પારસ્પરિક વાર્તાલાપમાં અભિવ્યક્તિનું એક કેન્દ્ર કે એક સ્તર હોતું નથી. આથી તેનાથી વાર્તાલાપજન્ય પ્રભાવ માત્ર જન્મે છે, કોઈ વિશિષ્ટ શક્તિધારા પ્રવાહિત થતી નથી. જપની સ્થિતિ એનાથી સંપૂર્ણ વિપરિત છે. મર્યાદિત શબ્દાવલી જ વપરાય છે અને તે જ સતત બોલતી રહે છે. રેખાગણિતના વિદ્યાર્થીઓ જાણે છે કે એક રેખા જો સતત સીધી લીટીમાં ખેંચવામાં આવે તો તે છેવટે તેના આરંભ બિંદુમાં આવીને જોડાઈ જાય છે. પ્રત્યેક ગતિશીલ પદાર્થ ગોળ બની જાય છે. પૃથ્વી ગોળ છે. બધા ગ્રહ-નક્ષત્રો ગોળ છે. ભૌતિક દુનિયાનો નાનો ઘટક પરમાણુ અને ચેતન જગતનો નાનો ઘટક જીવાણુ બંનેય ગોળ છે. ગોળાઈ પર ચાલતો રહે તો તેનો અંત આરંભના સ્થાન પર જ થશે. આ જ આધાર પર ગ્રહનક્ષત્રોની ભ્રમણ કક્ષાઓ સુનિશ્ચિત રહે છે. આપણે સીધી રેખામાં પૃથ્વીની પરિક્રમા કરવા ચાલી નીકળીએ તો જ્યાંથી નીકળ્યા હોઈએ ત્યાં જ પરત આવી જઈશું. આ સિદ્ધાંત મુજબ મંત્ર-જપનું પરિણામ એક ગતિશીલ શબ્દચક્રની સ્થાપનાના રૂપમાં પરિણમે છે.

કહેવાય છે કે વાલ્મિકી ઋષિ ઊલટો મંત્ર જપ કરતા હતા. અર્થાત્ 'રામ-રામ' ને બદલે 'મરા-મરા' બોલતા હતા. વાસ્તવમાં આ સાંભળનારા-સમજનારા લોકોનો જ ભ્રમ રહ્યો હશે. સતત એક જ ગતિક્રમમાં રામ-રામ બોલતા રહેવાથી તેની ગતિ ગોળ ગોળ થતી હશે અને તેને સરળતાથી મરા-મરા સમજાતું હશે. આ રીતે મરા-મરા મંત્રનો સંકલ્પ લઈને કરેલું ઉચ્ચારણ પણ રામ-રામ જણાતું રહેશે. ખરેખર તો એક શબ્દાવલીને સતત ગતિમાં બોલવાથી તેમાં શરૂઆત કે અંતનો તફાવત રહેતો નથી, સંપૂર્ણ શબ્દાવલી એક ગોળાકારમાં ફરવા લાગે છે અને એક શબ્દચક્ર બને છે. મંત્રજપની પદ્ધતિનો નિર્દેશ કરતાં 'તૈલધાર વત્' સૂત્રમાં કહેવાયું છે કે જે રીતે તેલને એક ગતિથી રેડવાથી એની ધાર બંધાઈ જાય છે, તે રીતે મંત્રોચ્ચારણનો ક્રમ એક જ ગતિથી ચાલવો જોઈએ. તેના પ્રવાહ ક્રમમાં ન તો તફાવત પડે કે ઉચ્ચારણ સ્તરમાં. જપમાં ક્યારેક અટકી-અટકીને ધીમેથી, ક્યારેક ઝડપથી, ક્યારેક ઉચ્ચ સ્વરે, ક્યારેક મંદ સ્વરે ઉચ્ચારણ થઈ શકે નહીં. વેદમંત્રોના સસ્વર ઉચ્ચારણની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાત જુદી છે. તે છંદ છે, એટલા માટે પાઠ કરતી વેળાએ તેમને સ્વરબદ્ધ ચિત્તનું ધ્યાન રાખીને ગાવા અને પાઠ કરવા યોગ્ય છે. જપની પદ્ધતિ એનાથી બિલકુલ અલગ છે. ગાયત્રી, મૃત્યુંજય વગેરે મંત્રોના જપ કરતી વેળાએ તેને સ્વર વિના જ જપવામાં આવે છે, સાથે જ ધારા જેવી એકરસ-એક સરખી ગતિ બનાવી રાખવામાં આવે છે. એમાં કોઈ ફરક પડે છે કે નહીં એની ખાતરી માળાના આધાર પર કરેલી ગણતરીથી થઈ શકે છે. ગાયત્રી મંત્ર જપમાં સાધારણ રીતે એક કલાકમાં ૧૦-૧૧ માળા થાય છે. તેનો ક્રમ ચોક્કસ ચાલ્યો કે નહીં તેની ખાતરી ઘડિયાળ અને માળાનો સમન્વય કરવાથી થઈ શકે છે. પ્રત્યેક માળા પૂરી થવામાં સરખો સમય લાગવો જોઈએ અને તેથી જ બધા મંત્રની શક્તિનો વૈજ્ઞાનિક આધાર બન્યો છે એવું સમજી શકાય છે. ભક્તિભાવથી પૂર્ણ થઈને ગતિનું ધ્યાન રાખ્યા સિવાય પણ જપ થઈ શકે છે, પરંતુ તે ભાવનાત્મક પ્રક્રિયા થઈ ગણાય અને તેનું પરિણામ ભાવનાની શુદ્ધતા અને ઊંડાણ પર આધારિત છે. આવા જપને શબ્દ-શક્તિના આધાર પર ઉત્પન્ન થનારા મંત્ર જપથી અલગ સ્તરના સમજવા જોઈએ. બીમાર મનુષ્યના હાથ પર બ્લડપ્રેશર માપવાનું મશીન બાંધીને ડૉક્ટર ઘડિયાળ પર નજર રાખે છે, હવાનું દબાણ વધારતાં રહે છે, કાનમાં રહેલા સ્ટેથોસ્કોપ વડે ધબકારા ગણતા રહે છે, ત્યારે તેઓ સમજી શકે છે કે લોહીનું દબાણ કેટલું છે. નવા સાધકે ઘડિયાળ અને માળાની ગણતરી પર ધ્યાન રાખીને પોતાના જપની ગતિને એકરસ અને એકસરખી બનાવવી પડે છે. તેમ થઈ જાય તો સમજવું જોઈએ કે શબ્દ ગતિનું ચક્ર બની ગયું છે અને તેના આધાર પર મંત્ર વિજ્ઞાનના વિશિષ્ટ પરિણામ નીપજશે. વિશેષ પુરશ્ચરણોમાં જપ વિદ્યાના નિષ્ણાત સાધકો એટલા માટે બેસાડવામાં આવે છે કે તેમની સાચી જપ પ્રક્રિયા સાચું પરિણામ પેદા કરી શકે.

ગતિ જ્યારે ગોળાકારમાં થાય છે ત્યારે તેનાથી પેદા થનાર ચમત્કાર આપણે આપણા દૈનિક જીવનમાં દરરોજ જોતાં રહીએ છીએ. બાળકો ભમરડો જમીન પર ફેરવવાની રમત રમે છે. એક વખત હોંશિયારીથી ફેરવવાથી તે લાંબા સમય સુધી પોતાની અણી પર ફરતો રહે છે અને નીચે પડતો નથી. જો કે તેની ગતિ બંધ થતાં જ તે જમીન પર પડી જાય છે. આ ગતિનો ચમત્કાર જ છે કે એક વખતનો ધક્કો લાંબા સમય સુધી કામ આપે છે અને પેદા થયેલા ગતિ પ્રવાહને લાંબા સમય સુધી ચાલતાં રહેવાની સ્થિતિ પેદા કરે છે. જપ દ્વારા જન્મેલ ગતિ પણ સાધનાકાળમાં ઘણાં લાંબા સમય સુધી ચાલતી રહે છે અને સાધકની આત્મિક વિશેષતાને ગતિશીલ અને સુસ્થિર બનાવી રાખે છે.

મશીનોનું એક મોટું પૈડું 'ફ્લાય વ્હીલ' એક વખત ફેરવી દેવાથી મશીનના અન્ય ભાગોને ન માત્ર ગતિશીલ કરે છે, બલ્કે તેમની ચાલને નિયંત્રિત પણ કરે છે. કરવતના ઉપયોગમાં હાથને આગળ પાછળ ગતિમાં લાવવાથી જ લાકડું કપાય છે, પરંતુ જો ગોળાકાર ફેરવવામાં આવે તો તે જ કરવત કેટલાય ગણી શક્તિશાળી સાબિત થશે અને વિશેષ પ્રમાણમાં વધુ ઝડપથી લાકડું કાપી શકે છે. કરવતનું મશીન આ જ કરે છે. તે મોટાં-મોટાં થડ અને સખત લાકડાં સહેલાઈથી ચીરી-કાપી શકે છે. પરંતુ તે જ કરવત આગળ-પાછળ કરવાથી તે જ લાકડાં કાપવાં ઘણાં જ મુશ્કેલ થઈ પડે છે. આ બધું ગોળાકારમાં ફરનાર ગતિ પ્રવાહનો ચમત્કાર છે. ઝડપની સાથેની ગોળાકાર ગતિ 'સેન્ટ્રીફ્યુગલ ફોર્સ' ઉત્પન્ન કરે છે. ગોફણમાં કાંકરો રાખીને ફેરવવાથી અને તેને છોડીને પક્ષીઓ ભગાડવાનું કાર્ય તૈયાર પાકને સાચવવા માટે ખેડૂતોએ મોટાભાગે કરવું પડે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચક્રગતિની શક્તિના આ આશ્ચર્યકારક પરિણામો સાધારણ રીતે જોવા મળે છે. જપના માધ્યમથી ગતિશીલ શબ્દ શક્તિનું પ્રતિફળ પણ તેવું જ હોય છે. હિંચકા પર બેઠેલાં બાળકોને જે રીતે વધુ વિસ્તારમાં ઝડપથી ફરવાથી પડવાની આશંકા હોવા છતાંય ન પડવાનો આનંદ મળે છે, તે જ રીતે અંતઃચેતનાના સીમાબદ્ધ વિસ્તારથી આગળ વધીને ક્યાંય વિશેષ વ્યાપક ક્ષેત્ર સુધી પોતાનો વિસ્તાર દેખાય છે અને દુર્ભાવનાઓ તેમજ દુષ્પ્રવૃત્તિઓને કારણે અધઃપતનની જે આશંકાઓ હોય છે, તેનાથી સહજ રીતે બચવાની શક્યતા જન્મે છે. ગોફણ દ્વારા ફેંકેલા કાંકરાની માફક સાધક અપેક્ષિત લક્ષ્યની તરફ ઘણી ઝડપથી આગળ વધે છે અને જો કાંકરો ફેંકનારના હાથ ટેવાયેલા હોય છે, તો તે યોગ્ય નિશાન પર જઈને પડે છે. લોટો ચક્રગતિમાં હોય અને વાંકો થઈ જાય તો પણ તેની અંદરનું પાણી ઢોળાતું નથી. તે જ રીતે આપણી અંદર સમાયેલાં જીવન તત્ત્વો સંસારના અનિચ્છનીય આકર્ષણોમાં ગબડી જવાનું સંકટ ઘટી જાય છે. લોટો ધીમેથી ગતિમાં લાવીએ તો બીજી વાત છે, પરંતુ ઝડપથી ગતિમાં લાવવાથી પાણીને પડવા દેતો નથી. જપની સાથે સંકળાયેલ વિધાન અને ભાવનાસ્તર જો યોગ્ય હોય, તો આંતરિક દુષ્પ્રવૃત્તિઓના આજકાલના દિવસોમાં ઝઝૂમવાની અને ડગલે-ને-પગલે અસફળ થવાની મુશ્કેલીઓ દૂર થઈ જાય છે.

ચેતનાને તાલીમ આપવા માટે મનોવિજ્ઞાનમાં ચાર આધાર અને સ્તર બતાવવામાં આવ્યા છે. એમાનું પ્રથમ છે શિક્ષણ - જેને અંગ્રેજીમાં ‘લર્નિંગ’ કહેવાય છે. શાળાના બાળકોને આ જ સ્તર પર ભણાવવામાં આવે છે. તેઓને વિવિધ પ્રકારની માહિતી આપવામાં આવે છે. તે માહિતીઓ સાંભળી લેવાથી માત્ર કામ થતું નથી, વિદ્યાર્થીઓ તેનું વારંવાર રટણ કરે છે. શાળાના શિક્ષણનો બધો ક્રમ રટણ અને યાદ કરવાની સહાય પર રચાયેલો છે. આંક ગોખવા પડે છે. સંસ્કૃતનો વિષય ગોખણપટ્ટીનો વિષય કહેવાય છે. આ ગોખણપટ્ટી અન્ય કોઈ રીતે પણ દરેક વિદ્યાર્થીએ કરવી પડે છે. કોઈ નવી વાતને યાદદાસ્તમાં સ્થિર કરવા માટે વારંવાર રટણની ક્રિયા અજમાવ્યા સિવાય અન્ય કોઈ રસ્તો નથી.

એક વખત યાદ કરી લેવાથી કેટલીક વાતો તો લાંબા સુધી યાદ રહે છે, પરંતુ કેટલીક એવી છે જે થોડા દિવસના અભ્યાસમાંથી છૂટી જવાથી ભૂલાઈ જ જાય છે. શાળાનો અભ્યાસ છોડી દીધા પછી જો તે વિષયો કામમાં ન આવતાં રહે તો થોડાક સમય પછી તે ભૂલી જવાતાં હોય છે. લશ્કરના સૈનિકોને નિયમિત પરેડ કરવી પડે છે. પહેલવાનો દંડ-બેઠક કરે છે. સંગીતકારોએ નિયમિત રિયાજ કરવો જરૂરી છે. તેઓ થોડા સમય માટે પણ ગાવા-વગાડવાનો મહાવરો છોડી દે તો આંગળીઓ લથડાવવાં લાગશે અને તાલ-સ્વરોમાં તકલીફ પેદા થતી જણાશે.

શિક્ષણની લર્નિંગની ભૂમિકામાં પુનરાવર્તનનો આશરો લેવો જરૂરી છે. જપ દ્વારા ન ટેવાયેલી ઈશ્વરીય ચેતનાને સ્મૃતિપટ પર સ્થિર કરવાની જરૂરિયાત હોય છે, જેથી ઉપયોગી પ્રકાશની અંતઃકરણમાં જમાવટ થઈ શકે. કૂવાના મથાળા પર લાગેલાં પથ્થર પર દોરડું લાંબા સમય સુધી ઘસાવાથી તેમાં નિશાની પડી જાય છે. આપણી મનોભૂમિ પણ એટલી જ કઠોર છે. એક વખત કહેવાથી વાત મનમાં સમજાઈ તો જાય છે, પરંતુ તેનાથી ટેવાઈ જવા માટે અને કાયમી બનાવવા માટે લાંબા સમય સુધી રટણ કરવાની જરૂરિયાત પડે છે. પથ્થર પર દોરડું ઘસાવવાથી જેમ નિશાન પડે છે તેમ આપણી કઠોર મનોભૂમિ પર ભગવત્ સંસ્કારોનું ઊંડાણમાં જામવું શક્ય છે.

શિક્ષણનું બીજું સ્તર (સોપાન) છે ‘રિટેન્શન’ અર્થાત્ મેળવેલી માહિતીઓને સ્વભાવનું અંગ બનાવી લેવી. ત્રીજું સ્તર છે ‘રી-કોલ’ અર્થાત્ ભૂતકાળની કોઈ ભૂલાયેલી સ્થિતિઓને ઢંઢોળીને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફરીથી સજીવ કરી લેવી. ચોથી ભૂમિકા છે 'રીકોગ્નીશન' અર્થાત્ માન્યતા આપવી. નિષ્ઠા, શ્રદ્ધા અને વિશ્વાસમાં બદલવી. ઉપાસનામાં આ બધા હેતુઓને પૂરાં કરવાં પડે છે. આ ચારેય સ્તરોને ઉખેડવાં પડે છે. ભગવાનની નજદીકતાનો અનુભવ કરાવનારી પ્રતીક પૂજા 'રિટેન્શન' છે. આત્માના ઈશ્વર સાથેના ખૂબ જ પ્રાચીન સંબંધોને ભૂલી જવાથી જીવનમાં ભટકાવ આવે છે. પતંગ ઉડાડનારના હાથમાંથી દોરી છૂટી જાય છે ત્યારે તે આમતેમ અથડાતી ફરે છે. જાદુગરની આંગળીઓ સાથે બાંધેલી કઠપૂતળીનો દોરીનો સંબંધ તૂટી જાય તો પછી તે લાકડાનો ટુકડો કેવી રીતે નાચ બતાવી શકે. જોડાણનો તાર છૂટી જવાથી વીજળીના યંત્રો પોતાનું કામ કરતાં બંધ થઈ જાય છે. ઈશ્વર અને જીવનો સંબંધ સનાતન છે, પરંતુ તે માયાવી પ્રવૃત્તિઓમાં વધુ પડતો પડી જવાથી એક રીતે તૂટી જ જાય છે. તેને ફરીથી વિચારવાની, દોરાને નવા સ્વરૂપે શોધવાની અને તૂટેલા સંબંધોને ફરીથી જોડવાની પ્રક્રિયા 'રીકોલ' છે. જપ દ્વારા આ ઉદ્દેશ પણ પૂરો થઈ શકે છે. ચોથી ભૂમિકા 'રીકોગ્નીશન'માં પહોંચવાથી જીવાત્માની માન્યતા પોતાની અંદર ઈશ્વરીય પ્રકાશ હાજર થવાથી બને છે અને તે વેદાંતના તત્ત્વજ્ઞાનની ભાષામાં 'અયમાત્મા બ્રહ્મ', 'તત્વમસિ', 'સોહમસ્મિ', 'ચિદાનન્દોહમ્', 'શિવોઽહમ્' ની નિષ્ઠા જન્માવે છે. જેમાં પહોંચેલા મનુષ્યના ગુણ, કર્મ, સ્વભાવ, દૃષ્ટિકોણ અને કામકાજ ઈશ્વર જેવા સ્તરના બની જાય છે. તેની સ્થિતિ મહાત્મા અને પરમાત્મા જેવી બની જાય છે.

આત્મિક પ્રગતિ માટે ચિંતન ક્ષેત્રનું ખેડાણ કરવું પડે છે. ત્યારે તેમાં ઉપયોગી પાક ઉગે છે. ખેતરનું વારંવાર ખેડાણ કરવાથી તેની ઉત્પાદન શક્તિ વધે છે. નામ જપને એક રીતે ખેતરનું ખેડાણ કહી શકાય છે. પ્રહલ્લાદની કથામાં આવે છે કે તેઓ શાળામાં પ્રવેશ મેળવ્યા બાદ સ્લેટ પર ફક્ત રામનામ જ લખતા હતા. ભણવાની આગળ વાત કહેવામાં આવતાં છતાંય રામનામ લખતા અને બોલતાં રહેતાં. આ એકને જ ભણી લેવાથી બધું જ ભણતર પૂરું થઈ જાય છે. યુધિષ્ઠિરની કથા પણ એવી જ છે. અન્ય વિદ્યાર્થીઓએ આગળના પાઠ યાદ કરી લીધા, પરંતુ તેઓ પહેલો પાઠ 'સત્યં વદ' જ રટતાં-લખતાં રહ્યા. શિક્ષકે આગળના પાઠ ભણવા માટે કહ્યું, તો તેમનો ઉત્તર હતો કે એક પાઠ યાદ રહી જાય ત્યારબાદ બીજો પાઠ ભણવો જોઈએ. તેમનું કહેવાનું એ હતું કે સત્યના પ્રત્યે ગાઢ નિષ્ઠા અને વ્યવહારમાં તે પરિપક્વતા બની જાય ત્યાં સુધી તે જ ક્ષેત્રમાં આપણું ચિંતન જોડી રાખવું જોઈએ.

ભારતીય ધર્મમાં જપ માટે સર્વવિદિત અને સર્વોપરિ ગાયત્રી મંત્ર સાબિત થયેલો છે. તેને ગુરુમંત્ર કહેવામાં આવેલ છે. અંતઃચેતનાને શુદ્ધ કરવામાં તેના જપ ખૂબ જ સહાયક સાબિત થાય છે. તેને વેદમાતા એટલા માટે કહેવામાં આવેલ છે કે વેદોમાં સમાયેલ જ્ઞાન-વિજ્ઞાનનો વૈભવ બીજ રૂપે એના થોડા સરખા અક્ષરોમાં છુપાયેલ છે.

જપનો ભૌતિક વૈભવ પણ છે. વિજ્ઞાનના આધાર પર પણ તેની ઉપયોગિતા સમજી અને સમજાવી શકાય છે. શરીર અને મનમાં અનેક ક્ષમતાઓ તેના ચક્રો, ગ્રંથિ ભેદ અને ઉપત્યિકાઓના રૂપમાં સમાયેલી છે. તેમાંના સામર્થ્યને જગાડવામાં આવે તો મનુષ્યને અતીન્દ્રિય અને અલૌકિક વિશેષતાઓ પ્રાપ્ત થઈ શકે છે. સાધનાનું પરિણામ સિદ્ધિ છે. આ સિદ્ધિઓ ભૌતિક પ્રતિભા અને આત્મિક દિવ્યતાના રૂપમાં જે સાધનાના આધારોની સહાયતાથી વિકસિત થાય છે, તેમાં જપને પ્રથમ સ્થાન આપવામાં આવેલું છે.

**બેકાર અને ખરાબ વાતોને છોડી કેવળ ઉપયોગી હોય તેને જ સ્વીકારો.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્યારે અહંભાવ ઓગળી ગયો...

અથાતો બ્રહ્મ જિજ્ઞાસા" તાત્ ! જેની બ્રહ્મદર્શનની જિજ્ઞાસા જેટલી પ્રબળ હોય છે, તે તેટલી જ ઝડપથી નારાયણના દર્શન કરે છે. વત્સ, બ્રહ્મ જ કેમ ! જિજ્ઞાસા તો મનુષ્યને કોઈ પણ કલા, કોઈ પણ વિદ્યાનો નિષ્ણાત બનાવી દે છે. અમારા આશીર્વાદ તમારી સાથે છે. તમે આશ્રમમાં રહો, તપ કરો, એક દિવસે તમને ચોક્કસ ભગવાનનો સાક્ષાત્કાર થશે જ." આટલું કહીને મહર્ષિ ઐલુષે રાજકુમાર નીરવ્રતની પીઠ પર હાથ ફેરવ્યો અને તેમને સામાન્ય વિદ્યાર્થીની જેમ વિદ્યાર્થીનિવાસના એક સામાન્ય ખંડમાં રહેવાની વ્યવસ્થા કરી આપી.

નીરવ્રતે પ્રથમ વખત પોતાનો સામાન પોતાના હાથ વડે ઉપાડયો. તેઓ પ્રથમ વખત એક એવા નિવાસમાં રોકાય, કે જે પ્રકારના નિવાસમાં તેમના દાસ-દાસીઓ પણ રોકાતા ન હતા. નીરવ્રતે તે દિવસે જ એટલું સાદું ભોજન ગ્રહણ કર્યું હતું. જો આશ્રમની વ્યવસ્થાના અપમાનની વાત ન રહી હોત, તો તેઓ તે થાળી કે જે તેમને પીરસવામાં આવી હતી તેને દૂર ફેંકી દેત. સાયંકાળ થવાને હજુ વાર હતી, પરંતુ જીવનની આવી વિપરિત દિશાઓએ તુરત જ મગજમાં ક્રાંતિનું વિચાર મંથન શરૂ કરી દીધું. નીરવ્રતે આટલું નીરસ જીવન પહેલાં કદી જોયું ન હતું. આથી તેને અરુચિ થાય તે સ્વાભાવિક હતું.

સૂવાને માટે જ્યાં પહેલાં, તેમણે એક બીજા સ્નાતકને બોલાવીને પૂછ્યું, "તાત્ ! આપ કયાંથી આવ્યા છો ? આપના પિતા શું કરે છે ? આશ્રમમાં રહેવા આવ્યે આપને કેટલા વર્ષ થઈ ગયા ? શું આપે સિદ્ધિ મેળવી લીધી ? શું આપે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી લીધો ?

પ્રશ્ન પૂછવાની શૈલી પર સ્નાતકને હસવું આવી ગયું. તેણે કહ્યું, "મિત્ર ! બાકીના પ્રશ્નોના ઉત્તર પછીથી મળશે. હાલમાં આપ એટલું જ સમજી લો કે હું ઉપકૌશલનો રાજકુમાર છું અને આ મારું છેલ્લું વર્ષ છે કે જે સમયે તમે પ્રવેશી રહ્યા છો. આટલું કહ્યા બાદ તરૂણ સ્નાતકે પોતાનું તેજસ્વી કપાળ અને છાતી ઊંચી કરી અને ઋષિ ઐલુષના નિવાસ સ્થાન તરફ ચાલી નીકળ્યા.

નીરવ્રત અવાક્ બની ગયા. એ ઠીક છે કે સ્નાતકનો ચહેરો કોઈ રાજકુમારો કરતાં ઉતરતો ન હતો, પરંતુ આ બધા સ્નાતકો એટલા સરળ પહેરવેશમાં હતા, એટલા મૌનવ્રત ધારી અને એટલાં શિસ્તબદ્ધ હતા, કે શું એમની પોતાની કોઈ ઇચ્છાઓ જ નહીં હોય ? શું એમની સુખની મહેચ્છાઓ નષ્ટ થઈ ગઈ છે ? સાચું પૂછવામાં આવે તો નીરવ્રતનું માથું ફાટી ગયું હોત, પરંતુ સારું થયું કે તેઓ નિદ્રાદેવીને શરણે જઈ શકયા.

પ્રાતઃકાળના સૂર્યોદયના બે કલાક પહેલાં જ, જ્યારે ભગવતી સવારના આગમનની તૈયારી થઈ રહી હતી, ત્યારે બધા સ્નાતકો જાગી ગયા, તે જ હલચલમાં તેની પણ ઊંઘ ઉડી ગઈ. તેણે બિછાનું છોડી દીધું. શરીર હળવું હતું. શૌચ-સ્નાન ક્રિયાથી પરવારીને તેઓ ગાયત્રી-પાઠ કરવા માટે આસન પર બેઠા. આજે આશ્રમ જીવનનો પહેલો દિવસ હતો. ધ્યાન તો ન લાગ્યું, પરંતુ ચિંતનમાં એક જ વાત સામે આવી. જ્યારે શરીરનો નાશ થઈ જાય છે ત્યારે પણ શું-રાજા, એક સ્ત્રી કે પુરુષ, બાળક કે વૃદ્ધનો ભેદ રહી જાય છે, ના ! તો પછી મારા રાજકુમારપણાએ શું અમર રહેવાનું છે ? ના-ના. મનમાં જવાબ મળ્યો-ના. જીવનનો દૃષ્ટિગોચર થતો ભાગ નાશવંત છે, ક્ષણિક છે, અસંતોષપ્રદ છે. જ્યાં સુધી મનુષ્ય પૂર્ણતા મેળવી લેતો નથી ત્યાં સુધી તેણે કોઈ માન્યતા ન કરી લેવી જોઈએ. રાજકુમાર નીરવ્રતે માની લીધું કે તે પણ શરીર રૂપે અભિવ્યક્ત અવ્યક્ત આત્મા છે અને તેને સમજી લેવા માટે અહંભાવ છોડવો પડે છે.

પરંતુ આ અહંભાવ પણ કેટલો છે કે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનુષ્યને વારંવાર તેના સંકજામાં પકડી રાખે છે. તેનાથી જો કોઈ બચી શકે છે, તો તે છે નિરંતર વિચાર ભાવનાઓનો પ્રવાહ અને પ્રબળ નિષ્ઠાઓ. નીરવ્રતને વિચાર કરવાની કળા આવડી, ભાવનાઓને પ્રગટાવતાં આવડયું, તો પણ અહંવભાનો અવરોધ હજુ કેડો છોડતો ન હતો. તે કોઈ કોઈ વખત સાથી સ્નાતોકોની સાથે ઝગડી બેસતો, કોઈ કોઈ વખત શિક્ષકોની સાથે હઠાગ્રહ કરી બેસતો તે વેળાએ તેને લાગતું કે તેના પક્ષમાં ન્યાય છે, પરંતુ જ્યારે વિચારનું ત્રાજવું ઉપાડતા અને વિરાટ્ જીવનની સરખામણીમાં પોતાના નાના સરખા ભાગને તોળતાં ત્યારે અહંકાર વેરવિખેર થઈ જતો.

માન-મર્યાદા, મોહ-દંભ, હઠાગ્રહ બધું જ વેરવિખેર થઈ જતું. નીરવ્રત પોતાને શુદ્ધ ચેતન, અદ્વૈત આત્મા અનુભવતાં. તેમના અંતરને બદલવાનો શુદ્ધ અને વિકસિત કરવાનો શિક્ષણનો આ ક્રમ ચાલી રહ્યો હતો. માન્યતાઓ અંગેના દ્દષ્ટિકોણમાં પણ સાથોસાથ ફેરફાર થતો રહ્યો અને તેમનું વ્યક્તિત્વ પણ વિકાસ પામતું રહ્યું. છતાંય હજુ પણ તેઓ અપરિપક્વ દશામાં જ હતા.

આશ્રમના નિયમ મુજબ બધા સ્નાતકો ભિક્ષાટન માટે જતાં હતાં. તે વેળા ભિક્ષા ફક્ત સત્કાર્યોના માટે, સંન્યાસીઓના ભોજનના રૂપમાં અને આશ્રમવાસી બ્રહ્મચારીઓને અનાજના રૂપમાં આપવામાં આવતી હતી. એમના સિવાય અન્ય કોઈ મનુષ્ય ભિક્ષા માગી શકતો નહીં. આશ્રમો રાજાઓના દાનથી ચાલતાં હતાં. છતાંય એ રિવાજ હતો કે સ્નાતક પોતે પોતાને સમાજનો એક બાળક સમજે, તે કદી અહંકાર ન કરે, એટલા માટે ભિક્ષાવૃત્તિ પ્રત્યેક સ્નાતકના માટે જરૂરી હતી.

નીરવ્રતને આ રીતનો આદેશ પહેલી વખત જ મળ્યો હતો. એક વખત ફરીથી તેમનો વર્ષોનો સૂતેલો અહંભાવ પુનઃ જાગી ગયો હતો. એક રાજકુમાર કદી ભિક્ષા માગી શકે નહીં. આ રીતનો પ્રતિવાદ તેમના અંતઃકરણે કર્યો હતો, પરંતુ ફરીથી તે જ- 'અથાતો બ્રહ્મ જિજ્ઞાસા....' નીરવ્રતે પોતાની મેળે જ દબાવવી પડી.

ભિખારી નીરવ્રત ભિક્ષાપાત્ર લઈને એક ગામમાં પ્રવેશ્યા. કોઈના દરવાજા પર જતાં તેમને શરમ આવતી હતી. ગામના મુખીની કન્યા વિદ્યાએ તે સંકોચ ઓળખી લીધો. તેણે એક મુઠ્ઠી અનાજ લીધું અને નીરવ્રતની પાસેના ભિક્ષાપાત્રમાં નાખવાને બદલે જમીન પર પાડી દીધું. સ્નાતકે પૂછ્યું, "ભદ્રે ! જો જાણીજોઈને અનાજ ફેંકી દેવું હતું તો તું અહીં લઈને આવી જ કેમ ?"

વિદ્યાએ હસીને ઉત્તર આપ્યો- "તાત ! હું એકલી જ નહીં, દુનિયા આખી આવું કરે છે. આપણે જીવન કોના માટે મેળવ્યું છે અને તેનો ઉપયોગ ક્યાં કરીએ છીએ ? આપણે ક્યા ઉદ્દેશથી આવીએ છીએ અને તે ઉદ્દેશ આપણને પૂરો કરવામાં કેટલો સંકોચ અને ભાર જણાય છે. તે અનાજ બહાર પાડી દેવાની માફક જ ગુનો ન થયો ?

નીરવ્રતની આંખો ખુલી ગઈ. કોઈપણ લક્ષ્યની સિદ્ધિ માટે દ્રઢતા હોવી જરૂરી છે. આવો નિર્ણય કરી લેતાં, તેમની શરમ અને અહંભાવ ઓગળી ગયો. આમ થતાં તેઓ પ્રસન્નતાપૂર્વક આગ્રહ સાથે ભિક્ષાટનના માટે આગળ વધી ગયાં.

ભિક્ષાપાત્રને આશ્રમના ભંડારમાં પહોંચાડયા પછી નીરવ્રત હવે તે બોજથી હળવા થઈ ગયા હતા, જેણે આજ સુધીનું જીવન જટિલ, ભ્રમપૂર્ણ અને અસંતોષમાં રાખ્યું હતું. નીરવ્રત જ્યારે એક સંધ્યાકાળની સંધ્યા કરવા બેઠા ત્યારે નીરવ શાંતિમાં એટલા બધા ખોવાઈ ગયા કે જેમ તેમનો બાહ્ય જીવન સાથે કોઈ સંબંધ જ ન રહ્યો હોય. તેમની ઈન્દ્રિયો, તેમનું મન, તેમની સંપૂર્ણ ચેતના, શરીરના અહંભાવથી ઉઠીને અનંત અંતરિક્ષમાં ફેલાઈ ગયાં. તેઓ હવે સંકુચિત વિસ્તારમાંથી નીકળીને અનંત આકાશનો અનુભવ કરી રહ્યા હતા. પોતાની જાતને નિર્મળ, સ્વચ્છ, ઓગળેલી, શાંત, સંતોષી અને હળવી ફૂલ અનુભવવા લાગ્યાં.

**કાદવકીચડમાં ફસાયેલી ગાય જેમ દુઃખી થાય છે તેમ પ્રલોભનોમાં ફસાયેલ નિરાશાવાદી મનુષ્ય પણ દુઃખી થાય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આજનો યુગધર્મ

મોટેભાગે લોકો "બલિદાન"નો અર્થ જીવનનું બલિદાન એમ કહે છે, પરંતુ બલિદાન હંમેશાં આત્માનો ત્યાગ કહેવાય નહીં. મનુષ્ય પરહિત માટે પોતાની સગવડો, ઇચ્છાઓ, મહત્ત્વાકાંક્ષાઓનો સહર્ષ ત્યાગ કરે છે ત્યારે તેને બલિદાન કહી શકાય છે.

મનુષ્યમાં જ્યાં સુધી વિશાળ કુટુંબ માટે પોતાના સ્વાર્થનું બલિદાન કરવા માટેની અને બીજાઓને સુખ અપાવવા માટે પોતાનો આરામ પણ છોડવાની તૈયારી ન હોય ત્યાં સુધી તેનામાં દેવત્વનો વાસ્તવિક વિકાસ શરૂ થતો નથી. બલિદાનની શરૂઆતનું પ્રથમ સોપાન કુટુંબ છે અને ત્યાર પછી સમાજ કે સંઘ આવે છે. અહીં એ વાત સર્વ લોકોએ સ્વીકારવી જોઈએ કે મનુષ્ય પર પોતાના નાના કુટુંબને બદલે સમાજને ઉન્નત અને સુખી બનાવવાની કંઈ મોટી જવાબદારી છે. સમાજના પ્રત્યેક નાગરિકને ચિંતન, ચરિત્ર અને વ્યવહારના દૃષ્ટિકોણથી શ્રેષ્ઠ બનાવવા માટેનો પ્રયત્ન કર્યો કે નહીં, આ જ એકમાત્ર બલિદાનની કસોટી છે. પ્રાચીનકાળમાં આનું લઘુ સ્વરૂપ ગ્રામ પંચાયતના રૂપમાં જીવિત હતું, જેમાં લોકો વચ્ચે એટલો ગાઢ સંબંધ રહેતો હતો કે સમગ્ર પંચાયત જ કુટુંબ કહેવાતી હતી. તેનો અર્થ એ થતો કે પંચાયત માટે પોતાના કૌટુંબિક સ્વાર્થને હોમી દેવામાં હંમેશાં તત્પર રહેવું જીવનની સર્વપ્રથમ જરૂરિયાત છે.

કુટુંબથી આગળનું બીજું વિશાળ સ્વરૂપ છે રાષ્ટ્રીય આત્મા. આધુનિક યુગમાં રાષ્ટ્રનો વિકાસ થાય એ માનવતા માટે ખૂબ જ જરૂરી છે. મનુષ્ય પોતાનું કુટુંબ અને જાતિનો સ્વાર્થ આ સમગ્ર જગતના વિશાળ હિતમાં છોડવા માટે એટલા માટે ઇચ્છે કે માનવ જાતિમાં ભાવ-સંવેદનાનો વિકાસ થઈ શકે. એનાથી પણ વિશેષ ઊંચી પૂર્ણતા છે જેના માટે કેટલાક મનુષ્યોએ પોતાને સજ્જ રાખ્યા છે, તે છે સમગ્ર માનવતાને પોતાની અંદર સમાવી લેવા માટે આત્માનો વિસ્તાર. આ અવસ્થામાં જ "વસુધૈવ કુટુમ્બકમ્"ની ઉક્તિ ચરિતાર્થ થાય છે.

કોઈપણ રાષ્ટ્રના જીવનમાં બે પરિસ્થિતિઓ આવતી હોય છે, જેમાં રાષ્ટ્ર પ્રત્યેની માનવ કર્તવ્યની વ્યાખ્યા બદલાઈ જાય છે. પહેલી પરિસ્થિતિમાં કે જ્યારે રાષ્ટ્ર પોતાનું નિર્માણ કે નવનિર્માણ કરી રહ્યું હોય છે અને પોતાના પ્રાચીન કુરિવાજો, અંધઃવિશ્વાસોને બદલવા માટે મનુષ્યોને કેન્દ્રબિંદુ માનીને તેમની પ્રગતિ અને ચારિત્રિક દૃષ્ટિકોણથી શ્રેષ્ઠ બનાવવા માટે પૂર્વ આયોજન કરતાં હોય છે. બીજી પરિસ્થિતિમાં રાષ્ટ્રનું નિર્માણ કરીને તેને શક્તિશાળી બનાવવાનું હોય છે. આ બંને પરિસ્થિતિઓમાં લોકો પ્રત્યે કર્તવ્યો અને જવાબદારીઓનું સ્તર પણ બદલાઈ જાય છે. પ્રથમ પરિસ્થિતિમાં જ્યારે રાષ્ટ્ર મનુષ્ય સામે પોતાની ઝોળી ફેલાવીને તેની મર્યાદિત મહત્ત્વાકાંક્ષાઓ, આત્મસુખ અને સંકુચિતતાના ત્યાગની માગણી કરે છે અને આશા રાખે છે કે તેના નાગરિકો કોઈ એવું પગલું નહીં ઉઠાવશે જેમાં રાષ્ટ્રદેવતાને નુકસાન થાય, પરંતુ તેના પોતાના વિસ્તારમાં રહેનારા કુટુંબીજનો, કર્મ-સ્વભાવની દૃષ્ટિએ, વૈચારિક શ્રેષ્ઠતા કેળવે. બીજી પરિસ્થિતિમાં રાષ્ટ્ર ઈચ્છે છે કે મનુષ્ય પોતે પોતાને વિશ્વબંધુત્વના રૂપમાં વિકસિત કરે, જેવી રીતે મનુષ્ય પોતે પોતાના કુટુંબમાં, કુટુંબ સમાજમાં, સમાજ રાષ્ટ્રના વિસ્તારમાં રહીને સુરક્ષિત બને છે.

આજના સમયમાં આપણી પરિસ્થિતિ પ્રાથમિક કે નિર્માણલક્ષી છે અને આ સ્થિતિમાં પ્રત્યેક નાગરિકની જવાબદારી વિશ્વ-માનવતા માટે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સવિશેષ વધી જાય છે. આ સ્થિતિમાં રાષ્ટ્રની માંગ પૂરી કરવી અનિવાર્ય છે. નવીન રાષ્ટ્રીયતાનું પ્રત્યેક કાર્ય કષ્ટ વેઠવા અને આત્મ ત્યાગ કરવા માટે પોકાર કરી રહેલ છે. સ્વતંત્રતા સંગ્રામમાં સ્વદેશીકરણ, પંચાયતીકરણ, રાષ્ટ્રીય શિક્ષણ, સ્વાવલંબન, ખાદીકરણ એટલાં જ પોકારો હતાં. આજે તેનું સ્વરૂપ બદલાઈ ગયું છે. હવે પીડા અને પતનના નિવારણના રૂપમાં દુનિયાની અડધી વસતી નારીને અધિકારો અપાવવા માટેનો પોકાર છે. તેમાં ચિંતન, ચરિત્ર અને વ્યવહારમાં શ્રેષ્ઠતાનો સમાવેશ કરીને ભાવ-સંવેદના જગાડવા માટેનું અજ્ઞાન દૂર કરવાનો પોકાર ઉઠી રહેલ છે. ઉપર્યુક્ત કાર્ય વ્યક્તિ (માનવ) અને પરિવાર (કુટુંબ)નું રાષ્ટ્રના હિત માટે અજ્ઞાન દૂર કર્યા સિવાય થઈ શકશે નહીં.

દેશની આજની પરિસ્થિતિ મુજબ બલિદાનની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. હવે બલિદાનનો અર્થ છે આત્મસુખનો ત્યાગ, વ્યક્તિગત બુરાઈઓનો ત્યાગ અને સદાશયતાનું અનુસરણ કરવું, મહત્ત્વાકાંક્ષાઓને ઘટાડવી અને લોભ, મોહ, અહંકારથી દૂર રહેવું. એની જગ્યાએ સંપર્કના ક્ષેત્રમાં શ્રેષ્ઠતાને સ્થાપવી અને તેને પ્રત્યેક મનુષ્યના મનમાં પહોંચાડવી કે જેથી મનુષ્ય દેવસમાન બની જાય અને આ પૃથ્વી સ્વર્ગ જેવી દિવ્ય બની જાય. અરવિંદના મત અનુસાર આ જ છે નવા સમાજની ભવ્ય કલ્પના, જેને તેમણે 'હ્યુમન સાઈકલ' બલિદાનનો સિદ્ધાંત પુસ્તકમાં સ્પષ્ટ કર્યું છે.

આત્મકલ્યાણ, મોક્ષ, પરમતત્ત્વની પ્રાપ્તિ વિશેની ઘણી જ ભ્રામક માહિતીઓ મનુષ્યોમાં જોવા મળે છે. સત્પ્રવૃત્તિઓનું આચરણ કરતાં રહીને મનુષ્ય પોતાનું અને બીજાઓનું હિત કેવી રીતે કરી શકે છે, એનું સુંદર ઉદાહરણ સ્કંદપુરાણની એક કથમાં મળે છે.

એક વખત કાત્યાયને દેવર્ષિ નારદને પૂછ્યું, "ભગવન્ આત્મકલ્યાણ માટે વિવિધ શાસ્ત્રોમાં વિવિધ ઉપાય-ઉપચારો બતાવવામાં આવ્યા છે. ગુરુજનો પણ પોત-પોતાની બુદ્ધિ પ્રમાણે કેટલાયે સાધન-વિધાનોનું મહત્ત્વ બતાવે છે. જપ, તપ, ત્યાગ, વૈરાગ્ય, યોગ, જ્ઞાન, સ્વાધ્યાય, તીર્થ, વ્રત, ધ્યાન, ધારણા, સમાધિ વગેરે અનેક ઉપાયોમાંથી બધા જ કરી શકવા, એકના માટે શકય નથી. વધુમાં સામાન્ય માનવી એ પણ નિર્ણય કરી શક્તો નથી કે એમાંથી કોને પસંદ કરવામાં આવે ? કૃપા કરીને આપ જ મારું સમાધાન કરો કે સૌથી સરળ અને સુનિશ્ચિત માર્ગ કયો છે ? મને અનેક માર્ગોના ભટકાવમાંથી બચાવીને સરળ આધારનો રસ્તો બતાવો."

નારદે કાત્યાયનને ઉત્તર આપતાં કહ્યું, "હે મુનિવર ! સદ્જ્ઞાન અને ભક્તિનું એક જ લક્ષ્ય છે કે મનુષ્ય સત્કર્મોમાં જોડાઈ જાય. સ્વયં સંયમી રહે અને પોતાના સામર્થ્યનો, તે નીચે પડેલાને ઉઠાવવામાં અને ઉઠેલાને આગળ વધારવામાં ઉપયોગ કરે. સત્પ્રવૃત્તિઓ જ સાચી દેવીઓ છે. જેને જે જેટલી શ્રદ્ધાની સાથે ખેંચે છે, તે તેટલી જ વિભૂતિઓ કમાય છે. આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણની સંયુક્ત સાધના કરવા માટે પરોપકારમાં ડૂબેલા રહેવું તે જ સર્વશ્રેષ્ઠ છે, ભલે મનુષ્ય કોઈ પણ આશ્રમમાં હોય."

સ્કંદપુરાણના આ વાર્તા પ્રસંગમાં કાત્યાયનની જેમ અન્ય બીજા જિજ્ઞાસુ લોકોનું પણ સમાધાન સમાયેલું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધર્મ વ્યક્તિને ગુલામ બનાવતો નથી

મોટેભાગે એવું સમજવામાં આવે છે કે ધર્મ-અધ્યાત્મ માનવીની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખીને એક તરફથી પરતંત્ર બનાવી દે છે. પછી ન તો ઈચ્છાશક્તિ પ્રમાણે કામ કરવાની સ્વતંત્રતા રહે છે કે ન તો પોતાની ઈચ્છા પ્રમાણે વિચારવાની શક્તિ, કે જેથી જીવન નીરસ અને નિયંત્રિત બની જાય છે.

પ્રથમ દૃષ્ટિએ આ આક્ષેપ સત્ય દેખાય છે. પરંતુ ઊંડો વિચાર કરવાથી એમાં કોઈ સાર જણાતો નથી. ખરેખર ધર્મનું આખરી લક્ષ્ય સ્વતંત્રતા જ છે. પરંતુ ભ્રમવશ તેવી સ્વતંત્રતાને મેળવવા માટે આપણા ઉપર શરૂઆતથી ધાર્મિક નિયંત્રણ લાગે છે, તેને જોઈને આપણે ધર્મને પરતંત્રાથી જન્મેલ તત્ત્વ માની લઈએ છીએ. પરંતુ આ માન્યતા ખોટી છે. સત્ય તો એ છે કે જો અનિચ્છનીય પ્રવૃત્તિઓ ઉપર રૂકાવટ ન આવે તો ખરેખરી સ્વતંત્રતા આપણને મળી જ શકતી નથી.

વિદ્યાર્થી પરીક્ષાની તૈયારી કરતો હોય છે, પરંતુ તે દિવસોમાં પણ તેનું બાળસ્વભાવ મન રમવા માટે અને મોજમઝા કરવા માટે કૂદતું હોય છે. માતાપિતા તેના ભવિષ્યની ચિંતા કરીને એવું કરવા માટે તેને રોકે છે, જેનાથી છેવટે બાળક પરીક્ષા પાસ કરી લે છે. માબાપની આ રોકટોકને (નિયંત્રણને) બાળક પોતાની પરતંત્રતા કહી શકે છે. પરંતુ સત્ય તો એ છે કે આ પરતંત્રતામાં પણ બાળકની છેવટની સ્વતંત્રતા છુપાયેલી છે. જો આ નિયંત્રણ દૂર કરવામાં આવે, તો શક્ય છે કે બાળક પરીક્ષા પાસ કરી શકે નહીં. પછી તેને જિંદગી પર્યંત પરાવલંબી જ રહેવું પડશે. શિક્ષણના અભાવથી શિક્ષણ સંબંધી કોઈ પણ કામ માટે ડગલેને પગલે ભણેલાગણેલા લોકોની મદદ લેવી પડશે. આથી વાસ્તવિક પરતંત્રતા આ જ છે. બાળકને શરૂઆતમાં જે લાગે છે તે પરતંત્રતા નથી. તે તો વાસ્તવિક સ્વતંત્રતા મેળવવા માટેનું સાધન છે. આ રીતે જે મનુષ્ય શરીરની જરૂરી દેખભાળ કરતો નથી તે બીમાર પડી જાય છે. તેને ડગલેને પગલે બીજાઓની મદદ લેવાની જરૂર પડે છે. મન ઉપર જે લોકોનો કાબૂ રહેતો નથી, તે લોકોનું મન વ્યસનોનું ગુલામ બની જાય છે અને સારીનરસી પ્રવૃત્તિનો તે ગુલામ બને છે. ધર્મ આની પ્રત્યે મનુષ્યને સાવચેત કરે છે. ધર્મની આ નિયંત્રણની પ્રવૃત્તિનું અંતિમ લક્ષ્ય સ્વતંત્રતા છે.

આધ્યાત્મિક દૃષ્ટિથી માનવી વ્યક્તિત્વના ત્રણ ભાગ છે - શરીર, મન અને આત્મા. આ સંદર્ભમાં ધર્મની દૃષ્ટિએ સ્વતંત્રતાનો અર્થ છે આત્માની પવિત્રતાને અણિશુદ્ધ બનાવી રાખવી, તેને સ્વયંની અપવિત્ર પ્રવૃત્તિઓથી દૂર રાખવી. ધર્મ આત્માની પવિત્રતાને માટે બહારના કાર્યોમાં નિયંત્રણ રાખવાનું સમર્થન કરે છે. તેનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે પોતાના અધિકારની ચિંતા નહીં કરતાં બીજાના અધિકારની રક્ષા કોઈપણ સંજોગોમાં કરવી જોઈએ. અધ્યાત્મમાં જરૂરી સાધનો અને અધિકારના માર્ગમાં પોતાને ગૌણ અને બીજાને મુખ્ય માનવામાં આવે છે. પરંતુ જ્યાં કર્તવ્યની વાત આવે છે ત્યાં અધ્યાત્મમાં પોતાને પ્રથમ અને બીજાઓને બીજા સ્થાન પર રાખવા માટે કહેવામાં આવે છે. જોકે ભૌતિકવાદમાં એનાથી ઊલટી માન્યતા છે. તે સૌ પ્રથમ અધિકારની વાત કહે છે, પછી કર્તવ્ય ઉપર વિચાર કરવા માટે સંમત થાય છે. આજે આવી જીવન શૈલીને માનનારા લોકો વધુને વધુ બંધનોમાં ફસાતા જાય છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મવાદે એક એવી જીવન શૈલીનો વિકાસ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કર્યાં છે કે જેના પાલનથી મનુષ્ય ધીમેધીમે બંધનમુક્ત થતો જાય છે. સાથે જ એમાં એકની સ્વતંત્રતા બીજાની સ્વતંત્રતામાં કોઈ રીતે અડચણકર્તા બનતી નથી. જે મનુષ્યને તેના પરમ લક્ષ્ય સુધી પહોંચાડે છે તે જ ધર્મ છે. મનુષ્યનું અંતિમ લક્ષ્ય એ છે કે શરીરના બંધનોમાંથી મુક્ત થઈને આત્માનું પરમાત્મામાં એક થવું. આ અંતિમ લક્ષ્ય સુધી આપણે ભૌતિકવાદનો આશરો લઈને પહોંચી શકીએ નહીં. તેનામાં એટલું સામર્થ્ય નથી કે તે તેના લક્ષ્ય માટે તેનું માર્ગદર્શક બની શકે. હા, તે ચિંતન અને કાર્યના ક્ષેત્રમાં મનુષ્યને દરેક પ્રકારની છૂટ અવશ્ય આપે છે ભલે તે સારુંખોટું કંઈ પણ વિચારે અને શુભ-અશુભ કંઈ પણ કરે, તેને એની સ્વતંત્રતા છે, પણ આ જ સ્વતંત્રતા છેવટે પરતંત્રતા બની જાય છે. એમાં ફસાઈને મનુષ્ય પોતાની અંતિમ સ્વતંત્રતાને ગુમાવી બેસે છે અને જે અંતિમ અને વાસ્તવિક સ્વતંત્રતા સુધી પહોંચી ન શકે, તેની આરંભની સ્વતંત્રતાને સ્વતંત્રતા કેવી રીતે કહી શકાય ? અધ્યાત્મ આ બાબતમાં ભલે ઉદાર દેખાતું હોય, પરંતુ તેની આ ઉદારતાની પાછળ તેનું મહાન લક્ષ્ય તેને સ્વતંત્ર બનાવવાની ભાવના છે. ઉદંડ બાળકને મારતાં જોઈને સામેવાળાને લાગે છે કે પિતા કઠોર છે, પરંતુ જેઓ બાળકની ગેરશિસ્ત અને બેજવાબદારીથી પરિચિત હોય છે તેઓ સમજી શકે છે કે આમાં પિતાની નિર્દયતા જરા પણ નથી, પરંતુ બાળકને સુધારવાનો આ માત્ર પ્રયાસ છે. આ રીતે કોઈના શરૂઆતના સ્વરૂપને જોઈને અંતિમ રૂપમાં તેને માટે કંઈ કહેવું યોગ્ય નથી. આવી પરિસ્થિતિમાં સાધ્યને ધ્યાનમાં રાખીને સાધન વિશે વિચાર કરવો યોગ્ય છે. આથી ધર્મની મર્યાદાઓના આધાર પર એમ કહેવું કે તે પરાધીનતાની તરફ લઈ જાય છે અને ભૌતિકવાદની શરૂઆતની સ્વતંત્રતાને જોઈને એમ માનવું કે તે મનુષ્યને સ્વતંત્ર બનાવે છે, જે ગેરમાર્ગે લઈ જનાર છે.

ભૌતિકવાદને કારણે મનુષ્યની પરાધીનતા ત્યારે શરૂ થઈ જાય છે જ્યારે તે જડ પદાર્થોનું દાસત્વ સ્વીકારીને તેના ઉપર આશ્રિત રહે છે. ધર્મનું કહેવું છે કે આ જ કારણે એક મનુષ્યને બીજાનું સ્વામીત્વ સ્વીકારવું પડે છે. જો મનુષ્ય ઈચ્છાઓ અને જરૂરિયાતોને કાબૂમાં રાખે તો ધીમે ધીમે તે એ બંધનોમાંથી મુક્ત થતો જાય છે અને છેવટે આખરી સ્વતંત્રતાની સ્થિતિમાં પહોંચી જાય છે. બીજી રીતે કહેવાય છે કે ભૌતિકવાદ જો ભોગના બંધનમાં ફસાય છે ત્યારે અધ્યાત્મવાદ યોગની દિશામાં લઈ જાય છે. યોગ અર્થાત્ આત્મા અને પરમાત્માનું એક થવું, મનુષ્યની શ્રેષ્ઠ સ્વતંત્રતા છે.

કેટલાક લોકો સમજે છે કે સાધનપૂર્ણ અને સમૃદ્ધ લોકો પૂરેપૂરા સ્વતંત્ર હોય છે, પરંતુ આ સત્ય નથી. મોટી રકમ સિવાય તેનું કોઈ કામ થતું નથી. વધુને વધુ ધન ભેગું કરવાની, વ્યાપારમાં નુકસાનની અને સંપત્તિને સાચવવા માટેની ચિંતા તેને હંમેશાં રહે છે. આનું તારણ એ છે કે મનુષ્ય જેટલો વધુ ધનવાન બનવા માટે પ્રયત્ન કરે છે અને વસ્તુ ઉપર જ વધુ આધારિત રહે છે, તેટલી તેની સ્વતંત્રતા ઓછી થતી જાય છે.

આનાથી ઊલટું એક સાચો અધ્યાત્મવાદી એટલા માટે આ સ્તરથી વધુ પ્રગતિ કરી ચૂક્યો હોય છે કે તેને મૌલિક જરૂરિયાતો સિવાય કોઈ અન્ય જરૂરી હોતું નથી. કેમકે તે શરૂઆતથી પોતાની ઈચ્છા-આકાંક્ષાઓ ઉપર અંકુશ રાખે છે, આથી આગળ જતાં તેને કોઈપણ બંધનમાં ફસાવવું પડતું નથી. આ રીતે તે અંતિમ રૂપે સ્વતંત્ર બનવા માટેનું પ્રથમ સોપાન પાર કરી લે છે. આ ધર્મ અધ્યાત્મની સિદ્ધિ છે.

જ્યારે લક્ષ્ય આટલું મહાન છે અને સિદ્ધાંત પણ ઊંચો છે, તો ધર્મને પરતંત્રતાનું તત્ત્વ કેવી રીતે કહી શકાય ? ખરેખર જ તે માનવીને સ્વતંત્રતા (મુક્તિ)ની તરફ લઈ જાય છે. આ જ એનું છેવટનું અને એક માત્ર જ ધ્યેય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બાળકોનું બાળપણ ઝૂંટવશો નહીં

કેટલાય બાળકો સુયોગ્ય અને સુસંસ્કૃત માતાપિતાના સંતાનો હોવા છતાંય લઘુતાગ્રંથિનો શિકાર બનેલા જોવા મળે છે અને પોતાની સહજ સ્વાભાવિક વૃત્તિથી છૂટી જાય છે. દુનિયાના મનોવૈજ્ઞાનિક અને મનોચિકિત્સકોએ કરેલા પોતપોતાના વિવિધ સર્વેક્ષણો અને અભ્યાસના આધારે તારણો કાઢેલાં છે કે મોટાભાગની પરિસ્થિતિઓમાં તે જ બાળકો પોતાની જાતીય સ્વભાવની ક્ષમતાઓને નષ્ટ કરી દે છે કે જેમને જીવનના પ્રારંભકાળથી જ લાડપ્યારના નામ ઉપર આધુનિક જમાનાની આંધળી દોડમાં ભાગ લેવા માટે છૂટ્ટો દોર આપવામાં આવે છે.

બાળકોને આધુનિકતાના રંગમાં રંગવાની મોટાભાગની ભૂમિકા ફિલ્મજગત, ટેલીવિઝન, વીડિયો અને જાહેરાતો ભજવે છે. એનું અનુમાન (અંદાજ) બાળકોના રમવાના રમકડાં અને કામકાજને જોઈને જ સહેલાઈથી કરી શકાય છે. કેટલાક સમય પહેલાં જ્યારે ગામેગામ અને ગલીઓ-શેરીઓમાં સંતાકુકડી, હુતુતુ, ગિલ્લીદંડા અને પકડદાવ જેવી દોડવાની રમતો રમાતી હતી કે જેમાં બાળકોને શારીરિક વ્યાયામનો અવસર સ્વતંત્ર રૂપથી મળતો હતો. જો શરીર સ્વસ્થ હશે તો મન પણ સ્વાભાવિક રીતે સ્વસ્થ જ રહેશે. પરંતુ આજકાલ મારફાડની સંસ્કૃતિનો પ્રચાર ખૂબ જ તેજ ગતિથી ચાલી રહ્યો છે, જેથી બાળકોના વ્યવહારમાં હિંસા અને ઉદંડતાનું પૂર આવવા લાગ્યું છે. ટી.વી., વીડિયો અને જાસુસી કોમિક્સ (ગમ્મતગુલાલ) અને મારફાડના વાતાવરણમાં બાળકોન અભિરુચિ અને મહેચ્છાઓમાં વધુ પડતું પરિવર્તન આવ્યું છે. 'ફેંટમ' અને 'બહાદુર દેડકાં' જેવા ન જાણે વિવિધ પ્રકારના કોમિક્સ આજે ચલણમાં છે, જેમાં વિવિધ પ્રકારની બુરાઈઓ અને દુષ્ટ લોકોની જીવનગાથાના જ વખાણ કરવામાં આવ્યા હોય છે. એમાં મારંમારી કરવાવાળા 'સુપરમેન' કે 'સ્પાઈડરમેન'ની સફળતાના જ વર્ણનો હોય છે. આ રીતના અનુભવો બાળકોને એક સારો માણસ તો બનવા દેતા નથી, પરંતુ એક સારો લડાયક બનવા માટે પ્રોત્સાહન આપે છે. અદ્ભુત શક્તિશાળી બનવાની આ લાલચ આગળ જતાં ભૌતિક મહત્ત્વાકાંક્ષાનું રૂપ ધારણ કરે છે. 'હી મેન', 'બેસ્ટ મેન' અને 'સ્પાઈડર મેન' જેવી ટી૦વી૦ સીરિયલોને જોવાનું પરિણામ લગભગ તેવું જ હોય છે. વીડિયો ગેમ્સમાં કારને પૂર ઝડપે દોડાવવાની અને યુદ્ધ સ્થળ પરથી હવાઈ જહાજને સુરક્ષિત કાઢવાની ક્રિયાઓ પણ બાળકોમાં આક્રોશની ભાવના પેદા કરે છે. 'પી૦ સી૦ ૧૦૦૮'ને જોયા પછી તેના મગજમાં એક જ વાત ઘુસી જાય છે કે આગળ જતાં મારે પોલિસદળમાં જોડાઈને જાસૂસીનું કામ કરવાનું છે. 'સુપર સિક્સ'માં પણ શક્તિનું પ્રદર્શન છે. સૌથી વધુ આશ્ચર્યની વાત તો એ છે કે બાળકોની શારીરિક શક્તિ સારી નહીં હોવા છતાંય પણ તેઓ પોતાની યોગ્યતાથી વધુ પડતી શક્તિ મેળવવાની મહેચ્છા જોયા કરે છે. આમાં વર્ગનો મોનીટર બનવાનું હોય કે રમતનો કેપ્ટન, કોઈ પણ પદ અથવા અધિકારને મેળવવા માટે તેમની નજરમાં લડવું-ઝઘડવું જ એક માત્ર ઉપાય હોય છે.

આધુનિક્તાના ક્લુષિત વાતાવરણે બાળકોના મનમાં એક હિંસાત્મક વૃત્તિ જન્માવી દીધી છે. જાહેરાતોમાં નાના બાળકોને વપરાશકારના સ્વરૂપમાં જ વિશેષ બતાવવામાં આવે છે. જેના લીધે આજનાં બાળકો ગાયનું દૂધ પીવાને બદલે 'વાઈટલફીસ્ટ' જેવા કૃત્રિમ ભોજનને વધારે પસંદ કરે છે. જાહેરાતોને લીધે બાળકોમાં પરસ્પર ચડસાચડસીની ભાવના પેદા થાય છે. તેઓ દરેક જાહેરાતવાળી વસ્તુની માગણી વાલીઓ સમક્ષ કરે છે. જોકે માબાપ તે બિનજરૂરી ખર્ચને જોઈને કતરાય છે. આવી સ્થિતિમાં બાળકના મનમાં માબાપ પ્રત્યે નફરતની ભાવના જન્મે છે. નાની ઉંમરમાં બાળકોનો વપરાશકારના વર્ગ તરીકે ઉપયોગ કરવાથી એક વિકૃત સમાજનું પ્રતીક બને છે, જેથી માનવ સંસ્કૃતિની જગ્યાએ વપરાશકાર સંસ્કૃતિ જોવા મળે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કુમળી વયમાં જ બાળકોનો વપરાશકારના વર્ગમાં ઉપયોગ કરવાનો અર્થ એ થાય છે કે બાળકોમાં અસ્વાભાવિક અને અપ્રાકૃતિક સ્વભાવવાળી માનસિક્તા વિકાસ પામે છે. મોટા માણસો જેવો વ્યવહાર કરવાની વૃત્તિનો જન્મ આવા ભૌતિકવાદી વાતાવરણમાં જ થાય છે. ચારપાંચ વર્ષની છોકરીઓ ભેગી થઈને અંદરોઅંદર વાતો કરતી જોવા મળશે કે મારે તો મારી ઢીંગલીના લગ્નમાં ગાર્ડનની સાડી પહેરાવવાની છે. આ રીતનો વ્યવહાર બતાવે છે કે બાળકોના ભોળપણને આજની નવા જમાનાની સભ્યતાએ ઝૂંટવી લીધું છે. નશાકારક દવાઓ અને ગર્ભ નિરોધક જાહેરાતોએ બાળકોના કુમળા મગજને એવી રીતે જકડી લીધાં છે કે સમયની પરિપક્વતા પહેલાં જ તેમનામાં કામુક્તાની ઝેરી આસક્તિ વધે છે. ખરેખર આજની જાહેરાતોએ બાળકોમાં એવી ઉત્તેજના જન્માવી છે કે જેના માટે તેમની માનસિક મનોભૂમિ તૈયાર નથી.

રમકડાંના નવા નવા નામ રાખવાની એક એવી આંધળી પરંપરા ચાલી રહી છે કે જેમાં થોડી સરખી પણ સમજદારી જણાતી નથી. એક નાની સરખી ઢીંગલીનું નામ 'બોબી' રાખવામાં આવે છે, જ્યારે એ નામથી એક ઘાતકી જનરલને સંબોધન કરવામાં આવતું હોય છે. આજકાલ બજારમાં 'રામ્બો' નામના રમકડાનું ચલણ પણ ઘણું જ છે. પરંતુ તે નામ અમેરિકા દ્વારા વિયેટનામમાં પોતાની નિષ્ફળતા સંતાડવા માટે બનાવવાનું એક કાલ્પનિક ચિત્ર છે. હોળીના તહેવારમાં 'હિટલર' નામની પિચકારી બજારમાં ખૂબ વેચાય છે.

આજકાલ આપણા કૌટુંબિક અને સામાજિક જીવનમાં ઘણું મોટું પરિવર્તન આવ્યું છે. સંકુચિત સ્વાર્થપરાયણાતાના નામ પર મનુષ્ય એટલો બધો બદલાઈ ગયો છે કે સંયુક્ત કુટુંબ અને સમાજથી બિલકુલ અલગ જેવો થઈ ગયો છે. તેનામાં પરસ્પર પ્રેમ અને સજ્જનતાનો અભાવ જણાય છે. આને લીધે બાળક પોતાના માબાપ સિવાય બીજાની સાથે હળીભળી શકતો નથી અને પરસ્પરની રમતોનો આનંદ માણી શકતો નથી, પરિણામે ટી.વી. ચાલુ કરીને બેસી જાય છે.

આજની ખામીવાળી શિક્ષણ પદ્ધતિએ બાળકો ઉપર પુસ્તકોનો બોજો વધારી દીધો છે. ભણવા માટે એટલો બધો સમય જાય છે કે તેથી તે થાકી જાય છે અને ઘેર આવીને તે સામૂહિક રમતો રમવાને બદલે ટી૦ વી૦ ચાલુ કરીને બેસી જાય છે. આપણી રહેણીકરણી અને પહેરવેશ પશ્ચિમી દેશોની સાથે ખૂબ જ મળતાં આવે છે. 'ક્લબ કલ્ચર'નો વિકાસ અને વિસ્તાર ઘણો જ થઈ રહ્યો છે. 'કિપફિટ' અર્થાત્ પોતાને ચુસ્ત-તંદુરસ્ત રાખવાની હવા નવયુવકો અને યુવતિઓની અંદર ઘણી જ ઝડપથી ચાલી રહી છે. આધુનિક વિજ્ઞાન અને મનોરંજનના સાધનોએ સમૂહ ભાવનાના વાતાવરણને નષ્ટ કરી દીધું છે. નિવૃત્ત થયેલાં દાદા-દાદી અને નાના-નાનીની ઉપયોગિતા બાળકો સમજતાં નથી.

દુનિયામાં વધારેમાં વધારે બાળકોની સંખ્યાવાળા દેશોમાં ભારતનો નંબર બીજો છે. શરૂઆતથી તેમને આપણી ગુરુકુળ પરંપરાની રહેણીકરણીની રીતભાત, સંસ્કૃતિ, જીવનશૈલી, શિસ્ત અને જીવવાની કળાનું ઉપયોગી શિક્ષણ આપવામાં આવે, રચનાત્મક દિશા મળે તો તેઓનો સહજ સ્વાભાવિક વિકાસ શક્ય છે. ત્રણ વર્ષ સુધી બાળકો પર બહારની દુનિયાની કોઈ અસર થતી નથી. બાળકોની રુચિ માત્ર પોતાના શણગાર અને રમવાનાં રમકડાં સુધી મર્યાદિત હોય છે. પરંતુ જેમ જેમ ઉંમર વધતી જાય તેમ બાળકો સારાનરસાની ભાવના શીખી જાય છે. તેમના કુમળા મગજ ઉપર પોતાના માટે અને બીજાને માટે ભાવનાત્મક ખેંચાણ વિકાસ થવા લાગે છે. તેઓ બહારની દુનિયાની કામગીરીમાં ભાગ લેવા ઇચ્છા કરે છે. સાચા વાલીઓની ફરજ છે કે તેઓ બાળકોના સ્વાભાવિક વિકાસ પ્રત્યે ધ્યાન આપે અને આધુનિક્તાની આંધળી દોટમાંથી બચાવીને બાળસુલભની કામગીરી તરફ જવાની પ્રેરણા આપે, જેથી તેમનું બાળપણ ઝૂંટવાઈ ન જાય.

❑



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## રામકથાની પ્રબળ પ્રેરણા
# દાંમ્પત્ય જીવનમાં સુખ-મિત્રતા

**(રામકથા કરોડો ભારતીયોને માટે ધર્મ, અધ્યાત્મ, નીતિ, સદાચાર, જ્ઞાન, વૈરાગ્ય, વ્યવહાર અને રાજનીતિ વગેરેની યોગ્ય પ્રેરણાઓનો સ્રોત છે. ગાયત્રી તપોભૂમિ, મથુરામાં ૮ સપ્ટેમ્બર ૧૯૬૮ના પ્રાતઃકાળે આપેલું પ્રવચન (ત્રીજો હપ્તો))**

દેવીઓ અને ભાઈઓ,

આજે આપણા રામાયણ પ્રવચનનો ત્રીજો દિવસ છે. નૈતિક શિક્ષણનું પાલન ઘરના વ્યવહારને મધુર બનાવે છે. આ બધું શ્રીરામજીના ચરિત્ર દ્વાર શીખવવામાં આવી રહ્યું છે. ઘરમાં પતિ-પત્નીના સંબંધો બરાબર રહેશે, તો ત્યાં બાળકો પણ ઠીક રહેશે, મન પણ શુદ્ધ રહેશે. જો પતિ-પત્નીમાં દ્વેષ રહેશે તો ઘર નરક બની જશે. ઘરોમાં પતિ-પત્નીના સંબંધો ઠીક રાખવામાં આવે. આજકાલ જોવામાં આવે છે કે દોષ મોટેભાગે સ્ત્રી પર જ નાખવામાં આવે છે. ખરી વાત તો એ છે કે સ્ત્રીના કરતાં પુરુષની જવાબદારી વધુ હોય છે. પતિ જો બરાબર હોય તો પત્ની પણ બરાબર હોય છે.

એકવાર સંત તુકારામ ખેતરમાંથી શેરડીનાં સાંઠા લઈને ઘેર આવી રહ્યા હતા. રસ્તામાં ગામનાં નાનાં બાળકો શેરડી માગવા લાગ્યાં. સંતજી એક એક સાંઠો વહેંચતા ઘરે આવ્યાં. ફક્ત એક સાંઠો વધ્યો હતો, તેને જ ઘેર લાવ્યા. તેમની પત્ની જરા તેજ મિજાજવાળી હતી. વાતચીતમાં તુકારામ પર નારાજ થતી હતી. તેણે જોયું કે પતિ એક જ સાંઠો લઈને ઘેર આવી રહ્યા છે, તો ગુરુજીને પૂછ્યું કે બાકીના સાંઠા ક્યાં ગયા ? સંતજીએ કહ્યું કે રસ્તામાં બાળકોને વહેંચી દીધા. પત્નીએ આડુઅવળું કશું જોયા વગર સંતજીના હાથમાંથી એ સાંઠો ખુંચવી લીધો, પછી શું કર્યું ? તેમની પીઠ પર ફટકાર્યો. શેરડીના બે ટુકડા થઈ ગયા. સંતજીએ પ્રસન્નતાથી કહ્યું, 'હે ઈશ્વર, તારી લીલા પણ અપાર છે. શેરડી એક જ હતી, પણ બરાબર બે ભાગોમાં વહેંચી આપી. કેટલો ન્યાય કર્યો. હવે અમે પતિ-પત્ની બંને સરખો ભાગ ચુસીશું.' પત્નીનો ક્રોધ શાંત થઈ ગયો. પતિ જ્યાં આવો વ્યવહાર કરતો હોય તે ઘરમાં ક્યારેય કલેશ થઈ શકે ખરો ?

જો પત્નીને ક્રોધ પણ આવી જાય તો સૂઝબૂઝવાળો વ્યવહાર કુશળ પતિ આ રીતે પોતાની પત્નીનું પણ મન જીતી લેશે. જ્યાં પુરુષ બુદ્ધિશાળી હોય છે, ત્યાં ઝગડા નથી થતા, પરંતુ જ્યાં પતિ અહંકારી હોય છે, કારણ વગર રોફ જમાવે છે, ત્યાં ગૃહ કલેશ થાય છે.

શ્રીરામચંદ્રજીની પત્નીનું નામ સીતા છે. તેમનું નામ આજે પણ આદર્શ નારીના રૂપમાં લેવામાં આવે છે. જો કોઈ સ્ત્રી ખૂબ ગુણવાન અને વ્યવહારકુશળ હોય તો કહે છે - "એ તો સીતા છે." રામચંદ્રજી આદર્શવાદી હતા. જો ઝગડાળુ સ્વભાવના હોત તો સીતાજી પણ એવા જ હોત. રામચંદ્રજી હંમેશાં નમ્રતાનો વ્યવહાર કરતા હતા. રામચંદ્રજીએ જ્યારે સીતાજીને વનવાસ મોકલ્યા ત્યારે બીજી સ્ત્રી હોત તો નારાજ થઈ જાત, પરંતુ સીતાજીને એક શબ્દ પણ ન કહ્યો. આવી મનોભૂમિ બનાવનાર શ્રીરામચંદ્રજી જ હતા.

રામચંદ્રજીનો વિવાહ ગુરુ વશિષ્ઠ યોજી રહ્યા હતા. તે વખતે રામચંદ્રજીએ પ્રતિજ્ઞા કરી કે હે સીતા ! તમે પવિત્ર મનથી પતિવ્રતનું વ્રત લીધું છે, તેવી જ રીતે હું પણ પત્નીવ્રત નિભાવીશ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્ત્રી-પુરુષ બંનેએ વ્રતનું પાલન કરવું જોઈએ. પત્નીએ પતિવ્રત તથા પતિએ પત્નીવ્રતનું પાલન કરવું જોઈએ. નિયમ બંને માટે એક - કોઈ પત્ની પોતાના પતિને અપશબ્દ ન બોલે, પતિ પોતાની પત્નીને ધિક્કારે નહીં. બંનેનો વ્યવહાર સરખો રહેવો જોઈએ. પતિ-પત્ની જ્યારે સારી રીતે રહે તો ગૃહસ્થની ગાડી બરાબર ચાલતી રહે છે. એક પૈડું મોટું અને એક પૈડું નાનું હોય તો ગાડી સારી રીતે ચાલી શકતી નથી. ભગવાન રામચંદ્રજીએ સૌને દાંપત્યજીવન જીવવાનું શિક્ષણ આપ્યું છે. અયોધ્યામાં બધાને એક પત્નીવ્રત હતું. આ સ્વર્ગ રામચંદ્રજીએ બનાવ્યું હતું. આજે આ દાંપત્યજીવનનો આદર્શ ઘર-ઘરમાં લાવવો જોઈએ.

વનવાસ જતી વખતે શ્રીરામચંદ્રજીએ સીતાજીને કહ્યું - 'તમે અહીં રહો', પણ જ્યારે જોયું કે તેનાથી સીતાજીને સંતોષ થયો નથી, તો કહ્યું - 'તમારું મન ન માનતું હોય તો ચાલો.' ત્યારે સીતાજી સાસુના ચરણસ્પર્શ કરી ચાલી નીકળ્યા. કેવો પ્રેમ હતો શ્રીરામનો સીતાજી પ્રત્યે ? જ્યારે વનવાસમાં સીતાજીએ સુવર્ણમૃગ જોયું તો તેને મારવા માટે કહ્યું. શ્રીરામચંદ્રજી હરણને મારવા માટે ચાલ્યા ગયા. તે જ વખતે રાવણ સીતાજીનું હરણ કરી ગયો. શ્રીરામચંદ્રજીને પાછા આવતાં સીતાજી ન મળ્યાં તો કેટલા દુઃખી થયા ? રામચંદ્રજી ખૂબ દુઃખી થયા અને સીતાજીના વખાણ કરવા લાગ્યા. ગુણોના વખાણ કરી રહ્યા હતા, તો સીતાના રંગ રૂપની પ્રશંસા નહોતા કરી રહ્યા. એવું નહોતા કહી રહ્યા, કે સીતા હોઠી પર લાલી લગાવતી હતી, બનારસી સાડી પહેરી હતી, આવો શણગાર કરતી હતી. તેઓ આવું કંઈ નહોતા કહી રહ્યા. રામચંદ્રજી ગુણોની ખાણ સમા સીતાજીને યાદ કરી રહ્યા હતા. શીલવાન, વ્રતશીલ, નિયમ અને મર્યાદાનું પાલન કરનાર સીતા ક્યાં ગઈ ? જાનકી ! જ્યારથી તું વનમાં આવી ત્યારથી વન સુંદર બની ગયા હતા. વેલીઓ, વૃક્ષો, બધું ફુલવા, ખીલવા લાગ્યું હતું, પશુ, પક્ષી, હરણ બધાં રામચંદ્રજીને પૂછે છે, કે શું તમે સીતાને જોયા છે ? સીતા ક્યાં ગઈ ! રામચંદ્રજીનો સીતા પ્રત્યે કેટલો અગાધ પ્રેમ હતો ?

જ્યારે હનુમાનજી અશોકવાટિકામાં પહોંચે છે ત્યારે સીતાજી પણ રામના ગુણોને યાદ કરી પૂછે છે - 'મારા પ્રાણથી પ્રિય, કોમળચિત્ત તથા પ્રેમ કરનારા રામ કુશળ તો છે ને ?' હનુમાનજી કહે છે, - 'હે માતા ! શ્રીરામચંદ્રજી તથા શ્રીલક્ષ્મણજી કુશળ તો છે, પણ તમારા દુઃખથી તેઓ બહુ જ દુઃખી છે. તમારા દુઃખોને જ્યારે યાદ કરે છે, ત્યારે બહુ જ વ્યાકુળ થઈ જાય છે.' રામચંદ્રજીની મનઃસ્થિતિનું વર્ણન કરતાં તેઓ કહે છે - 'હવે તમને પવન પણ સાપના ફુંફાડા જેવો, વાદળ તપેલું અને પાણી આગ જેવું પ્રતીત થાય છે. હે માતા, સીતા ! તેમનું મન તો હંમેશાં આપની પાસે જ રહે છે.' આજકાલ તો પત્ની બીમાર પડી હોય અને પતિદેવ સિનેમા જોવા જાય છે. પત્નીના દુઃખમાં પણ પતિને કષ્ટ ન થાય તો એવા વ્યક્તિ પથ્થર દિલના હોય છે.

સૂર્પણખા વનમાં રામચંદ્રજી પાસે આવીને લગ્નનો પ્રસ્તાવ મૂકે છે - 'હું કેટલી સુંદર છું. મને મારા જેવો કોઈ સુંદર પતિ મળ્યો નથી.' તમે પણ સહેજ કાળા છો, પણ તમને જોઈને કંઈક સંતોષ છે.' રામચંદ્રજીએ કહ્યું - મારું તો લગ્ન થઈ ગયું છે. જો કોઈ અવિવાહિત હોય તો જુદી વાત છે, પરંતુ લગ્ન થઈ ગયા બાદ બીજા લગ્નનો સવાલ પેદા થતો નથી.' આજકાલ તો લોક ગમે તેની બહેન-દીકરીને ખરાબ નજરથી જુએ છે, ભલે કોઈ લગ્નનો પ્રસ્તાવ કરે કે ન કરે. રામચંદ્રજીએ ક્યારેય પણ કોઈ સ્ત્રીને ખરાબ ભાવનાથી જોઈ નથી. **"જનની સમ જાન હિં પર નારી."** ભગવાન આત્મવિશ્વાસ સાથે કહે છે-

**મહો અતિશય પ્રતીતિ મન કેરી ।**
**જેહિં સપનેહું પર નારી ન હેરી ॥**

સ્વપ્નમાં પણ કદી પર સ્ત્રીને જોઈ નથી.

ઘરનું બધું કામ સીતાજી જ કરતા ન હતા. રામચંદ્રજી પણ ઘરનું કામ સાથે સાથે કરાવતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હતા. રામચંદ્રજી કહે છે - 'અહીં તારા માટે ઘરેણાં કયાંથી લાવું ? ટેરીલીનની સાડી પણ નથી. લો ! તમારા માટે ઘરેણાં બનાવી લાવ્યો. કહી ફૂલમાળાઓના ઘરેણાં પહેરાવી રહ્યા છે.' આપ કહો છો કે પત્ની ક્યારે હસતી નથી, અરે આપ પણ કદી હસ્યા છો ? તમે કદી પત્નીને ચા બનાવીને પીવડાવી ? તમારે પત્ની સાથે સારો વ્યવહાર કરવો જોઈએ. એક વાર ઈન્દ્રનો પુત્ર જયંત કાગડાનું રૂપ લઈ પરીક્ષા કરવા આવ્યાં - એ જોવા કે રામને સીતા પ્રત્યે કેટલો પ્રેમ છે ? કાગડાએ સીતાજીના પગમાં ચાંચ મારી. પગમાંથી લોહી વહેવા લાગ્યું. રામચંદ્રજીને અત્યંત ક્રોધ આવ્યો. તેમણે તીર છોડ્યું અને કાગડાએ ક્ષમા માગ્યા પછી જ માફ કર્યો. જ્યારે સીતાજી રામચંદ્રજીની સાથે વનવાસ જવા માટે કહેવા લાગ્યા, તો રામચંદ્રજીએ કહ્યું - 'હું ઈચ્છું છું કે તને સુખ મળે. અહીંયાં દૂધ, ઘી બધું જ મળશે. રહેવા, જમવાની જે સુખ-સુવિધાઓ અહીંયાં છે, તે વનમાં નહીં હોય. સીતા, વનમાં ઘણી કઠિનાઈઓ છે. ઠંડી, ગરમી, વરસાદને સહેવા પડશે. રાક્ષસો માણસોને ખાઈ જાય છે. વનમાં હજારો કષ્ટ આવે છે.' સીતાજી જવાબ આપે છે 'હે પતિદેવ ! જ્યારે હું આપની સાથે રહીશ તો કોણ આંખ ઉઠાવી શકશે ? મને મારા પતિ પર વિશ્વાસ છે કે તેઓ મારી રક્ષા કરશે.' આવું કેમ ? એટલા માટે કે તેઓ રામના સ્વભાવ અને આદર્શને સારી રીતે જાણતાં હતાં.

હનુમાનજીએ વાલી, સુગ્રીવની વાત સંભળાવી અને ભગવાન રામચંદ્રજીએ વાલીને મારી નાખ્યો. સુગ્રીવે વચન આપ્યું હતું કે હું સીતાજીની શોધ કરવા જઈશ, પરંતુ જ્યારે સુગ્રીવ ન આવ્યા તો રામચંદ્રજીને પીડા થવા લાગી. કહે છે કે ચાર મહિના વીતી ગયા, હજુ સુધી સીતાજીની ભાળ મળી નથી. મને ખબર પડી જાય તો હું કાળ સાથે પણ લડીશ. પત્ની પ્રત્યે આવી વ્યથા હોવી જોઈએ.

હનુમાનજીએ સીતાજીની ભાળ મેળવી લીધી છે, એવા સમાચાર સાંભળી રામચંદ્રજી ખૂબ પ્રસન્ન થાય છે અને હનુમાનજીને તેમની કુશળતા જણાવવા માટે કહે છે. હનુમાનજી કહે છે - 'હે દીનદયાળ ! માતા સીતા કેટલાં દુઃખી છે, એ જો હું આપને કહીશ તો આપને અત્યંત દુઃખ થશે. આપના વિના માતા સીતા બહુ જ વ્યાકુળ છે, બહુ જ દુઃખી છે. આપણે સીતા માતાને જલદીથી લઈ આવવા જોઈએ.' સીતાજીના દુઃખના સમાચાર સાંભળી રામચંદ્રજીની આંખોમાં પાણી આવી ગયું. પતિ આવો હોવો જોઈએ. આજકાલ પત્ની બીમાર હોય તો કહે છે દવા માટે પૈસા નથી. સિનેમામાં, કોકાકોલામાં, બીડી- સિગારેટમાં પચ્ચીસ રૂપિયા ખર્ચી નાંખે છે. પત્ની કહે છે, તાવ છે, તો પતિ મહાશય કહે છે - 'જ્યારથી પરણીને લાવ્યો છું ત્યારથી તું કદી સાજી જ રહેતી નથી. સવારે નાહી લીધું હશે એટલે તાવ આવી ગયો હશે.' મનુષ્ય એ છે કે પત્નીના ખાવા-પીવાનું, દવાનું ધ્યાન રાખે. પોતે તો શેર દૂધ પી જશે અને પત્નીને પાશેર પણ નહીં, જ્યારે કામ તે ખરેખર તમારાથી વધારે કરે છે. જેમના મન એવાં હોય છે તેમનું દાંપત્યજીવન કેવી રીતે સુખી રહી શકે ?

જ્યારે રાવણને મારીને રામચંદ્રજી સીતાજી સહિત અયોધ્યા પાછા આવે છે, તો સીતાજીને બતાવે છે કે અમે અહીં શ્રી રામેશ્વરની સ્થાપના કરી હતી. પુલ બનાવ્યો હતો. બધા સંબંધિત સ્થળો બતાવતા જતા હતા. આજકાલ તો સ્ત્રી કહે, 'ગોવર્ધન જવું છે', - તો પતિ મહોદય કહે છે - 'ચાલ ક્યાં જઈશ. આ મારી જન્મભૂમિ છે. જન્મભૂમિથી મોટું કોઈ તીર્થ નથી.'

દાંપત્યજીવનને સુખી બનાવવું હોય તો પતિ-પત્ની બંનેએ એક બીજાના સુખ-દુઃખનું ધ્યાન રાખવું જોઈએ. બંને એક રથના બે પૈડાં છે. તેનાથી જ સુખી ગૃહસ્થ જીવનનો રથ ચાલે છે. રામાયણમાંથી પતિ-પત્નીના સહજીવનના આદર્શ અને સિદ્ધાંતની પ્રેરણા લેવી જોઈએ. ત્યારે જ આપણું કુટુંબ સ્વર્ગ જેવું બની શકે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરુદેવનો ગુરુદેવને સાક્ષાત્કાર

(યુગ નિર્માણ યોજના દ્વારા થોડા સમય પહેલાં જ પ્રકાશિત થયેલ 'પ્રજ્ઞાવતાર હમારે ગુરુદેવ' (લેખક પં૰ લીલાપત શર્મા)માં પરમ પૂજ્ય ગુરુદેવના લીલા પ્રસંગોનો સવિસ્તાર શબ્દદેહ આપવામાં આવ્યો છે. ઘણી ઘટનાઓનો તો પહેલી જ વાર ઉલ્લેખ થયેલો છે. રોચક અને પ્રેરક શૈલીમાં લખાયેલ આ પુસ્તકનો એક અધ્યાય 'સાક્ષાત્કાર'ના કેટલાંક અંશો અહીં રજૂ કરવામાં આવ્યાં છે.)

સંવત ૧૯૮૨ (સને ૧૯૨૬)નો મહા મહિનો અડધો વીતી ગયો હતો. શુક્લ પક્ષ શરૂ થતાંની સાથે જ શ્રીરામ પોતાનો વધારેમાં વધારે સમય પૂજાની ઓરડીમાં વિતાવવા લાગ્યા. સંધ્યા, ઉપાસના અને જપ વગેરેમાં તે એટલો જ સમય લાગતો. પરંતુ કોણ જાણે કેમ તેમનું મન તેમને તે રૂમની બહાર જવા દેતું ન હતું. કોઈ કારણ સમજાતું ન હતું, પરંતુ મન તો ત્યાં જ અથવા તેની આસપાસ જ રહેવા માગતું હતું. એ દિવસોમાં આગ્રામાં એક મહત્ત્વપૂર્ણ રાજનૈતિક સભા પણ થવાની હતી. તેનો સંબંધ તે પહેલાના કાર્યક્રમો સાથે હતો અને શ્રીરામને પોતાની ટોળી સાથે ત્યાં સ્વયંસેવક તરીકે રહેવાનું હતું. પરંતુ તેઓ ત્યાં ન ગયા. પૂજાની ઓરડી જાણે કે તેમને છોડવા જ તૈયાર ન હતી. તેઓને ત્યાં અથવા તો પૂજાની ઓરડીની આસપાસ રહેવાનું મન થતું હતું.

શુક્લ પક્ષ (સુદ)ની પાંચમ ભગવતી સરસ્વતીનો અવતરણ દિવસ હતો. પ્રકૃતિના શ્રૃંગારનું પર્વ હતું. કવિઓએ આ દિવસ વિષે અસંખ્ય કલ્પનાઓ કરી છે અને અનેક ચિત્રો ખેંચ્યાં છે. ચારેબાજુ ખીલેલાં ફૂલ, લદાયેલાં ફળ અને ફૂટેલી કૂણી કુંપળો કુદરતમાં એક નવસર્જનના જાણે કે ગણેશ માંડી રહી છે. નિસર્ગમાં જાણે કે એક નવા સત્રના શ્રીગણેશ મંડાઈ રહ્યાં છે. સંસ્કૃત કવિઓએ તો ત્યાં સુધી લખ્યું છે કે સર્જનનાં દેવતા કામદેવ આ દિવસોમાં પોતાની બધી જ કલાઓને પ્રકટ કરી પ્રાણીઓના મનમાં ક્રીડા કૌતુક જગાડી રહ્યા છે. પ્રકૃતિ વિનોદ કરવા લાગે છે અને તેનાં સદસ્યો યુગલ બનાવવામાં, પોતાનો વંશ વિસ્તાર કરવામાં અને નવી રચનાઓ કરવામાં લાગી ગયાં છે.

કલાકાર આ દિવસોમાં નવી કૃતિઓ રચવામાં લાગી જાય છે. તેઓની અંદર ઉમટી રહેલી સર્જનની પ્રેરણા તેઓને ભગવતી સરસ્વતીની કૃપાનો અનુભવ કરાવે છે. યોગીઓએ આ દિવસને નવો પુરુષાર્થ કરવાનો અને સાધનાના સમરાંગણમાં નવો મોરચો ખોલવાનો દિવસ માનેલો છે. પહેલેથી આ બાબતમાં કંઈપણ સ્પષ્ટ ન હતું. પરંતુ શ્રીરામનું મન આ દિવસે પોતાના પૂજાની ઓરડીમાં જ લાગેલું રહ્યું. તેથી કંઈક વિલક્ષણ બનવાનું તો હતું જ. જે કંઈ બન્યું તે વિલક્ષણ અને અનાયાશ જ બન્યું હતું. પરંતુ એ કહેવુ કઠિન ગણાય કે દિવ્ય સત્તાએ અચાનક જ આનો નિર્ધાર કરી લીધો. તે દિવસે શ્રીરામ દરરોજની માફક સવારે ઉઠયા. સ્નાન વગેરેથી નિવૃત્ત થઈ સાધનાની ઓરડીમાં ગયા. મનમાં એક પ્રકારનો ન સમજી શકાય તેવો ઉલ્લાસ છવાયેલો હતો. પવિત્રીકરણ, પ્રાણાયામ, અઘમર્ષણ, માર્જન, અર્ધ્ય અને ઉપસ્થાન વગેરે કર્યા બાદ જપ શરૂ કર્યા. જપમાં સવિતા દેવીના તેજસ્વી મંડળના ધ્યાનમાં ઈષ્ટ અને ઉપાસક બંને એકાકાર બની જતાં. ઉપાસકની કોઈ જુદી સત્તા જ રહેવા જ પામતી ન હતી. તે દિવસે પણ જપ સંખ્યા પૂરી થતાં સુધીમાં શ્રીરામની ચેતના સવિતા દેવતામાં - ગાયત્રી માતાના સ્વરૂપમાં એકરૂપ થઈ ગયેલી હતી. જપ સંખ્યા પૂરી થઈ અને જપ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિવેદન કર્યું. **'અનેન ગાયત્રી જપાખ્યેન ભગવાન સૂર્યનારાયણાય પ્રીયતાં મમ'.** સમર્પણ કર્યા બાદ હજુ તો બે હાથ જોડયા હતા ત્યાં જ એટલામાં જ રૂમમાં આંજી નાખે તેવો પ્રકાશ છવાઈ ગયો. એવું લાગવા માંડયું કે જાણે કેટલાયે સૂર્ય એકી સાથે ચમકી ઉઠ્યા હોય. આ પ્રકાશને આંખો ફક્ત એક ક્ષણ પૂરતો જ જોઈ શકી. આંખ આંજી નાંખે તેવો પ્રકાશ એટલો તેજ હતો કે તે ક્ષણ પછી તરત જ આંખો મિંચાઈ ગઈ. કશું જ દેખાતું હતું. સંધ્યાના બાકી રહેલાં કર્મકાંડ પૂરાં કરવાનું ભૂલી ગયા. વિસર્જન અને સંધ્યા નિવેદન પછીનું પ્રદક્ષિણા કર્મ હજુ બાકી હતું. પ્રકાશના આ ભયંકર વિસ્ફોટે ચિત્ત ચેતનાને ભયગ્રસ્ત કરી દીધાં. ગળમાંથી ચીસ નીકળવા લાગી હતી, પણ ચીસ પાડી શકાઈ નહીં. ફક્ત ધીમો દબાયેલો અવાજ જ નીકળી શક્યો. પરંતુ આ પરિસ્થિતિ વધારે વખત ના રહી શકી. ગુરુદેવ કહ્યા કરતા હતા કે ગીતાના અગિયારમાં અધ્યાયમાં ભગવાન કૃષ્ણે અર્જુનને વિરાટરૂપ દેખાડ્યું હતું. તેના વર્ણનમાં કરોડો સૂર્ય એક સાથે ચમકી ઉઠવાનો ઉલ્લેખ આવે છે. વસંતપંચમીના દિવસે પોતાની સાધનાની રૂમમાં પ્રગટ થયેલ તે પ્રકાશને જોઈને આ ઉલ્લેખ જ યાદ આવી જાય છે. તરત જ સ્થિતિ સામાન્ય થઈ ગઈ અને ઓરડીમાં એક સૌમ્ય તેજસ્વી આકૃતિ પ્રગટ થઈ. કૃશકાય, લાંબી અને જટાધારી આ આકૃતિ આખી દિગંબર (નગ્ન) હતી. તેને જોઈ તો આશ્વાસનનો ભાવ જાગૃત થયો. થોડી ક્ષણો પહેલાં જે ભય વ્યાપી રહ્યો હતો તે છૂટી ગયો. તે આકૃતિને જોઈને એક અજબ ઉલ્લાસ છવાઈ ગયો. ઉડીને તેના ચરણસ્પર્શ કરવાની ઈચ્છા થઈ. પણ તેઓએ ઈશારાથી બેસી રહેવાનું કહ્યું.

તે આકૃતિ નજીક આવી. નજીક આવવા માટે કોઈ પ્રયાસ ના કરવો પડયો. તેઓ નજીક આવ્યા. એવું કહેવાને બદલે ગુરુદેવ અને તેમની વચ્ચે જે થોડુંઘણું અંતર હતું તે આપમેળે જ ઓછું થઈ ગયું એમ કહેવું વધારે સારું લાગશે. થોડાક જ નજીક આવતાંની સાથે જ અંતઃકરણમાં બોધ જાગૃત થયો. બોધ થવા લાગ્યો કે આ આકૃતિ પાછલા કેટલાયે જન્મોથી પોતાની માર્ગદર્શક સત્તા છે. સ્થૂળરૂપે હિમાલયના સિદ્ધ ક્ષેત્રમાં નિવાસ કરનારી અને સૂક્ષ્મરૂપે કોઈપણ જગ્યાએ જવા આવવાની શક્તિ ધરાવનારી આ દિવ્ય આત્મા કોઈ વિશિષ્ટ પ્રકારનો જ આદેશ આપવા માટે આવી છે. સિદ્ધ આત્માએ મુખથી કંઈ જ કહ્યું નહીં. માથા ઉપર હાથ મૂક્યો અને એવું લાગવા માંડયું કે તે રૂમમાં બેઠેલા શ્રીરામનું આખું અસ્તિત્વ જ જાણે કે શ્રવણેન્દ્રિયમાં બદલાઈ ગયું. શરીરનું રોમેરોમ જાણે કે સાંભળવા લાગ્યું અને માર્ગદર્શક સત્તાના સ્પર્શથી સંવાદો અને સંદેશાઓની અસંખ્ય હજારો ધારાઓ વહેવા લાગી. તેઓ મુખથી કંઈ જ બોલ્યા નહીં, પરંતુ જે સાંભળવામાં આવ્યું અને અનુભવવામાં આવ્યું તે સમગ્ર અને સંપૂર્ણ હતું. તે પછી પણ તેમણે કેટલીયે રીતે લખવાની તથા કહેવાની ચેષ્ટા કરી પરંતુ દરેક વખતે એવું લાગ્યું કે તે સંબંધમાં ફક્ત સંકેતો જ કરવામાં આવ્યા હોય. તે વાતને સંપૂર્ણપણે રજૂ કરવી સરળ નથી. આ દિવ્ય સ્પર્શે પહેલા તો સ્મૃતિ જગાડી. પાછલા ત્રણ જન્મોની ઘટનાઓ એક જ ક્ષણમાં આંખોની સામે ઘૂમવા લાગી. આમ તો બીજા પણ અનેક જન્મોમાં આ સમર્થ સત્તાનું માર્ગદર્શન અને સંરક્ષણ મળતું હશે. પરંતુ જે ત્રણ જન્મોની સ્મૃતિ ઉપસી આવી તેમાં પહેલો જન્મ સંત કબીરદાસનો હતો (સને ૧૩૯૮ થી ૧૫૧૮). બીજો જન્મ સમર્થ ગુરુ રામદાસનો (સને ૧૬૦૮થી ૧૬૮૨) અને ત્રીજો જન્મ રામકૃષ્ણ પરમહંસના જીવનનો હતો (સને ૧૮૩૬થી ૧૮૮૭). આ ત્રણે જન્મોમાં તેમને, ધર્મના નામે ચાલી રહેલી વિટંબણાઓ અને ગૂઢતાઓનું ઉચ્છેદન અને મહાન માનવીઓનું ઘડતર અને સંગઠનનું કામ કરવું પડયું હતું.

* * *

પૂજ્ય ગુરુદેવ ઘણીવાર કહેતા કે આ ત્રણ જન્મ કે જેની સ્મૃતિ તમને દેખાડવામાં આવી તે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મુખ્ય હતી. વચ્ચે વચ્ચે બીજા પણ કેટલાક મહત્ત્વપૂર્ણ જન્મ લેવા પડયા હતા પરંતુ તે જન્મો આ ત્રણ જન્મો જેવા પ્રખ્યાત કે અતિશય મહત્ત્વપૂર્ણ ન હતા. તેના માધ્યમથી પ્રસ્તુત જીવનની સમગ્ર રૂપરેખા સમજાવવાનો પણ કદાચ તે દિવ્ય માર્ગદર્શક સત્તાનો ઉદ્દેશ રહ્યો હોય. ફક્ત ત્રણ જન્મોનો વૃત્તાંત જ બતાવવમાં આવ્યો.

સ્મૃતિઓની જાગૃતિની સાથે જ પ્રેરણા પ્રવાહો પણ ઉમટયાં. ચૌવીસ વર્ષ માટે કઠોર તપશ્ચર્યાનો આદેશ મળ્યો. ગાયત્રી મહામંત્રની તિતિક્ષાથી ભરેલી સાધના કરવાની હતી. દરરોજ ચારથી છ કલાક મહામંત્રનો જાપ અને દર વર્ષે ૨૪ લાખનું એક મહાપુરશ્ચરણ કરતાં કરતાં ૨૪ વર્ષમાં ૨૪ મહાપુરશ્ચરણો કરવાના. તપશ્ચર્યાના દિવસો દરમિયાન જવની રોટલી અને ગાયના દૂધથી બનેલી છાશ ઉપર ગુજારો કરવો. જમીન અથવા પાટ ઉપર સૂવાનું. સંયમ નિયમપૂર્વક રહેવાનું. દિનચર્યામાં પૂરેપૂરું સ્વાવલંબન એટલે કે પોતાનું કામ પોતાની જાતે જ કરવાનું.

વચ્ચે કેટલોક સમય સ્વતંત્રતા આંદોલનમાં ભાગ પણ લેવાનો. ગાયત્રી અને યજ્ઞને આધાર બનાવી યુગાન્તરીય ચેતના ઉત્પન્ન કરવાલાયક સામર્થ્ય એકઠું કરવું. આ તપનો ઉદ્દેશ છે. તે ચેતનાને જગાડવાનો સંકલ્પ જીવંત અને જાગૃત રહે તે માટે પૂજાની ઓરડીમાં અખંડ દીપક પ્રગટાવવો. દીપકમાં ફક્ત ગાયના ઘીનો જ ઉપયોગ કરવો. કલમ, વાણી, સંપર્ક અને આચરણ તે ચેતના માટે જ સમર્પિત કરવાં. વચ્ચે વચ્ચે જ્યારે બોલાવવામાં આવે ત્યારે હિમાલયની સિદ્ધભૂમિમાં પણ આવતા રહેવાનું છે. મહાપુર-શ્ચરણોની શ્રૃંખલા પૂરી થઈ ગયા બાદ પૂર્ણાહુતિમાં સહસ્ત્ર કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું વિરાટ આયોજન કરવું. તે પહેલાં ગાયત્રી તીર્થની સ્થાપના કરવી અને પોતાના કામકાજનું કેન્દ્ર બનાવવું.

એક પછી એક પ્રેરણાઓ ઉભરાવવા લાગી. એટલું જ નહીં પણ પ્રેરણાઓનો એક પ્રવાહ જ ઉમટી પડયો. તે માર્ગદર્શક સત્તાના સંકેતો કે આદેશોને શિરોધાર્ય કરવાના જ હતા. કયારે શું કરવાનું છે અને સાધન સુવિધાઓનો પ્રબંધ કેવી રીતે થશે આ વિષયમાં શ્રીરામે કંઈ જ ના પૂછયું. ગુરૂસત્તાએ પણ તે અંગે બતાવવું જરૂરી ના ગણ્યું. જેવી રીતે પરમ પૂજ્ય ગુરુદેવ પ્રગટ થયા હતા તેવી રીતે અંતર્ધ્યાન પણ થઈ ગયા. સાધનાની ઓરડીમાં બેઠેલા શ્રીરામ તે જ ક્ષણથી પોતાની માર્ગદર્શક સત્તાના આદેશ અનુસાર તપ સાધનામાં પરોવાઈ ગયા.

વસંતપર્વ વિક્રમ સંવત ૧૯૮૭ની વહેલી સવારે આ અલૌકિક ઘટનાનું વિવેચન ગુરુદેવે પોતાની કલમ અને વાણીથી ઘણા અવસરો ઉપર કરેલું છે. આ ઘટનાના અર્થ અને ભાવોને તેમના જ શબ્દો અને સંદર્ભોમાં ઉપલબ્ધ પુસ્તકોમાં જોવા જોઈએ. અહીંયા તો તે દિવ્ય આત્માની ચર્ચા જ પૂરતી છે કે જેમને ગુરુદેવે પોતાની માર્ગદર્શક સત્તા કહેતા રહ્યા અને આપણે બધા પરમ ગુરુદેવના ગુરુદેવ અથવા દાદ ગુરુ કહેતા રહ્યા.

તેઓશ્રીનું જે ચિત્ર અથવા પરિચય આપણને મળ્યો છે તે ગુરુદેવે જ આપણને પ્રાપ્ત કરાવેલું છે. પરમ ગુરુદેવના દૃશ્યમાન સ્વરૂપનું નામ છે સ્વામી સર્વેશ્વરાનંદ.

હિમાલયના દુર્ગમ ક્ષેત્રમાં તેમનો નિવાસ છે. આમ તો તેઓશ્રી કોઈપણ જગ્યાએ આવવા જવામાં સમર્થ છે અને પોતાના શિષ્યોની પાસે પહોંચીને તેઓનું માર્ગદર્શન કરે છે. પરંતુ તેઓશ્રીનું કેન્દ્ર હિમાલયની એ સિદ્ધભૂમિ જ છે કે જ્યાં કેટલાયે સિદ્ધ આત્માઓ સાધનામાં ડૂબેલા રહે છે અથવા તો આધ્યાત્મિક પ્રયોગો કરતા રહે છે. ભગવાન શિવની સત્તા સર્વવ્યાપી છે તે કોઈપણ જગ્યાએ પ્રગટ યા લુપ્ત થઈ શકે છે. પરંતુ તેમનો નિવાસ પ્રતિકાત્મક રૂપથી કૈલાસમાં જ સમજવામાં આવે છે. તેવી જ રીતે સ્વામી સર્વેશ્વરાનંદની નિવાસભૂમિ પણ તે સિદ્ધ લોક જ માનવામાં આવે છે. આ સ્થાન વિશ્વની ઊંચામાં ઊંચી પર્વતની ચોટી ગૌરીશંકર અને કંચનજંઘાના વચ્ચે કયાંક આવેલું છે. શ્રીમદ્ ભાગવતમાં બારમા સ્કંધના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બીજા અધ્યાયમાં આ ક્ષેત્ર (સ્થાન)ને સિદ્ધપુરુષોના નિવાસ સ્થાન તરીકે બતાવવામાં આવ્યું છે. દૃશ્યમાન રૂપમાનં ગુરૂદેવની માર્ગદર્શક સત્તા તપઃપૂત દેખાય છે. દિગંબર શરીર અને ગૂંથાયેલી જટાઓથી ઢંકાયેલ મુખ છે. તેઓશ્રીના સ્થૂલરૂપ કરતાં સૂક્ષ્મરૂપ વધારે મહત્ત્વપૂર્ણ છે. આ રૂપમાં પ્રગટ થઈને તેઓશ્રીએ ગુરુદેવને પંદર વર્ષની ઉંમરમાં જ કઠોર તપમાં નિયોજીત કર્યા હતા. તેઓશ્રીને (પૂજ્ય ગુરુદેવને) બોધ કરાવ્યો હતો કે આ સંબંધ પહેલો અથવા તો આ જન્મનો જ ના માનીશ. પરંતુ જન્મજન્માંતરોથી આપણે બંને ગુરુ શિષ્ય છીએ. પાછલા બધા જ જન્મો એક એકથી ચઢિયાતા છે, પરંતુ આ જન્મ બધા કરતાં વિલક્ષણ છે અને તેમાં અવતારી સત્તાની માફક પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે. જે ત્રણ જન્મોની જાણકારી આપવામાં આવી તે બધાની બરાબરી કરી શકે તેવું કામ આ જન્મમાં કરી બતાવવાનું છે. આ સદીનો પડકાર પાછલા બધા જ પડકારો કરતાં પણ વધારે મોટો અને જોખમવાળો છે. તેથી તપ અને પુરુષાર્થ પણ તે જ સ્તરનાં હોવાં જોઈએ.

ગુરુદેવની માર્ગદર્શક સત્તાના સંબંધે કેટલાયે વિવરણો જે તે જગ્યાએ મળે છે. તે મુજબ આજે જે કાયા કલેવરનો તેઓશ્રી ઉપયોગ કરે છે તે સાતસો વર્ષથી પણ વધારે જૂની છે. તેઓશ્રી પોતાની મરજી મુજબ નવું શરીર ધારણ કરવામાં સમર્થ છે. પરંતુ સિદ્ધ આત્માઓ કારણ વિના કે કુતુહલતાને વશ થઈને શરીર બદલતા નથી. જ્યાં સુધી તે (શરીર) ચાલી શકે તેમ હોય છે ત્યાં સુધી તેની પાસેથી કામ લીધા કરે છે. વિવિધ સાધના ઉપચારોથી તેઓશ્રીના સ્થૂલ શરીરના અણુઓ પણ સિદ્ધ થઈ જાય છે. શરીર બદલવાનો અર્થ છે તે સંસ્કારિત ચૈતન્ય અણુઓને હંમેશને માટે તીલાંજલી આપવી. માટે જ સિદ્ધ પુરુષ પોતાના શરીરને શક્ય હોય ત્યાં સુધી સાચવતા રહે છે અને સાધેલા ઉપકરણ (સાધન)ની માફક તેનો ઉપયોગ કરે છે. એવી માન્યતા છે કે ગુરુદેવની માર્ગદર્શક સત્તા અત્યારે જે શરીર ધારણ કરી રહી છે તેનું આયુષ્ય (ઉંમર) સાતસો વર્ષથી પણ વધારે છે.

જાણકારીમાં આવેલ વિવરણોમાં સૌથી જૂનો ઉલ્લેખ દોઢસો વર્ષ પહેલાંનો છે. દિલ્હીમાં પ્રસિદ્ધ સૂફી વિદ્વાન ગુલહસન શાહે હરિદ્વારમાં સ્વામી સર્વેશ્વરાનંદજીના દર્શન કર્યાં હતાં. આ દર્શન હરિદ્વારના અવધૂત યોગી શ્રવણનાથની સહાયતાથી શક્ય બની શકયાં હતાં. ગુલહસન શાહે લખ્યું છે કે દિગંબર યોગી પોતાની મરજી મુજબ શરીરનો રંગ, રૂપ અને આકાર વગેરે બદલી શકે છે. ગુલશાહે આ યોગીના ચમત્કારોનું વર્ણન 'રશુલ ગોસિયાં' નામના પુસ્તકમાં કરેલું છે.

ગુજરાતના સ્વામી અમૃતાનંદે સને ૧૯૨૨માં સ્વામી સર્વેશ્વરાનંદજીના દશન કર્યા હતાં. પોતાના પુસ્તક 'સિદ્ધ અનુશાસન'માં તેઓશ્રી લખે છે કે હિમાલયના દુર્ગમ ક્ષેત્રમાં પ્રવેશ કરવાથી મોટી મોટી જટાઓવાળા દિગંબર સંન્યાસીના દર્શન થયાં. આ ક્ષેત્રમાં સ્વામી અમૃતાનંદ રસ્તો ભૂલી ગયા હતા. કઈ તરફ જવું તેની તેમને સૂઝ પડતી ન હતી. ચારેબાજુ બસ બરફને બરફ જ હતો. પાછલા પડાવ ઉપર જે સંકેત અને ચિહ્નોની નોંધ કરી હતી તે પણ ખોવાઈ ગયેલ હતી. એવું લાગતું હતું કે કદાચ પાછા નહીં ફરી શકાય. આટલામાં જ કયાંય મારી હિમસમાધી લાગી જશે. બેચેનીની એ પળોમાં દેવીકૃપાની માફક એક સુદીર્ઘ કાયાવાળી દિગંબર મૂર્તિ પ્રગટ થઈ અને રસ્તો બતાવ્યો. કેટલીક ગૂઢ સાધનાઓ પણ શીખવી અને સમજાવ્યું કે સિદ્ધ આત્માઓને ખોળવા જવું પડતું નથી. તે (આત્માઓ) ખોળવાથી મળતી નથી. પોતાની જાતને તેને લાયક બનાવવી જોઈએ. પોતાની જાતને સાફ કરી લીધા બાદ (માંજવાથી) સિદ્ધપુરુષો જાતે કૃપા વરસાવવા ચાલ્યા આવે છે. વરસાદનું પાણી જેવી રીતે ખાલી ખાડાને શોધતું વહે છે તેવી જ રીતે સિદ્ધયોગીઓની કૃપા પણ નિર્ધન અને યોગ્ય પાત્રોને જ ખોળતી રહે છે. સ્વામી અમૃતાનંદે લખ્યું છે કે તે પછી તેઓ આગળ (હિમાલયમાં) ન ગયા. તે જ સ્થળેથી જ પાછા ફરી ગયા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાછા શું વળ્યા તેમને પાછા વાળવામાં આવ્યાં.

* * *

ગુરુદેવની માર્ગદર્શક સત્તાનું નામરૂપધારી અસ્તિત્વ તો મહત્ત્વપૂર્ણ છે જ. પરંતુ તેનાથી પણ વધારે મહત્ત્વપૂર્ણ છે તેઓશ્રીનું દિવ્ય સ્વરૂપ. પોતાના શિષ્યના રૂપમાં તેમનું અસ્તિત્વ પ્રગટ થયું હતું. આગળ જતાં ઘણાં સાધકોએ આ અનુભવ પણ કર્યો. એ લોકોને લાગ્યું કે ગુરુદેવ અને તેઓશ્રીની માર્ગદર્શક સત્તા બંને એકરૂપ જ છે. સ્થૂલ દૃષ્ટિથી ભલે બંને અલગ દેખાતા હોય પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી તે બંને એક જ હતા. નવસારી ગુજરાતના એક પરિજન મગનભાઈ ગાંધીનો અનુભવ આ સંબંધમાં નોંધાયેલ છે. ગુરુદેવ કહ્યા કરતા હતા કે અમારી માર્ગદર્શક સત્તા હંમેશાં અમારી સાથે રહે છે. તે પગલે ને પગલે અમને રસ્તો બતાવે છે અને શું કરવાનું છે તે પણ બતાવે છે. મગનભાઈ ગુરુદેવ પ્રત્યે અગાધ નિષ્ઠા રાખતા હતા. તેઓએ જીદ કરી કે મને દાદ ગુરુદેવના દર્શન કરાવો. ગુરુદેવે કહ્યું કે 'મને જોઈને મારી અંદર જ તેઓશ્રીનો અનુભવ કરી લે.' પણ મગનભાઈના મગજમાં દર્શન કરવાની ધૂન સવાર હતી. તેમણે ફરીથી પોતાનો આગ્રહ રજૂ કર્યો. સહજ પ્રેમ વત્સલ ગુરુદેવે પોતાના શિષ્યના મનને મનાવવા કહ્યું કે ઉત્તરકાશીના અમુક સ્થાન ઉપર અમુક દિવસે અમારા ગુરુદેવ અન્નક્ષેત્રમાં આવશે. તેઓએ સફેદ વસ્ત્રો પહેર્યાં હશે. તેઓશ્રી ત્યાંથી ભિક્ષા લેશે અને પછી આગળ જતા રહેશે. તમારી ઈચ્છા હોય તો ત્યાં જઈને દર્શન કરી શકો છો. ઓળખાણ માટે તે ચિત્રને ધ્યાનમાં રાખવાનું કહ્યું કે જે ખાસ કરીને બધા પરિજનોની પાસે છે અને કહ્યું કે આકૃતિ- ચહેરો અને વાળ વગેરે બધું તે ચિત્રના જેવું જ હશે, ફક્ત વેશ દિગંબર નહીં હોય. ગુરુદેવે કહ્યું, "કે તેમને જોઈને તરત જ પાછા વળી જજો. તેનાથી વધારે ઊંડા ઉતરશો નહીં.

મગનભાઈ તે વેળાએ ઉત્તરાખંડમાં ચાર ધામની યાત્રા ઉપર નીકળ્યા હતા. બતાવવામાં આવેલ સરનામા મુજબ ત્યાં પહોંચ્યાં. અન્નક્ષેત્રની બહાર ઊભા રહ્યા. ભંડારો શરૂ થઈ ગયો. તે જ દિવ્ય આકૃતિ સફેદ ધવલ વસ્ત્રો પહેરીને આવી. તે આકૃતિએ મગનભાઈની તરફ એકવાર જોયું પણ ખરું. તેમણે સારી રીતે ઓળખી લીધા કે ગુરુદેવે જેવું બતાવ્યું હતું તેવું જ રૂપ અને પહેરવેશ છે. તે આકૃતિએ ભિક્ષા લીધી અને ગંગા કિનારે ઉતરવા લાગી. મગનભાઈ ગુરુદેવની એ વાત ભૂલી ગયા કે દર્શન કરીને પાછો વળી જજે આગળ જઈશ નહીં. તેમના મનમાં કુતુહલ જાગ્યું કે લાવ જોઉં તો ખરો આકૃતિ કયાં જાય છે. તેમણે પરમગુરુનો પીછો કર્યો. પરમગુરુની ગતિ ઘણી જ તેજ હતી. પીછો કરવામાં બહુ જ મુશ્કેલી પડી. એક વખત તો તેઓશ્રી આંખોથી દેખાતા બંધ થઈ ગયા. મગનભાઈને સમજ ના પડી કે તેઓશ્રી કયાં જતા રહ્યા હશે. ખોળતાં ખોળતાં તેઓ એક ગુફાની પાસે પહોંચ્યા. જોયું તો એક મોટા પથ્થર (શિલા) ઉપર તે સફેદ વસ્ત્રધારી આકૃતિ બેઠેલી હતી. મગનભાઈ ઝડપભેર તેની સામે ગયા. જોયું તો દંગ રહી ગયા. અરે આ તો આપણા ગુરુદેવ સ્વયં છે. તે ગુરુદેવ કે જેમની સાથે ચાર પાંચ દિવસ પહેલાં મથુરામાં મુલાકાત થઈ હતી અને તેમની પાસેથી જ આ સરનામું નોંધ્યું હતું. ગુરુદેવના ચહેરા ઉપર મંદ હાસ્ય છવાયેલું હતું. હોઠ ખૂલ્યા અને મગનભાઈને અવાજ સંભળાયો. હવે તને વિશ્વાસ બેઠો કે હું અને મારી માર્ગદર્શક સત્તા એક જ છીએ. હવે કોઈ દિવસ આવી કુતુહલતા ના રાખીશ અને જે બતાવવામાં આવ્યું હોય તેનાથી વધારે જાણી લેવાની જીદ ના કરીશ. આટલું કહીને એ આકૃતિ અંતર્ધ્યાન થઈ ગઈ. મગનભાઈ તો જોતા જ રહી ગયા. આ ઘટનાએ તેમને આશ્ચર્યચકિત અને ભાવવિભોર બનાવી દીધા. પછી તેઓ આગળ યાત્રા ઉપર ન ગયા. ત્યાંથી જ પાછા વળી ગયા. ગુરુદેવની પાસે જઈને તેમના ચરણમાં ઢળી પડયા અને પોતાની જીદ માટે પસ્તાવો કરી માફી માગવા લાગ્યા. ગુરુદેવે પોતાની સાહજિક વિનોદી શૈલીમાં મગનભાઈને સમજાવી દીધા.

❑



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મનુષ્ય નષ્ટ થશે તો સંસાર પણ નષ્ટ થશે

આજે આપણે આર્થિક સભ્યતાના યુગમાં જીવી રહ્યાં છીએ. બૌદ્ધિક રોગ તેની જ ભેટ છે. વિજ્ઞાનની પ્રગતિ અર્થતંત્ર દ્વારા જ નિયોજીત થાય છે. શિક્ષણથી માંડીને શાસન સુધી, સાહિત્યથી લઈને કલા સુધી, ધર્મથી લઈને અધ્યાત્મ સુધીના નાના મોટાં-મહત્ત્વપૂર્ણ અને મહત્ત્વહીન અગણિત પ્રયોજનો અર્થતંત્રના સંકેતો ઉપર ગતિશીલ રહે છે. આવી દશામાં બિચારો માનવી શું કરે ? શું વિચારે ? કયા આધારે આદર્શોનું અવલંબન લઈ કમર સીધી કરીને ઊભો રહી શકે ? આ જટીલ પ્રશ્ન છે. જે ઢાંચો ચાલી રહ્યો છે તેને ચાલવા દેવામાં આવે તો મનુષ્ય ક્ષીણ થતો થતો નૈતિક મૃત્યુની નજીક પહોંચી જશે અને તે પોતે પશુ જેવું આચરણ કરશે અથવા ભય અને પ્રલોભનના દબાણ હેઠળ સમર્થ લોકો દ્વારા કોઈપણ જગ્યાએ ઘસડીને લઈ જવામાં આવશે. આ સ્થિતિ ઘણી જ દયાજનક હશે જ્યારે મનુષ્યનું આત્મા ઉપરનું વર્ચસ્વ મરી પરવારશે અને સુવિધા જ તેને માટે સર્વસ્વ બની જશે.

સંસારના દરેક ક્ષેત્રમાં ગતિ આવી છે અને તેજી વધી છે. કહેવાતી "પ્રગતિ"માં પણ આ તીવ્રતાને ગગનચુંબી બનાવવાની દિશામાં ઘણું બધું વિચારવામાં અને ઘણું બધું કરવામાં આવી રહ્યું છે. આ તીવ્ર દોડાદોડીમાં પતન અને વિનાશ પણ સામેલ છે. નીરસતા અને કુરૂપતા વધી રહી છે. સરસતા મેળવવા માટે લોકો સિનેમાઘરો, નગ્નતાનાં કાર્યક્રમો, દારૂની દુકાનો, નાસ્તાઘરો, તેમજ વિનોદ આપી શકે તેવાં સ્થળોની ખર્ચાળ શોધ પાછળ દોડી રહ્યાં છે. હોટલ જેટલું લે છે તેનો શતાંશ પણ આપી શકતી નથી. આવી દશામાં લેવા માટે ગયેલો નિઃસહાય મનુષ્ય ખીસું કપાવીને તિરસ્કાર પામીને હારેલા જુગારીની માફક પાછો ફરે છે. આ અસહાય મનુષ્યોની પાસે સાજ સજવા પૂરતું તેમજ પોતાનો દંભ દેખાડવા પૂરતું તો કંઈક હોય છે, પરંતુ અંદરથી એટલો બધો ખોખલો બની ગયેલો હોય છે કે તેની પાસેથી આ ચારિત્રિક દૃઢતાની અપેક્ષા રાખી શકાતી નથી. પવનના વંટોળમાં ઉડનારા ઘાસના તણખલાની માફક તે કોઈપણ જગ્યાએ - કોઈપણ દિશામાં ઉડતો યા ઉડાડીને લઈ જવામાં આવતો જોઈ શકાય છે. આ મનુષ્યના મરણનું ચિત્રીકરણ છે પછી ભલે તેને તેના શરીરથી જીવતો સમજવામાં આવે.

મનુષ્ય મહાન છે અને વિશ્વ ભગવાનની કૃતિ જ માનવામાં આવશે, કારણ કે એ વાત સ્પષ્ટ છે કે ધરતી ઉપર જે કંઈપણ સુખદ સુંદર છે, તેને બનાવવામાં મનુષ્યનો અસીમ શ્રમ લાગેલો છે. મનુષ્યની સર્જનશક્તિ ઘટશે કે નાશ પામશે તો આ દુનિયા પણ ઊંચી નહીં ઉઠી શકે, તેનું પણ પતન થશે. મનુષ્ય તૂટશે હારશે તો સમગ્ર સભ્યતા પણ હારી જશે. મનુષ્ય મરશે, તેનો આત્મા નીકળી જશે તો પછી જે કંઈપણ બચશે તે સ્મશાનની માફક સળગતું અને દુર્ગંધ ફેલાવતું અને બીક લાગે તેવું ડરામણું જ હશે. સ્વર્ગની ગરિમા (ગૌરવ) ઘણી મોટી છે પણ નરકની વિનાશિકાનો આતંક પણ કંઈ ઓછો નથી. જો આપણે વર્તમાનને સમજી શકીએ અને ભવિષ્યનું અનુમાન લગાવી શકીએ તો આપણી સામે એક જ હકીકત રહેશે કે કોઈપણ ભોગે મનુષ્યને, તેના વર્ચસ્વને મરણથી બચાવીને જીવિત રાખવાનો પ્રયત્ન કરવામાં આવે.

આજના સમયની મોટામાં મોટી જરૂરિયાત મનુષ્યને સાચો મનુષ્ય બનાવવા માટેનો પ્રબળ પ્રયત્ન કરવાની છે. મનુષ્યના માનસિક, બૌદ્ધિક, નૈતિક, કલાત્મક, આધ્યાત્મિક, ભાવનાત્મક,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દાર્શનિક તેમજ ક્રિયાત્મક વગેરે બધા પક્ષો એવાં છે કે જેમને સ્વસ્થ અને શાલીન રાખવાની જરૂર છે. બૌદ્ધિક અને આર્થિક પ્રગતિ માટે ગમે તે કરવામાં આવે પરંતુ નૈતિક સ્થિરતા તેમજ પ્રૌઢતા ઉપર ઓછું નહીં પણ વધારે ધ્યાન આપવામાં આવે. આ માટે ફક્ત વિચારો કર્યા કરવાથી કામ નહીં ચાલે. જેવી રીતે ખેતીવાડી, ઉદ્યોગ, વીજળી, શિક્ષણ, સુરક્ષા વગેરે માટે ભૌતિક પ્રયત્નો કરવામાં આવે છે તેવી જ રીતે તેના કરતાં હલકાં નહીં પણ ભારે પ્રયત્નો જ નૈતિક પરિપક્વતા માટે જરૂરી ગણાય.

શરીરની સુરક્ષા અને દૃઢતા તેના અંતરાલમાં સમાયેલી એક વિશેષ શક્તિ ઉપર નિર્ભર છે, જેની યંત્રો દ્વારા પરખ કરી શકાતી નથી, પણ પ્રાણ સ્તરની જીવનશક્તિ દ્વારા પારખી શકાય છે. તેને અનુકૂલન કહેવામાં આવે છે. ક્યારેક તેને જીવનીશક્તિ પણ કહેવામાં આવે છે. તે પર્યાપ્ત માત્રામાં હોય તો શરીરમાં સ્ફૂર્તિ, મનમાં ઉમંગ, બુદ્ધિમાં સંતુલન, ભાવનાઓમાં ઉદાર સંવેદનની વિપુલતા જોવા મળશે. સાહસ, આશા, ઉત્સાહ આ જીવનીશક્તિનાં જ પરિણામ છે. આંખોમાં તેજ, ચહેરા ઉપર ઓજસ આ વિશેષતાનું પ્રમાણ રજૂ કરે છે. આ એડેપ્ટેશન ઊંડાણમાં ઉતરતાં આત્મબળ બની જાય છે, જેનો અર્થ થાય છે ચારિત્રિક દૃઢતા, શ્રેષ્ઠ ચિંતન અને આદર્શ કામકાજ. બીજી રીતે આને જ મહાનતા કહેવામાં આવે છે.

જેવી રીતે શરીરની દૃઢતા આહાર ઉપર અને મનની સાહસિકતા શિક્ષણ ઉપર નિર્ભર હોય છે, તેવી જ રીતે વ્યક્તિત્વની ગરિમા, પ્રતિભા, પદ અને વૈભવ ઉપર નહીં, પરંતુ માનવીની આંતરિક મહાનતા ઉપર નિર્ભર હોય છે. તે (આંતરિક મહાનતા) ઉદાત્ત દૃષ્ટિકોણ ઉપર અને આદર્શવાદી નિષ્ટાઓ ઉપર નિર્ભર હોય છે. આ એ તત્ત્વ છે જે મનુષ્યને મહત્ત્વપૂર્ણ તેમજ મૂલ્યવાન બનાવે છે. આમાં ખોટ પડવાથી જ ક્ષુદ્રતા છવાયેલી રહે છે અને પછાતપણું વધતું જાય છે, પછી ભલે એકલ દોકલ ભૌતિક સફળતાઓ ગમે તે રીતે પ્રાપ્ત થાય.

જીવન સત્તામાં અનેક તત્ત્વો જોડાયેલાં હોય છે. તેમાંથી જેનો ઉપયોગ થાય છે તે બહાર આવે છે અને બળવાન થતા જાય છે. જેની ઉપેક્ષા થાય છે - જે ઉપયોગમાં આવતાં નથી તે ઓછાં થતાં જાય છે અને ધીરે ધીરે લુપ્ત થતાં જાય છે. માનવી અંતરાલમાં કામ કરનારી શ્રેષ્ઠતા કે જેને શરીર ક્ષેત્રની અનુકૂલન શક્તિની સમતુલ્ય માનવામાં આવે છે, તે જો ઓછી થશે તો વિકૃતિઓ અંદરથી બહાર આવવા માંડશે અને બહારથી આક્રમણ કરશે. બધા એ જાણે છે કે જ્યારે શરીરની જીવનીશક્તિ ઓછી થાય છે ત્યારે હાથપગની સક્રિયતા, પેટની પાચન શક્તિ, મગજની તીક્ષ્ણતા અને લોહીની રોગ પ્રતિકારક શક્તિની ક્ષમતામાં ભારે ઉણપ આવી જાય છે. બહારના ઉપચારોથી તેની આંશિક, યતિકિંચિત પૂર્તિ જ થઈ શકે છે. જેનું રોગ નિરોધક શક્તિનું તત્ત્વ ઓછું થઈ જાય તેનો મોંઘામાં મોંઘો ઉપચાર કરવા છતાં પણ નાનામાં નાનો ઘા પણ ભરાતો નથી. સંકલ્પ શક્તિના અભાવમાં દૈનિક જીવનના નાનાં નાનાં કામો પણ અધૂરાં પડી રહે છે. નાનાં નાનાં પ્રલોભનોનું આકર્ષણ ચારિત્ર્યનું પતન કરે છે, નાનાં નાનાં અવરોધો સંતુલન ડગમગાવી દે છે અને ભયભીત થયેલ મનુષ્ય કોઈપણ ન કરવા જેવું કામ કરવા તૈયાર થઈ જાય છે. આ વિષમ પરિસ્થિતિની છાયા જીવનના જે ક્ષેત્રમાં જેટલી માત્રામાં દૃષ્ટિગોચર થાય છે તે ક્ષેત્રમાં તેવી જ સમસ્યાઓ ઉપજે છે. તેની જટિલતા જેટલી વધારે હોય છે તેટલો તેનો ઉકેલ લાવવામાં પણ અધિક સમય લાગે છે. સાધારણ બુદ્ધિ આ ઉલઝનોને અનેક ભાગોમાં વહેંચાયેલી જુએ છે અને તેના માટે અલગ અલગ ઉપચારો વિચારે છે. જ્યારે બધી જ સમસ્યાઓના મૂળમાં એક જ હકીકત કામ કરે છે - માનવી ગરિમા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રત્યે શ્રદ્ધાનો અભાવ. આને ઈમાન કહેવામાં આવે છે. આ જ શ્રદ્ધા છે. બેઈમાની અથવા અશ્રદ્ધા બીજી રીતે એક જ દર્દના દર્દીઓ છે. નાસ્તિકતા ઈશ્વરની અસ્વીકૃતિને નહીં પણ આદર્શોની અવગણનાને કહેવામાં આવે છે. આ બુદ્ધિનો નહીં પણ આત્માનો પ્રસંગ છે. શ્રદ્ધા વિનાના મનુષ્યને ડગલેને પગલે પતિત થવાની આશંકા રહેવાની. તેનાથી ઊલટું જેના અંતઃકરણમાં શ્રેષ્ઠતા પ્રત્યે શ્રદ્ધાનું ઊંડાણ હશે તે નિરંતર પ્રતિકૂળતાઓની વચ્ચે રહેતો હોવા છતાં તેની પતિત આચરણ કરવાની સ્થિતિ નહીં આવે. તે આત્મબળના સહારાથી બહારના બધા જ દબાણોને હસતાં હસતાં સહન કરીને પોતાનો સમય પસાર કરી દેશે. ભરતી ઓટ આવ્યા કરે અને સાગરના મધ્યમાં મોટું જહાજ પોતાનું લંગર નાંખીને શાંતિપૂર્વક ઊભું રહે છે. શ્રદ્ધાવાન મનુષ્ય ગમે તવી પરિસ્થિતિમાં પણ વિચલિત થતો નથી. તેઓની આ શ્રેષ્ઠતા, દૃઢતા, મહાનતા ફક્ત તેમને જ શ્રેય આપતી નથી પરંતુ તેમના પોતાના પ્રભાવ ક્ષેત્રના પ્રાસંગિક વાતાવરણને પણ સમુન્નત બનાવવામાં મદદ કરે છે.

સાધના તો ઉપકરણ છે, મૂળ સત્તા તો સાધકની છે. સાધક જો અનાડી યા ઉદ્ધત હશે તો ઉપયોગી સાધન પણ વિનાશનું કારણ બનશે. સોય અને માચીસ જેવાં નાનાં ઉપયોગી સાધનો પણ દુરઉપયોગ કરવામાં આવે તો મરણ સંકટ ઊભું કરી શકે છે. પ્રયોક્તા (ઉપયોગમાં આવતી) ચેતના હોય છે અને ઉપયોગમાં લેવાતી વસ્તુઓ જડ હોય છે. પદાર્થનું મહત્ત્વ ભલે ગમે તેટલું હોય, તેમાં ગુણ પણ ભલે ગમે તેટલાં હોય પણ પ્રયોક્તાનું પછાતપણું પ્રાપ્ય સાધનોથી ફક્ત વિપત્તિ જ જન્માવશે. તેનાથી ઊલટું સુસંસ્કૃત મનુષ્ય થોડાં સાધનોથી પણ સુખી રહી શકશે અને તેનો સદ્‌ઉપયોગ કરીને સાધનસંપન્ન લોકોથી પણ ચઢિયાતી સફળતા પ્રાપ્ત કરી શકે છે. આપણે સાધનવૃદ્ધિના કામમાં જોરશોરથી લાગી ગયા છીએ, પરંતુ એ વાત ભૂલી ગયા છીએ કે જેના દ્વારા આ સાધનોનો ઉપયોગ થવાનો છે તેના સ્તરમાં અભિવૃદ્ધિ થઈ રહી છે કે નહીં. આ દિશામાં વર્તવામાં આવી રહેલી વર્તમાન ઉપેક્ષા જો ભવિષ્યમાં પણ આવીને આવી જ રહી તો વધતાં જતાં સાધનોથી વિપત્તિ વધશે. ત્યારે તે સમૃદ્ધિ દરિદ્રતાથી પણ વધારે મોંઘી પડશે. વિજ્ઞાન, બુદ્ધિ અને સંપત્તિના સાધનો દ્વારા સુવિધાના સંવર્ધન માટે કરવામાં આવનારા પ્રયાસોની ફક્ત પ્રશંસા જ કરી શકાય છે, પરંતુ ધ્યાન રાખવા લાયક વાત એક જ છે કે જો વ્યક્તિત્વના સ્તરની પ્રગતિને મહત્ત્વ ન આપવામાં આવ્યું તો પરિણામ સુખદ નહીં હોય. તળાવમાં પાણી વધે છે તો તેમાં તરતાં કમળ પુષ્પોની ડાંડીઓ ઊંચી થાય છે, પાણી વધે પણ ડાંડીઓ ઊંચી ના થાય તો તરતા રહેતા શોભાયમાન કમળ પુષ્પો પાણીમાં ડૂબીને નાશ પામવાનો ભય ઉત્પન્ન થશે. સાધન વધવા એ વખાણવાલાયક સ્થિતિ છે પરંતુ ઉપભોક્તાનું સ્તર પણ વધવું જોઈએ. રોગી માટે પોષ્ટિક આહાર પણ ક્યાં હિતકર સિદ્ધ થાય છે ?

મનુષ્ય સમાજનું એક અંગ છે. આ હકીકત છે અને એ પણ સાચું છે કે સમાજના હિતમાં જીવન ગુજારવાની વાત માટે માનવીને તાલીમ આપવી જોઈએ. તેથી જ નાગરિકશાસ્ત્ર, સમાજશાસ્ત્રના સિદ્ધાંતોને સમજવા અને સમજાવવાં જરૂરી છે. સંઘબદ્ધતા, સામૂહિકતા અને સંગઠન ઉપર ભાર મૂકવામાં આવે છે અને સમાજના હિતમાં કામ કરવા માટે કાનૂની બંધનોમાં જકડવામાં આવે છે. અધિનાયકવાદમાં માનવીના મૌલિક અધિકારને અપંગ બનાવી દેવામાં આવે છે અને તેને યાંત્રિક સ્તર પર સમાજવ્યવસ્થાનું અનુસરણ કરવા માટે બાંધી લેવામાં આવે છે. આ પ્રયાસની યોગ્યતા કે અયોગ્યતાની ચર્ચા આ પંક્તિઓમાં કરવામાં નથી આવતી. અહીંયા તો એટલું જ કહેવામાં આવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહ્યું છે કે જો આંતરિક મહાનતા વધી ના શકી, આત્માની દૃષ્ટિથી જો મનુષ્ય શ્રદ્ધાવાન ન બની શક્યો તો તેના યાંત્રિક સહયોગનું મૂલ્ય પશુ શ્રમ જેટલું જ રહેશે. આટલાથી આદર્શવાદી પરંપરાઓ માટે ભાવભરી ઉમંગોની પૂર્તિ થઈ શકશે નહીં.

સામાજીકતાનું બીજું નામ છે સભ્યતા. સભ્યતાનું પોતાનું મૂલ્ય અને મહત્ત્વ છે, પરંતુ તેનો પ્રાણ તો સંસ્કૃતિ છે. સંસ્કૃતિનો અર્થ છે આદર્શવાદી શ્રદ્ધા અને શ્રેષ્ઠ ચિંતનદૃષ્ટિ. સંસ્કૃતિને પ્રાણ અને સભ્યતાને શરીરની ઉપમા આપી શકાય. શ્રેષ્ઠ શ્રદ્ધા મનુષ્યતાનો પ્રાણ છે અને સદ્‌વ્યવહારનો લોકાચાર તેનું શરીર. શરીર ભલેને ગમે તેટલું સજાવેલું હોય પણ જો અંદર નિવાસ કરનારી ચેતન સત્તા પ્રાણ વગરની છે તો પછી તે સજાવટથી કેટલું પ્રયોજન પૂરું થઈ શકશે ? જીવનસ્તર, લીવીંગ સ્ટાન્ડર્ડ વધે તેમાં કોઈને શું તકલીફ હોય. પણ જો જીવનને દિશા આપનાર શ્રદ્ધાલક્ષી સ્તર હલકી કોટીનું જ રહ્યું તો માત્ર જીવન જીવવાની સુવિધાઓ વધવાથી શું વળશે ? અસલી પ્રગતિ તો શ્રદ્ધાક્ષેત્રમાં શ્રેષ્ઠતાના સમાવેશની ટકાવારી જોઈને જ આંકવી જોઈએ. જ્યાં સુધી મનુષ્યોનું અંતરાલ ઉચ્ચતા પ્રાપ્ત નહીં કરે ત્યાં સુધી યાંત્રિક સામૂહિકતા કંઈ ખાસ ઉપયોગી સિદ્ધ નહીં થઈ શકે. મધમાખીઓમાં સામાજિકતા અને સામૂહિકતા જોવા જેવી હોય છે. આટલું હોવા છતાં પણ તેનું કોઈ મહત્ત્વ નથી, કારણ કે તે પ્રાણી વ્યક્તિત્વની દૃષ્ટિથી સમુન્નત નથી. ફક્ત તેની શરીરયાત્રા જ સામૂહિક્તાના નિયમનું પાલન કરે છે. મનુષ્યોને પણ નાગરિક નિયમોનું પાલન કરવાની ટેવ પાડવામાં આવે છે. આવી સભ્યતા પશ્ચિમના દેશોમાં જોવા મળે છે. આનો વિરોધ કોણ કરશે ? વાત ફક્ત તે ઉણપને પૂરી કરવાની છે જેના કારણે શિક્ષિત અને સમૃદ્ધ મનુષ્ય પણ માનવીય ગૌરવનો આનંદ લેવામાં અને આપી શકવામાં અસમર્થ જ બની રહે છે.

આજની પરિસ્થિતિઓ કબાડી બજાર જેવી થઈ ગઈ છે. તેમાં ઉપયોગી અને બિનઉપયોગી વસ્તુઓનાં ઢગલાં ભેગા થઈ ગયા છે. આપણે યોગ્યની પસંદગી અને તેનો સંગ્રહ કરવો પડશે. સૌંદર્ય ઈચ્છનીય છે, વિલાસીતા નહીં, વિજ્ઞાન ઈચ્છનીય છે જડતાની જરૂરિયાત નથી. તત્ત્વજ્ઞાનની જરૂર છે, અંધવિશ્વાસની નહીં. આજના ઢાંચામાં ભારે પરિવર્તન કરવું પડશે. ઔદ્યોગિક ક્રાંતિથી પણ ઘણી મોટી એક બીજી ક્રાંતિની જરૂરિયાત છે, જેને વિચારક્રાંતિ કહી શકો છો. એવી વિચારક્રાંતિ જેમાં જૂની પુરાણી સમસ્ત શ્રેષ્ઠતાઓને સુરક્ષિત રાખી, વિનાશકારી વિકૃતિઓથી વિમુખ થવાનું પ્રાણવાન સાહસ કામ કરતું જોઈ શકાય.

મનુષ્યનું જીવવું અને મરવું એની વૃદ્ધિ અને પરિવર્તન પર આધારિત છે.

॥ ૐ શાંતિ ॥

એક શેઠનો નોકર બેદરકાર અને કામચોર હતો. ઘરના લોકોએ કહ્યું, "એને કાઢી મૂકવામાં આવે." શેઠજીની પત્નીએ કહ્યું, "એને કાઢીશું નહીં, સુધારીશું."

બીજા દિવસે શેઠાણી ગરમ પાણી અને ટુવાલ લઈને યોગ્ય સમયે હાજર થઈને નોકરને જગાડીને કહ્યું, "સ્નાન કરી લો, ત્યાં સુધીમાં હું ચા બનાવીને લાવું છું." નોકર શરમાઈ ગયો. શેઠાણીની આ સજ્જનતાને જોઈને તે બીજા દિવસથી બધું જ કામ સમયસર કરવા લાગ્યો. તેને કાઢી મૂકવો ન પડ્યો, ત્યાર પછી તે પોતાના ઘરના સભ્યના જેવો બની ગયો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વસંત પર્વ ઉપર વિશેષ -

# ગુરુદીક્ષા તેમજ દક્ષિણાનું રહસ્ય

મનુષ્ય સામાજિક પ્રાણી છે. એકલવાયી પરિસ્થિતિમાં તો તે વન્ય માનવ તરીકે જ જીવી શકે છે અને પ્રગતિ કરી શકતો નથી. અન્ય પ્રાણીઓ તો જન્મ્યા પછી થોડાક સમયમાં ખોરાક લેવા લાગે છે પરંતુ મનુષ્યના બાળકને તો કેટલાક વર્ષો સુધી વડીલોની સહાય ઉપર આશ્રિત રહેવું પડે છે. શિક્ષણ માટે શિક્ષકનો, દામ્પત્ય જીવન માટે સાસરીનો, આરોગ્ય માટે દાક્તરનો, આજીવિકા માટે ઓફિસ-કારખાનાનો, વેપાર માટે ઉત્પાદકનો તેમજ ગ્રાહકની મદદ લેવી પડે છે. જો આ આધાર મનુષ્યને ન મળે તો મનુષ્યને વિચારવાની, બોલવાની અને સભ્ય વર્તન કરવાની ખબર પણ ન પડે અને વરૂઓ દ્વારા પાળેલા "રામૂ" બાળકની માફક હંમેશાં પશુતુલ્ય સ્થિતિમાં રહેવું પડે. આદાન-પ્રદાનની પદ્ધતિ અપનાવીને જ મનુષ્ય આટલી પ્રગતિ કરી શકે છે. તેની ભાવિ પ્રગતિનો આધાર પણ પારસ્પરિક સહયોગ તેમજ સહાય-સંપ ઉપર આધારિત છે.

આત્મિક ક્ષેત્રમાં આ નિયમ ખૂબ જ વધુ લાગુ પડે છે. આત્મિક પ્રગતિ માટે ઉદાર મનના, તપ સંપત્તિના મજબૂત, પ્રાણવાન માર્ગદર્શકની જરૂરિયાત પડે છે - જે ફક્ત શિષ્યની જરૂરિયાત, મુશ્કેલી તેમજ કઠિનતાના ઉંડાણમાં ઉતરીને સમજે અને તેનું સમાધાન બતાવે, તેમજ જરૂરિયાત પડતાં પોતાના તપની સંપત્તિનો એક અંશ આપીને તેને પાર ઉતારીને બચાવે. આત્મિક ક્ષેત્રમાં આવી મદદની જરૂરિયાત જણાય છે.

ધરતીમાં ફળદ્રુપતા ખૂબ જ કેમ ન હોય છતાં હરિયાળી ઉગાડવા માટે તેને પાણીની મદદ જોઈએ જ છે. ધાતુ ખૂબજ મૂલ્યવાન કેમ ન હોય છતાં તેનું ઉપયોગી વાસણ અથવા ઘરેણું બનાવવા માટે ધાતુના વિશેષજ્ઞ દ્વારા તેનું શુદ્ધિકરણ કરીને ઢાળવાની જરૂર પડે છે. હીરો, હીરાઘસુના હાથની કુશળતાનો લાભ લઈને ચમકે છે અને બહુમૂલ્ય બને છે. આ મૂલ્યોને ધ્યાનમાં રાખીને ગુરુ શિષ્યની પરંપરાનું મહત્ત્વ આંકવામાં આવેલ છે. ભટકણથી બચવા માટે ભોમિયાની જરૂર પડે છે અને પ્રગતિના જરૂરી સાધનોની ખોટ પૂરવા માટે ઉપયોગી સહયોગ જરૂરી છે. આવો સુયોગ ન થઈ શકે તો એ કહેવું કઠણ છે કે એકલવાયા પ્રયત્નથી કોણ કેટલી પ્રગતિ કેટલા સમયમાં કરી શકે ?

વિવેકાનંદને રામકૃષ્ણ પરમહંસનો, ચંદ્રગુપ્તને ચાણક્યનો, શિવાજીને સમર્થ ગુરુ રામદાસનો, વિનોબાને ગાંધીજીનો આશ્રય મળ્યો હતો. આ છત્રછાયા વગર તેઓ એકલવાયા પુરુષાર્થના બળના જોરથી કદીય આટલી ઉચ્ચ કક્ષાની પ્રગતિ કરી ન શકયા હોત.

સંસારના મહાપુરુષોની પાછળ જ્ઞાત કે અજ્ઞાત રૂપમાં કોઈને કોઈ મહાસત્તા તેમની પ્રગતિ કરવામાં અને આગળ ધપાવવામાં સહયોગ કરી રહી હોય છે. નબળા પ્રકાંડવાળી વેલ પણ ઝાડના સહારાથી ઊંચી વધે છે અને ઝાડ જેટલી ઊંચાઈ સુધી પહોંચે છે. ઉડાડનારની કુશળતા પતંગને આકાશમાં ઉડાડે છે. બાજીગર કઠપૂતળીને પણ જીવતા જેવો કલા અભિનય બતાવવાનું ગૌરવ અનુભવે છે. બુદ્ધની કૃપાથી અંગુલિમાલ, અંબપાલી જેવા પછાત અને આનંદ અને કુમારજીવ જેવા સામાન્ય કક્ષાના માનવીઓ વિશ્વપ્રખ્યાત બની ગયાં. મોટાંઓની વાત જતી કરીએ તો પણ સામાન્ય વિકાસક્રમમાં પણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણાથી ઉચ્ચકક્ષાના માનવીનો સહયોગ જોઈએ જ. માતા પોતાના બાળકની સુરક્ષા અને સહાયતામાં હંમેશાં જોડાયેલી રહે છે અને પિતા તેના ભરણપોષણ અને પ્રગતિના સાધનો સંપાદન કરવામાં હંમેશાં વ્યસ્ત રહે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં આ બંને કાર્યો એક જ "ગુરુ" એ કરવાં પડે છે. કોઈ પણ પ્રકારના માર્ગદર્શક વગર પણ પોતાની નિષ્ઠાને આધારે એકલવ્ય જેવા ખૂબ ઉચ્ચકક્ષાની પ્રગતિ કરી શક્યા છે, પરંતુ એ અપવાદ છે. સામાન્ય નિયમ તો એવો છે કે કૃષ્ણે સાંદપનીનો, રામે વિશ્વામિત્રનો અને પાંડવોએ દ્રોણાચાર્યનો આશ્રય અપનાવી લીધો હતો.

પ્રજ્ઞાયુગ નજીક છે અને તેમાં મહાપ્રજ્ઞા ગાયત્રી યુગશક્તિના સ્વરૂપે બહાર આવી રહી છે. તેનો આશ્રય લેનારા લોકો પ્રાસંગિક આપત્તિઓ સામે ઝઝૂમવામાં અને ઉજ્જવળ ભવિષ્યની ભૂમિકા બનાવવામાં અન્ય બધા સમુદાયોની સરખામણીમાં ખૂબ જ શક્તિમાન રહેશે.

જાગૃત આત્માઓએ આ દિવસો દરમ્યાન આત્મકલ્યાણ અને લોકમંગલ એ બંને મોરચાઓ સંભાળવા પડશે. આના માટે તેમની પોતાની શક્તિ પૂરતી નહીં હોય. તેમણે એના સિવાય સહાય જોઈશે. યુદ્ધના મોરચા ઉપર એકલા સિપાઈ લડતા નથી. તેના માટે જરૂરી સાધનો જોડવામાં સમર્થ સરકાર પીઠ પાછળ રહે છે. આવી સહાયો અદૃશ્ય દૈવી કૃપાની માફક ગુરુદીક્ષાના માધ્યમથી મેળવી શકાય છે. યુગનિર્માણના સૂત્રસંચાલકોનું ઉદાહરણ આ પ્રકારનું છે. એમાં સત્પ્રયોજનો માટે ઉપયોગની શરતે હજારો સહાય મળવાનો સનાતન નિયમ પૂર્ણ કરવાની વાત પ્રત્યક્ષ જોઈને પારખી શકાય છે.

સાધકની શ્રદ્ધા સાથે ગુરુશક્તિને જોડવાની પ્રક્રિયાને ગુરુદીક્ષા કહેવામાં આવે છે. જ્યારે ગુરુશક્તિ સાથે શ્રદ્ધાવાન બનીને શિષ્ય તેનો લાભ લેવા માટે શ્રદ્ધાભર્યા સંકલ્પની સાથે કટિબદ્ધ થાય છે ત્યારે દીક્ષાની પૃષ્ઠભૂમિ બને છે. દીક્ષાકૃત્ય, છોડ માટે વિકસિત વૃક્ષની કલમ બાંધવા જેટલું મહત્ત્વ જાળવે છે. જો એ લગાડેલી ડાળીમાં છોડ પોતાનો રસ જોડી શકે તો તે ડાળી કમાલ કરી દે છે નહિ તો કંઈ થઈ શકતું નથી. પૌષ્ટિક ખોરાકથી શરીર હૃષ્ટપુષ્ટ બને છે, પરંતુ તેના માટે ખોરાક પેટમાં પહોંચે એટલું જરૂરી નથી. પેટ પોતાના પાચક રસો તેમાં મિલાવે, તેનો પોષક રસ ખેંચે અને લોહી સુધી પહોંચાડે ત્યારે જ આ વાત શક્ય બને છે. યજ્ઞમાં શ્રેષ્ઠ હવનસામગ્રીનું હવન કરવાથી વાતાવરણ પવિત્ર બને છે. પરંતુ જ્યારે યજ્ઞકુંડની અગ્નિ આ હવનસામગ્રીને પોતાની ઉષ્માથી બાષ્પીભૂત કરે ત્યારે જ આ પ્રક્રિયા સધાય છે. આજ પ્રમાણે ગુરુના આશીર્વાદ મેળવીને શિષ્ય જ્યારે તેની સાથે પોતાના શ્રદ્ધાભર્યા સમર્પણથી જોડાય છે ત્યારે ઈચ્છિત સફળતા મળે છે. દીક્ષાની સાર્થકતા, સફળતા તેમજ નિરર્થકતા અને નિષ્ફળતાનું રહસ્ય આ જ છે.

દીક્ષાને સાર્થકતા આપનારી આ શ્રદ્ધા પ્રક્રિયાને "દક્ષિણા" કહે છે. જે છોડમાં કલમ લગાડવામાં આવી તે છોડે પોતાના રસનો એક અંશ તે ડાળીમાં સંચારિત કરવો પડે છે. ગુરુદ્વારા આરોપિત પ્રાણનો વિકાસ કરવા માટે શિષ્યએ પોતાના સમય, સાધન અને પુરુષાર્થના ચોક્કસ અંશનો શ્રદ્ધાપૂર્વક નિયમિત રૂપથી ગુરુના નિર્દેશ પ્રમાણે ખર્ચ કરવો પડે છે. તેને જ દક્ષિણા કહેવાય જે દીક્ષાને સાર્થક બનાવી શકે છે. ગુરુ દ્વારા દીક્ષા અને શિષ્ય દ્વારા દક્ષિણા આપવાનો ક્રમ એટલા માટે જ પરસ્પર પૂરક અને અનિવાર્ય પ્રક્રિયાઓના રૂપમાં બતાવવામાં આવેલો છે.

બીજમાંથી વૃક્ષ બનવું હશે તો તેને ખાતર અને પાણીની જરૂર પડશે જ. અગ્નિને સળગાવવા માટે બળતણ જોઈએ છે. આહારને પચાવવા માટે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પેટમાં પાચકરસો જોઈએ છે. વર્ષાનો લાભ સપાટ જમીનને જ મળે છે. ઔષધિ તેવા ઉપર જ કામ કરે છે જેમાં જીવનીશક્તિ હાજર છે. પારસ પાત્ર લોખંડને જ સુવર્ણ બનાવે છે, દરેક ધાતુને નહીં. આ પ્રમાણે શક્તિવાન ગુરુની દીક્ષાનું ફળ નિશ્ચિત રૂપે ઉત્પન્ન થાય છે પરંતુ જ્યારે તે એકાંગી હોય છે ત્યારે શક્ય નથી. એમાં ગુરુની શક્તિ અને શિષ્યની પાત્રતા સમાનરૂપે જરૂરી છે. એક હાથે તાળી ક્યાં પડે છે ? આંખ હોય તો જ દૃશ્ય જોઈ શકાય છે, કાન કામ કરે તો શબ્દ સંભળાય છે. મગજ સારું હોય તો જ તાલીમની ઉપયોગિતા છે. શિષ્યની સહાય અને ગુરુની કૃપા સમાન રૂપે મળે તો જ ચમત્કારી ફળ પ્રાપ્ત થાય છે. એટલા માટે જ ગુરુદીક્ષાની પૂરક ગુરુદક્ષિણા બતાવવામાં આવેલ છે. સાચી આત્મિક શક્તિ માટે ગાડીના આ બંને પૈડા સમાન રૂપે ગતિશીલ થવા જોઈએ.

**ગુરુદીક્ષાના ત્રણ સ્વરૂપ છે.**

(૧) **મંત્ર દીક્ષા** : અર્થાત્ સંકલ્પ અને શિસ્તપાલન.

(૨) **પ્રાણ દીક્ષા** : ભૂમિમાં બીજ વાવવાની ક્રિયા, ગર્ભ ધારણ, વૃક્ષમાં કલમનું નિયોજન, બે પ્રાણનું આંશિક એકીકરણ.

(૩) **બ્રહ્મદીક્ષા** : સમર્પણ, વિલય, વિસર્જન, શરણાગતિ, એકાત્મ, અદ્વૈત.

બે શરીરનું એક પ્રાણની સંરચના માટે જોડાણ. ગાયત્રી મહાવિજ્ઞાનના તૃતીય ખંડમાં આની વિસ્તૃત ચર્ચા છે.

**ગુરુ દક્ષિણાના ત્રણ પક્ષ છે :**

(૧) ઉપાસનામાં નિયમિતતા અને નિષ્ઠાનો સમન્વય.

(૨) જીવનસાધનામાં ભાવભરી તત્પરતા, શ્રેષ્ઠ જીવન તેમજ ઉદાર વ્યવહારમાં અવિરત પ્રગતિ.

(૩) સત્પ્રવૃત્તિ સંવર્ધન માટે અનુકરણીય સહાય.

આજ જેની જે સ્થિતિ છે તેની સરખામણીમાં કંઈ કરવાની, કેટલાક મોટા તેમજ આદર્શવાદી સાહસિક કદમ ઉઠાવવાનો નિશ્ચય કરવો એજ ગુરુદક્ષિણાનું સ્વરૂપ છે. કોણ શું કરશે ? તેનો નિર્ણય તેણે પોતે જ કરવો જોઈએ અને જે વિચાર્યું હોય તેને ગુરુદક્ષિણાના રૂપમાં સંકલ્પ સાથે જાહેર કરવું જોઈએ.

દીક્ષાના ગ્રહણકર્તાઓ પાસેથી મહાપુરુષ ગુરુદેવની અપેક્ષા છે કે તેઓ નવનિર્માણ અભિયાનને સફળ બનાવવા માટે પોતાનું અંશદાન હાલની સરખામણીમાં એટલું વધારે કે જેટલું મહત્તમ શક્ય હોય. આજકાલ માનવતા જીવનમરણના હીંડોળે ઝોલાં ખાય છે. રાક્ષસીમાયાઓ સાથે લડવાનો અને ઉજ્જવળ ભવિષ્યનો શિલાન્યાસ કરવાનો આ યોગ્ય સમય છે. આ મહાન હેતુને પૂર્ણ કરવા માટે પ્રજ્ઞા પુત્રોનું અધિક્તમ અંશદાન જરૂરી છે. તેઓ પોતાના સમયનું, સાધનોનું જેટલું વધુમાં વધુ અંશદાન આપે તેટલું આપવા અધિકાધિક ઉદારતા બતાવે. કંજૂસાઈને વચ્ચે આવવા ન દે તે અત્યંત જરૂરી છે.

પૂ. ગુરુદેવની યુગનિર્માણમાં સંલગ્ન શક્તિ હિમાલયના ઉચ્ચ કેન્દ્રોમાંથી આવી રહી છે અને તેઓ તેનું ચોક્કસ નિર્દેશોને (સૂચનોને) અનુરૂપ વિતરણ કરતા રહે છે. તેમની પોતાની ત્રણ કમાણીઓ છે.

(૧) અસંખ્યોની સેવા સાધનાના બદલે કમાયેલું કૈલાસ પર્વત જેટલું પુણ્ય. (૨) અંતરંગ અને બહિરંગની કઠોર તપશ્ચર્યા દ્વારા અર્જિત માનસરોવર જેવી તપશ્ચર્યા. (૩) હજારોગણી આત્મીયતાથી હૃદયાકાશમાં ડૂબાડૂબ ભરેલી ભક્તિ ભાવના અને કરુણતાભરી આત્મીયતા.

આ ત્રણ વૈભવોનો અધિકાંશ ઉપયોગ તેઓ દીક્ષા પ્રાપ્ત કરેલા આત્મીય માનવોના સુખ સમૃદ્ધિ માટે કરે છે. આ સહાયથી અસંખ્ય લોકોને કાયાકલ્પ જેવી પરિવર્તિત મનસ્થિતિ અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિસ્થિતિનો સર્વોત્તમ લાભ થયો છે. આ મેઘવર્ષા ભૂતકાળમાં કેવી રીતે વરસી અને કેટલાયે કેટલો લાભ મેળવ્યો તે સર્વવિદિત છે. ભવિષ્યમાં તે વાદળો હજી પણ વધુ સઘન બનતા જાય છે અને ઘનઘોર ઘટાટોપ વરસાદની પૂર્વ તૈયારીમાં સંલગ્ન છે. દીક્ષા મેળવેલા આત્મીયજનોને તે સહાયનો વિશિષ્ટ લાભ મળી રહ્યો છે. પરંતુ આ સત્યને એક ક્ષણ માટે પણ ભૂલવું ન જોઈએ કે પથ્થર ઉપર મુશળધાર વરસાદ પડવા છતાં હરિયાળી ઉગી શકતી નથી. જ્યાં લાલચ જે દીક્ષાનું કારણ બને અને શ્રદ્ધા જન્મવાના કોઈ ચિહ્નો પ્રગટ થતા ન હોય તો સશક્ત દીક્ષા પણ પોતાનું માથું ફેરવીને અસફળતા સ્વીકારીને પરત આવશે. નઠોરપણું અને કંજૂસાઈવાળા પથ્થરો જો એકના બે થતા ન હોય તો સમજવું જોઈએ કે દીક્ષા અને દક્ષિણાના ઉભયપક્ષીય સંયોગથી ચાલનારા સશક્ત વિદ્યુત પ્રવાહનો આધાર સમાપ્ત થઈ ગયો છે. એવી દીક્ષાઓ માત્ર વિટંબણાઓ જ બની રહે છે. આવી દીક્ષાઓ ગમે તેટલી સશક્ત વ્યક્તિ દ્વારા આપવામાં આવી હોય તો પણ તે નકામી નીવડે છે.

પોતાના કુટુંબીજનોમાં એક વધુ સભ્ય ઉમેરો. તે છે ગુરુદેવનું પ્રાણપ્રિય "પ્રજ્ઞા અભિયાન", "ગાયત્રી પરિવાર", "યુગ નિર્માણ મિશન". પ્રત્યેક કુટુંબી માટે સમય અને સાધન કામે લગાડવાં પડે છે. આ નવા કુટુંબનું પણ તે જ પ્રમાણમાં ભરણપોષણ કરો. અધિક ન બને તો ઓછું પણ ન માનો. તેમની પ્રગતિ માટે જે વિચારો છો તેનાથી ઓછું પ્રજ્ઞા અભિયાનની પ્રગતિ માટે પણ ન વિચારો. તેમાંથી પ્રત્યેક ઉપર જે કંઈ ખર્ચ કરો છો તેનાથી પૂ. ગુરુદેવની પ્રાણચેતનાનું પરિપોષણ કરવામાં ઓછું ન કરો. સમય સર્જનાત્મક પ્રવૃત્તિઓના સંવર્ધનમાં લગાડો. પોતાના ક્ષેત્રમાં નવ જાગરણનો ઢંઢેરો પિટાવવામાં જનસંપર્ક સ્થાપો. મહિનામાં એક દિવસની આજીવિકા, ન્યૂનતમ ૨૦ પૈસા અથવા જે સંભવિત હોય તે નિયમિત રૂપે શાંતિકુંજ મોકલો જેથી નવ સર્જનમાં જોડાયેલા યુગશિલ્પીઓના નિર્વાહ, વાહનવ્યવહાર ખર્ચ વગેરેની જરૂરિયાત તે સહાયથી પૂર્ણ કરી શકાય.

મીરાએ પથ્થરમાંથી જીવંત, "ગિરધર ગોપાલ" બનાવ્યાં હતાં. રામકૃષ્ણ પરમહંસની "કાલી" પોતાનો પરિચય આપતી હતી. એકલવ્યના દ્રોણાચાર્યએ ચમત્કાર બતાવ્યા હતા. પ્રાણ દીક્ષિતોની શ્રદ્ધા પોતાના જીવની હોવાના પુરાવા, ભાવભરી ગુરુદક્ષિણાના માધ્યમથી આપશે તો ચોક્કસ તે સહાય અનેક ગણા વરદાન લઈને પરત આવશે. આધ્યાત્મિક પ્રગતિમાં અનુદારતા (કંજુસાઈ) જ નિષ્ફળતાનો મુખ્ય અવરોધ બનીને ઊભી રહે છે. દીક્ષિતોએ આ અવરોધ દૂર કરવામાં સમર્થ અને શક્તિમાન બનવું જોઈએ.

**ભગવાન રામચંદ્રજીએ હનુમાનજીને છાતીએ લગાવી દીધા. સુગ્રીવને ન લગાવ્યો. કરણી જોઈ, તો હનુમાનજીને પુત્ર માન્યો. ભગવાન કહે છે કે તારા જેટલો ઉપકાર કરનાર બીજો કોઈ નથી. જેઓ પોતાનું જ ઘર બનાવે છે, દિકરીનું લગ્ન કરવું, મકાન, દુકાન, નોકરી, પુત્ર, ધન-આવું જ જે વિચારતા રહે છે, પરોપકારની વાત ક્યારેય વિચારતા નથી, તેમને ભગવાનનો પ્રેમ ક્યાંથી મળે ? ભગવાન કહે છે - હનુમાન ! તારા જેવો ઉપકાર કરનાર અને વહાલો કોઈ નથી.**

* * *

**પારકી આશા સદા નિરાશા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

(વસંત પર્વ ૧૯૮૧ પર શાંતિકુંજમાં આપેલું પ્રવચન)

**ગાયત્રી મંત્ર અમારી સાથોસાથ બોલો.**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

**દેવીઓ અને ભાઈઓ,**

જે દિવસે ભગવતી સરસ્વતીએ આ પૃથ્વી પર અવતાર લીધો હશે તે દિવસ કેટલો શુભ હશે. આપણે ભગવતી સરસ્વતીને પ્રકૃતિની અંદર સમાયેલ વસંતના રૂપમાં જોઈએ. તે દિવસે પદાર્થોમાં ઉલ્લાસ આવે છે, ઉમંગ ઉમટે છે અને પાંદડા ખરી જઈને ફૂલો ખીલે છે. બાળકોમાં આપણે જોઈએ છીએ કે વસંત કેવી રીતે હસે છે અને આનંદ પામે છે. વસંત કોયલના ટહુકાર રૂપે જોવા મળે છે, ભમરાના ગુંજનમાં અને અન્ય પ્રાણીઓમાં ધબકાર તેમજ પુલકનના રૂપમાં દેખાઈ આવે છે.

વસંતના દિવસોમાં પ્રત્યેક પ્રાણીમાં એક ઉલ્લાસ અને ઉમંગ દેખાય છે. આ સમયમાં સૃષ્ટિમાં સર્જનની પ્રક્રિયા વધુ થાય છે. પ્રાણીઓ અને વનસ્પતિમાં ગર્ભધારણનો અવસર વિશેષ પ્રમાણમાં થતો હોય છે. મનુષ્યોમાં પણ વસંત ઉમંગ અને પ્રસન્નતા જન્માવે છે. આ જ રૂપમાં ભગવતી સરસ્વતીએ આ પૃથ્વી પર પોતાનો આનંદ અને ઉત્સાહની લહેરો જન્માવી છે.

આજથી ઘણા દિવસો પહેલાંના જે દિવસને ભગવતી સરસ્વતીના અવતરણને જ્ઞાનના અવતરણનો દિવસ કહીએ છીએ તે દિવસ કેટલો શુભ દિવસ બન્યો હશે. મનુષ્યની અંદર સરસ્વતી જ્ઞાનના રૂપમાં આવી હશે. મનુષ્ય કયારેક અસભ્ય રહ્યો હશે, જંગલી માનવની જેમ રહ્યો હશે, નરવાનરની જેમ ફરતો હશે, અન્ય પ્રાણીઓ કરતાં કયાંય કમજોર અને દુર્બળ રહ્યો હશે.

તે કૂતરાની જેમ દોડી શકતો નથી, હરણની માફક કૂદકા ભરી શકતો નથી, વાનરની જેમ છલાંગ મારીને વૃક્ષ પર કૂદાકૂદ કરી શકતો નથી, પક્ષીઓની જેમ ઉડી શકતો નથી અને માછલીની માફક તરી પણ શકતો નથી. આ રીતનું સામર્થ્ય તેનામાં નથી. માણસ ઘણો જ કમજોર છે. તે આટલો બધો કમજોર હોવાં છતાંય વિકસિત થતો ગયો તથા સમગ્ર સૃષ્ટિનો મુગટમણિ બની ગયો. તે આજે પ્રાણીઓનો જ નહીં સમગ્ર સૃષ્ટિનો સ્વામી હોવાનો દાવો કરે છે. મનુષ્ય આમ કેવી રીતે બની ગયો ? આ તેની બુદ્ધિ અને વિચારોના ચમત્કારનું પ્રતિફળ છે.

જેનો આપણે આનંદ માણીએ છીએ તે દિવસ કેટલો સૌભાગ્યશાળી હશે કે જ્યારે અન્ય પ્રાણીઓની તુલનામાં તેની બુદ્ધિ વિકસિત થઈ હશે. આપણને જંગલી માનવીમાંથી આધુનિક માનવી બનાવનારું આ વસંત ઘણી જ મહત્ત્વપૂર્ણ છે કે જેનો આપણે આનંદ મનાવીએ છીએ. ભગવતી સરસ્વતીની કૃપાથી આપણને ભાવના અને વિચારશકિત મળી છે. એને વિદ્યા-શિક્ષણના નામે પણ ઓળખીએ છીએ. ખુશીનો આ દિવસ આપણે પ્રત્યેક વર્ષે મનાવીએ છીએ. પ્રત્યેક શિક્ષણ સંસ્થામાં મનાવવામાં આવે છે. ત્યાં સરસ્વતીની વંદના કરીએ છીએ. આ પ્રથા ઘણા વર્ષોથી ચાલતી આવી છે. આપણે પણ જ્ઞાનપ્રેમી અને વિદ્યાપ્રેમીની રીતે આ પર્વ મનાવીએ છીએ. પરંતુ આપણું વસંતપર્વ કંઈક વિશિષ્ટ છે.

આજથી લગભગ ૫૫ વર્ષ પહેલાં અમારા વ્યકિતગત જીવનમાં એક વસંત આવી હતી, જેમાં સામાન્ય પાનખરની જેમ એક શુષ્ક માણસમાં નવીન પાન આવી ગયા અને નવો ઉત્સાહ ઉમટી પડયો. એક નાના ગામમાં રહેનાર બાળકના જીવનમાં વસંત પર્વના દિવસે એક દૈવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શકિતએ આવીને તેની સાથે વાતચીત કરી. તે દૈવી શકિતએ કહ્યું, "તમારી પાસે અમારે કેટલાંક વિશિષ્ટ અને મોટા કાર્યો કરાવવાં છે, અને તે માટે તમને શકિતશાળી બનાવવા છે" અમે કહ્યું, "આપ બનાવી દો, અમે મજબૂત અને શકિતશાળી બનવા માટે તૈયાર છીએ. સમર્થ બનવા માટે મજબૂત માનવીની જરૂરિયાત જણાય છે. આપ અમને એને યોગ્ય બનાવો"

તેમની સાથે વાતચીત શરૂ થઈ ગઈ. જેમને હું બૉસ, માર્ગદર્શક અને ગુરુ કહું છું તે દિવ્ય સત્તા એક નાની સરખી ઓરડીમાં વસંત પર્વના દિવસે જ આવી હતી. તે વેળાએ અમારી ઉંમર ૧૫ વર્ષની જ હતી. અમે પૂછયું, "આપ શી મદદ કરશો ?" તેમણે કહ્યું, "અમે એક જ સહાય કરીશું અને તેમાં તમારી કામનાઓને ભાવનામાં બદલી દઈશું." કામનાઓ કોને કહેવાય છે ? કામનાઓ વિશે હવે અમે વાત કરીશું. એ બે છે. એક પેટની ભૂખ છે, જે ઘડિયાળના લોલકની માફક ખટખટ કરીને આમતેમ જાય છે. એ રોટી માગે છે, રોટીની ભૂખનું શુદ્ધ રૂપ છે 'લોભ'. લોભી પ્રાણી સંગ્રહ કરવા ઈચ્છે છે, મોટો માનવી બનવા ઈચ્છે છે, શેઠ બનવા ઈચ્છે છે. અન્ય પ્રાણીઓ પેટ ભરવા ઈચ્છે છે.

પ્રાણીઓમાં બીજી વૃત્તિ હોય છે જોડકાં રૂપે સાથે રહેવાની. મનુષ્યમાં તેનું રૂપ વિકસિત થયેલું છે. તે વિકસિત રૂપમાં લગ્ન કરીને જોડકું બનાવે છે. અન્ય પ્રાણીઓમાં આવું બનતું નથી. ત્યાં ફકત પસંદગી થાય છે અને તે પછી મિલન થાય છે. બંનેનું મિલન થવાથી બચ્ચાં જન્મે છે. નર અને માંદાનો પ્રેમ બચ્ચાંઓને મળે છે, ત્યારબાદ કોઈ પણ તેમનાથી અલગ રહેવાનું પસંદ કરતું નથી. એને 'મોહ' કહેવામાં આવે છે.

મિત્રો ! પ્રત્યેક પ્રાણીમાં લોભ અને મોહ વિકસિત થઈ રહ્યાં છે. પ્રત્યેક પ્રાણીમાં પ્રકૃતિએ બક્ષેલી બે વસ્તુઓ છે, જેને આપણે લોભ અને મોહ કહીએ છીએ. જાનવરોમાં તેને પેટ તથા પ્રજનનની વૃત્તિ કહેવાય છે. મનુષ્ય સમજદાર છે એટલા માટે પેટ અને પ્રજનનનું વિકસિત રૂપ લોભ અને મોહ કહેવાય છે. એને 'કામના' કહેવાય છે. આ કામનાઓ લોકોમાં જુદી જુદી ગ્રંથિઓ રચે છે.

મનુષ્ય જો પોતાનો વિકાસ કરવા ઈચ્છતો હોય તો તેણે કામનાઓની જગ્યાએ બીજી ચીજો પસંદ કરવી જોઈએ. મનુષ્યએ મોટા માનવી બનવું હોય, સુસંસ્કૃત થવું હોય, મજબૂત બનવું હોય અને દેવતા થવું હોય તો તેણે પોતાની યોગ્યતા સાબિત કરવી પડશે. તેણે પોતાની કામનાને બદલીને તેને ભાવનામાં વિકસાવવી જોઈએ. કામના શરીર સાથે સંકળાયેલી બાબત છે.

મિત્રો ! હું આપની સમક્ષ લોભ-મોહ અર્થાત્ વાસના-તૃષ્ણાની વાત પર ભાર મૂકી રહ્યો હતો. આ ચીજો મનુષ્યના શરીર સાથે સંબંધિત છે. મનુષ્યના સ્થૂળ શરીરનો વિકાસ થઈ જાય છે ત્યારે તેની અંદર બીજા પ્રકારની ભૂખ પેદા થઈ જાય છે, તે ભૂખ જીવાત્માની હોય છે. જીવાત્માની ભૂખને 'ભાવના' કહેવાય છે. અમારા ગુરુએ કહ્યું કે તમારે ભાવનાના ક્ષેત્રમાં પ્રવેશવું અને વિકસિત થવું જોઈએ તથા કામનાઓથી ઉપર ઉઠવું જોઈએ.

કામનાઓની ઉપેક્ષા કરી શકાય નહીં કેમકે આપણે શરીરધારી છીએ. શરીરને જીવંત રાખવા માટે કુટુંબ, સમાજ અને સેવાની પણ જરૂરિયાત છે. પેટપાલન કરવા માટે રોટી (ખોરાકની) ની કમાણી કરવી જરૂરી છે. પેટપાલન કરવા માટે માત્ર મુઠ્ઠી જેટલાં અનાજની જરૂરિયાત છે. મનુષ્ય ઓછા ખર્ચમાં પણ પોતાના કુટુંબને સુસંસ્કારી બનાવી શકે છે. પરંતુ તેમ ન કરતાં તે પબ્લિક સ્કૂલમાં પોતાના બાળકોને દાખલ કરે છે. આપને કેટલા બાળકો છે ? ત્રણ બાળકો છે. આપને ૨૫૦૦ રૂપિયા આપવા જોઈએ. પરંતુ તમારી અંદર સુસંસ્કારિતા હોય તો ઓછી રકમમાં પણ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કામ ચલાવી શકો છો. તે વિનોબાની માતાએ ખરેખર તેમ જ કરેલું. વિનોબાની માતા તેમના બાળકોને સુયોગ્ય તથા સુસંસ્કારી બનાવવા ઈચ્છતા હતા. શું બાળકોને આગળ વધારવા અને ભણાવવા માટે પૈસાની જરૂરિયાત જણાય છે ? ના, પૈસાની નહીં પરંતુ સુસંસ્કારોની જરૂરિયાત છે, જેનું નામ 'ભાવના' છે. જો કોઈ સ્ત્રી એવું ભણી-ગણી હોય, પરંતુ તે સુસંસ્કારી હોય તો પોતાના બાળકોને બ્રહ્મજ્ઞાની બનાવી શકે છે. વિનોબાની માતા સુસંસ્કારી હતાં, આથી ત્રણે બાળકોને મહાન પુરુષો બનાવ્યાં. તેમાં એકનું નામ વિનોબા, બીજાનું નામ વાલ્કોબા અને ત્રીજાનું નામ વિઠોબા હતું. ત્રણે બાળકો બ્રહ્મજ્ઞાની અને બ્રહ્મચારી સંતો બની ગયા અને સમાજના કામમા આવ્યાં. કેમ સાહેબ ! શું પૈસાની જરૂર પડી ? ના, ભાઈ સાહેબ પૈસાની જરૂરિયાત પડતી નથી.

શકુંતલાનું જ્યારે કણ્વ ઋષિના આશ્રમમાં પાલનપોષણ થયું હતું ત્યારે કણ્વ-ઋષિની પાસે કેટલા પૈસા હતા ? ના, ભાઈ સાહેબ, કશું ન હતું. શકુંતલાને સુસંસ્કારનું વાતાવરણ મળ્યું હતું, જેના દ્વારા તેણે પોતાના બાળકને 'ભરત' બનાવ્યો. સીતાને જ્યારે લવકુશ જન્મ્યા હતા ત્યારે સીતા વાલ્મિકીના આશ્રમમાં હતી, ત્યાં કઈ કઈ સગવડો તથા વ્યવસ્થા હતી, તે શું તમે બતાવી શકો છો ? ના, કોઈ સગવડ ન હતી. મનુષ્યને વિકસિત કરવા માટે ભાવનાની જરૂરિયાત છે. શરીરને પોષણ આપવા, સુંદર બનાવવા, સુખી બનાવવા માટે કામનાઓની જરૂરિયાત હોઈ પણ શકે છે, જેને તમે દોલત કહી શકો છો, સગવડ કહી શકો છો. પરંતુ આત્માને વિકસિત કરવા માટે દોલતની કોઈ ખાસ જરૂરિયાત નથી. આપણે ઋષિઓ અને સંતોની માફક કુટુંબનું પાલન કરતાં રહીને ઘણી સરળતાથી જીવી શકીએ છીએ અને શાંતિથી ગુજરાન કરી શકીએ છીએ, પરંતુ આપણે શું કરીએ ? એક વાસના આપણા ઉપર એવી છવાઈ ગઈ છે, કે જેને આપણે એક પ્રકારનો 'નશો' કહી શકીએ છીએ. આપણે નશામાં ડૂબેલા મનુષ્યની જેમ ફરી રહ્યા છીએ. આ કામનાઓ છે. કામનાઓને બીજા શબ્દોમાં એક પ્રકારનો નશો કહી શકીએ છીએ, જેની કોઈ જરૂરિયાત નથી. આ જ્યારે આપણા મગજ પર છવાઈ જાય છે ત્યારે મગજને ખૂબ ખરાબ રીતે જકડી લે છે. સમજદારી અને હાથ-પગને પકડી લે છે, શરીરના પ્રત્યેક અંગને પકડી લે છે.

આજે વસંતનો દિવસ છે, જેને હું મારા સૌભાગ્યનો દિવસ માનું છું. તે દિવસે અમારા ગુરુએ કહ્યું કે તમોએ પોતાની જાતને કામનાઓની દિશામાંથી પાછી વાળીને બીજી દિશામાં આગળ વધારવી જોઈએ. તમોએ પોતાની વિચારધારાને બીજી દિશામાં વાળી દેવી જોઈએ અને ભાવનાના ક્ષેત્રમાં પ્રવેશ કરવો જોઈએ. જે દિવસથી તેમની (ગુરુની) ઈચ્છા તે અમારી ઈચ્છા ગણી તે દિવસથી અમારા સૌભાગ્યનો ઉદય થઈ ગયો. ત્યારથી હું ક્રમશઃ મજબૂત બનતો ગયો.

તેમણે કહ્યું-સિદ્ધાંતોનું પાલન કરવા મનુષ્યે કઠોર અને બળવાન બનવું જોઈએ. જો મજબૂતી આવશે તો આપણે જે બીજી વસ્તુ આપવા ઈચ્છીએ તેને મેળવવાના હકદાર બની જઈશું. ત્યારથી અમે અમારી ભાવનાને પરિપકવ અને મજબૂત કરવા માટે સંકલ્પ કર્યો. તેમણે (ગુરુએ) જે સંકલ્પ આપ્યો તેને જીવન પર્યંત નિભાવ્યો. સમય નાનો સરખો હતો. તેમણે કહ્યું-તારે ૨૪ વર્ષ સુધી જવની રોટલી અને છાસ પર નિભાવ કરવો પડશે. ખાવાની બાબતમાં, જીભની બાબતમાં બે જ વસ્તુઓનો ઉપયોગ કરવો પડશે, અમે કહ્યું-હા ! જીભ પર જે હુકમ ચલાવે છે, તેને ચલિત કરે છે, તેના પર હુકમ કરી શકો છો ? અમે કહ્યું-હા, અમે જીભ અને મગજ બંને પર હુકમ કરી શકીએ છીએ.

અમે મગજ પર નિયંત્રણ કર્યું. જે લોકોને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખાતા જોયા, મગજે કહ્યું-અમારે પણ જોઈએ. બધા લોકો ઘણી ખુશીથી ખાય છે, તમારે પણ ખાવું જોઈએ. અમે મગજને કહ્યું-આપ અમારા છો કે અમે આપના છીએ ? મગજે કહ્યું-અમે તો તમારા છીએ. અમે કહ્યું-તો પછી તમારે અમારી વાતો, અમારુ કહેવું માનવું જોઈએ. તેને સમજાવી દીધું-જે સ્વાસ્થ્યની દૃષ્ટિએ જરૂરી છે, તે જ આપણે કરવું જોઈએ. જીભની આજ્ઞા અમે ના માની. કહ્યું-અમારા ગુરુદેવની આજ્ઞા આદર્શો-સિદ્ધાંતોની છે અને તેમની આજ્ઞા ઘણી જબરદસ્ત છે, જે અમે માનવી જોઈએ. આ રીતે ક્રમશઃ અમારા સંકલ્પો મજબૂત થતા ગયા અને અમે સંકલ્પવાન બનતા ગયા.

સિદ્ધાંતોનું પાલન કરવામાં આપણી કમજોરીઓ કેવી રીતે તંગ કરે છે, આપણા પાડોશીઓ કેવી રીતે તંગ કરે છે ? સંબંધીઓ, કુટુંબીઓ કેવી રીતે તંગ કરે છે ? ૨૪ વર્ષના સમયગાળામાં અમે તે અનુભવ્યું. દુનિયા પોતાની સાથે ન ચાલનારાઓની કેવી મજાક ઉડાડે છે, કેવા મૂર્ખ બનાવે છે, ઉપહાસ પણ કરે છે, એ પણ મેં જોયું, પરંતુ હું શું કરી શકતો હતો ? મેં કુટુંબીઓની સાથે, મહોલ્લાવાળાની સાથે, સમાજની સાથે, ઈન્દ્રિયોની સાથે ટક્કર લીધી. પ્રત્યેકની સાથે ટક્કર લેતાં-લેતાં આજે અમારું સૌભાગ્ય તેમણે લોકોનું બનાવી દીધું. આ કઈ વસ્તુ હતી ? ભાવના હતી. કોણે આપી ? અમારા ગુરુદેવે આપી. એને હું વસંત કહું છું. જ્યારથી હોશ સંભાળ્યો ત્યારથી આજ સુધી ૫૫ વસંત જોઈ. આ અમારું ૫૬મું વસંત પર્વ છે આજે હું ૭૦ વર્ષનો થઈ ગયો. એમાં ૧૫ વર્ષ તો બચપણમાં ગયા, જે વેળા મારો સંબંધ પારસ સાથે ન થયો હતો. તે સમય સુધી તો હું સાધારણ માણસ જેવો હતો; પરંતુ ૧૫ વર્ષની ઉંમર પછી પારસનો સ્પર્શ થતો ગયો તેમ અમારી શકલ બદલાતી ગઈ. શકલનો અર્થ છે અમારો ઈમાન, અમારો દૃષ્ટિકોણ, અમારું ચિંતન, બીજા મનુષ્યો જેવું વિચાર છે તેવું હું કરતો નથી. બીજા મનુષ્યોની આકાંક્ષા જેવી છે તેવી મારી નથી. તેઓ જેવા દૃષ્ટિકોણને આધારે નિર્ણય કરે છે, તે આધાર પર હું નિર્ણય કરતો નથી. આ શું થયું ? પારસને સ્પર્શ થવાનું થયું એ મારું સદ્‌ભાગ્ય હતું. હું કોણ ? લોઢું. મારા જીવનમાં વસંત આવી ગઈ. આજથી ૫૫ વર્ષ પહેલાં પાનખરના સિદ્ધાંતો મુજબ મારા આદર્શો, સંકલ્પોમાં વસંતની કુંપળો ફૂટી એ મારું સૌભાગ્ય હતું. આજે તો એમાં ફૂલ આવી રહ્યાં છે અને ન જાણે કઈ કઈ વસ્તુઓ આવી રહી છે. તે સંકલ્પોને કારણે, કામનાને ભાવનાના રૂપમાં બદલી દેવાથી આજે હું શું નો શું છું. મને ઘણી પ્રસન્નતા થઈ. એને હું ભગવતી સરસ્વતીનું વરદાન માનું છું કે મારા જેવા શુષ્ક મનુષ્યમાં પણ પાન પેદા કર્યા. કઈ કઈ વસ્તુઓ આવી ગઈ. બોરને જોઈને કોયલ આવી ગઈ, ખીલેલાં ફૂલો જોઈને ભમરા ગુંજન કરવા આવી ગયાં. આ ફૂલોને જોઈને ન જાણે કેટલાય મનુષ્યો આવી ગયા. બાળકોએ લાલચભરી નજરથી ફૂલોને અને ફળોને જોયા. દરેકે તેને જોઈને પસંદ કર્યા. આ હું મારા જીવનની, વસંતની અને સૌભાગ્યની વાત કરી રહ્યો છું. મારા જીવનમાં આવી એક-એકથી ચઢિયાતી વસંત આવી. આજે ૫૬ મા વર્ષે વસંતના દિવસે અમે અને આપ બધાં મળીને ખુશી મનાવી રહ્યા છીએ, તેનું આયોજન પરિપૂર્ણ કરવા માટે અમે અને તમો બધા બેઠા છીએ. એમાં તમે પણ ખુશ છો, હું પણ ખુશ છું. વસંતમાં વૃક્ષો પણ ખુશ છે, પાંદડા પણ ખુશ છે, કોયલો, ભમરા અને મનુષ્યો પણ ખુશ છે. એમાં એક ત્રીજી ધારા વધારાની જોડાઈ જાય છે, તે છે પ્રકૃતિની ધારા. આ રીતે ગંગાની જેમ ત્રણ ધારાઓ બની જાય છે. ત્રીજી ધારા છે પ્રકૃતિની-સરસ્વતીનું આ સમગ્ર સૃષ્ટિમાં અવતરણ. બીજી ધારા છે અમારા જેવા નાચીજ માનવીના જીવનમાં વસંતના ઉમંગો અને વસંતની ભાવના. એક બીજી પણ વસંત આવી ગઈ. ભગવાનની આ સુંદર સૃષ્ટિનો અમે નાશ થવા દઈશું નહીં. ભગવાને એને પણ પરિશ્રમથી બનાવી છે. અમે ભૂગોળ ભણ્યા છીએ, ખગોળવિદ્યા ભણ્યા છીએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ દુનિયા જેમાં આપણે બધા રહીએ છીએ તે સૌથી સુંદર, શ્રેષ્ઠ અને ખૂબસૂરત છે. એ આપણે જાણીએ છીએ, તેને ભગવાને ઘણી સમજદારીપૂર્વક બનાવી છે. એ વિશે તેની મોટી-મોટી આશાઓ અને ઉમ્મીદો છે.

આ પૃથ્વી પર જ્યારે અસમતુલન થાય છે ત્યારે ભગવાન પોતાની સૃષ્ટિને સંભાળવા માટે પોતાની વસંતી ખિલૌના (રમકડાં) આ પૃથ્વી પર મોકલે છે. શું ભગવાન માનવીના રૂપમાં આવે છે ? ના, ભગવાન માનવીના રૂપમાં આવતાં નથી, માનવી તેમનું રૂપ ધારણ કરે છે. કઈ વસ્તુઓ આવે છે ? અંતર્વેદના જન્મે છે, પ્રકૃતિમાં ઉમંગો જન્મે છે અને ઢગલાબંધ માનવીઓ તેમાં જોડાઈ જાય છે. નેતાગીરી કોણ લે છે ? હું જાણતો નથી. શ્રેય કોને આપે છે ? એ હું જાણતો નથી. એક લહેર આવી જાય છે, જે ભલે એક માનવીને અવતાર બનવાનું શ્રેય ભલે આપી દે, વાસ્તવમાં તે લહેર અસંખ્ય લોકોને અવતાર બનાવી લે છે. આપણે ભગવાન રામને શ્રેય આપીએ છીએ, પરંતુ શું એકલા રામની વાત હતી ? આપણી સૃષ્ટિનું સંતુલન જાળવી રાખવા માટે, અનાચારની વિરુદ્ધ ટક્કર લેવા માટે કેવટ ભીલથી માંડીને ખિસકોલી સુધી, ગીધથી લઈને રીંછ-વાનરો સુધી બધામાં એક ઉમંગ ઉમટી હતી. ખિસકોલીની કોઈ હેસિયત ન હતી, તે તો એક માટીનું ઢેફું મારતાં જ મરી જાય છે, તે તો કહેતી હતી કે અમે ઝઝુમીશું. આ કોણ કહેતું હતું ? અવતાર કહેતો હતો. શરીરધારી માનવીને અવતાર કહેવાય નહીં. અવતાર એક ઉમંગને કહેવાય છે, એક તરંગને કહેવાય છે, જે ઉઠીને માનવીની ઉપર છવાઈ જાય છે. અનેકવાર અવતારો આવ્યા છે. રામના જમાનામાં આવ્યા અને કૃષ્ણના જમાનામાં પણ આવ્યા, તે સમયે નાના-નાના ગોળ બાળકોએ ગોવર્ધન ઉપાડયો. લોકો કહેતા હતા કે અમે કેમ ગોવર્ધન ઉપાડીએ ? જોખમ કેમ લઈએ ? પરંતુ અવતાર કહેતો હતો કે તમારે કરવું પડશે. તે નાના-નાના લોકોમાં ઉમંગ હતી અને તેમણે કરી બતાવ્યું. આ રીતે જ્યારે જ્યારે અવતારો આવ્યા હશે ત્યારે હજારો-લાખો લોકોમાં માનવીઓમાં અંતર્વેદના જાગી હશે. શું ભગવાન બુદ્ધે દુનિયા બદલી હતી ? તમે જોયું નથી ? તેમની સાથે ઢગલાબંધ માનવીઓ જોડાયાં હતાં. તેમના પરિવ્રાજકો નાલંદા અને તક્ષશિલાની વિશ્વવિદ્યાલયમાં શિક્ષણ લીધા પછી દુનિયામાં વિખરાઈ ગયા હતા. રણવિસ્તારને પાર કરીને મંચુરિયા, માંગોલિયા તથા ચીનમાં જઈ પહોંચ્યા હતા. કોણ ? ભગવાન બુદ્ધ ? હા, ભગવાન બુદ્ધ. એક લાખ પુરુષ અને એક લાખ સ્ત્રીઓ પોતાના ઘરને છોડીને ભિક્ષુક બની ગયાં. લોકોએ કહ્યું-તેઓ પાગલ થઈ ગયા છે. તેની તેમણે કોઈ ચિંતા ન કરી. ધર્મની સ્થાપના માટે અને અધર્મને હઠાવવા માટે જે અંતર્વેદના ઉઠે છે, તેને જ અવતાર કહે છે. ગાંધીજી પણ અવતાર હતા એમ કહેશો નહીં. ગાંધીજી એમ જ સ્વરાજ્ય લાવ્યા નથી તેમના લાખો સત્યાગ્રહીઓમાં અંતર્વેદના હતી, જેના કારણે સ્વરાજ્ય પ્રાપ્ત થયું. અંતર્વેદનાને જ અવતાર કહેવાય છે. અમારી આજની વાત સમાપ્ત.

ૐ શાન્તિ.

એક દિવસ સમુદ્રએ નદીને પૂછ્યું, "મારી પાસે કોઈ ફરકતું પણ નથી, આદર પણ કરતું નથી. વધુમાં મારું પાણી પણ કોઈ પીવાનું પસંદ કરતું નથી. નદીએ કહ્યું, "જે માણસ માત્ર લેવાનું જ જાણે છે અને સંઘરાખોરી કરે છે, તેની આ જ ગતિ થાય છે.આપ ફિટકાર અને તપાવ્યા સિવાય કયાં આપો છો. મને લોકો એટલા માટે પ્રેમ કરે છે કે જે મળે છે તેને ઉદારતાથી વહેંચવામાં મારો વિશ્વાસ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સમર્પિત ભાવનાશીલો દ્વારા યોજાયેલ પ્રથમ પૂર્ણાહુતિ આયોજન

(સમાપન લેખ)

આંવલખેડા પૂર્ણાહુતિ મહોત્સવમાં પાંચ મંચ બનાવવામાં આવ્યા હતા કે જ્યાંથી વિચારોનું આદાન-પ્રદાન અને દૈવી ચેતનાના પ્રવાહના વિતરણનો કાર્યક્રમ ચાલતો રહ્યો. આ બધામાં દેવમંચ પરથી સામગાનથી લઈને વૈદિક ઋચાઓ દ્વારા ૧૨૫૧ કુંડીય યજ્ઞશાળાનું સંચાલન ઋત્વિક ગણો અને બ્રહ્મવાદિની બહેનો દ્વારા હાથ ધરવામાં આવ્યું તથા બાર મુખ્ય સંસ્કારો કરાવવામાં આવ્યા, એ અંગેની ચર્ચા આ અગાઉના અંકમાં થઈ ગયેલી છે. જ્ઞાનમંચ પરથી ૪, ૫, ૬ નવેમ્બરની સંધ્યાવેળામાં પૂજ્યવરની વિચાર ચેતનાને જન-જન સુધી પહોંચાડવાનું કાર્ય થતું રહ્યું. વિચારો તો યુગઋષિના હતા, પરંતુ પહોંચાડવાનું કાર્ય તેમની કઠપૂતળીઓ કરતી રહી. ચોથો મંચ હતો વિચારમંચ, જ્યાં દરરોજ આમંત્રિત મહેમાનો અને વિશેષજ્ઞો દ્વારા વિવિધ વિષયો પર વિચારોની રજૂઆત થતી અને હાથ ધરવા યોગ્ય વિવિધ કાર્યો કયા કયા છે તેની રજૂઆતનો ક્રમ ૨ થી ૭ નવેમ્બર સુધી સતત ચાલતો રહ્યો. પાંચમો મંચ કલામંચ હતો. સમગ્ર દેશના ખૂણેખૂણામાંથી આવેલા કલાકારોએ વૈવિધ્યપૂર્ણ લોકકલાના નમૂના લોકરંજન દ્વારા લોકમંગળના હેતુ માટે આ મંચ પરથી રજૂ કર્યા. આ નમૂના દ્વારા પૂજ્યવરે નિર્ધારિત કરેલ એક મહત્ત્વપૂર્ણ કાર્યને અભિનવ સ્વરૂપ આપવામાં આવ્યું.

**જ્ઞાનમંચ** : આ મંચના પાછળના ભાગમાં ગુરુવરની જન્મભૂમિની પશ્ચાત ભૂમિકા અને વિરાટ રૂપનું દર્શન કરાવતું એક ચિત્ર લગાડવામાં આવેલું હતું. ગુરુ સત્તાના પ્રતીકના રૂપમાં મધ્યમાં એક ભવ્ય સિંહાસન પર ગુરુદેવ અને માતાજીની પાદુકાઓની સ્થાપના કરેલી હતી. પ્રતિનિધિ રૂપમાં માનનીય પંડિત લીલાપતિજી શર્મા (વ્યવસ્થાપક, ગાયત્રી તપોભૂમિ, મથુરા) અને ડૉ૦ પ્રણવ પંડયા (નિર્દેશક, બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાન) એ પોતાના વિચારો આ મંચ પરથી રજૂ કર્યા. ૩ નવેમ્બર કળશયાત્રાના દિવસે સંધ્યાવેળામાં વિશિષ્ટ અનુયાજ પુનર્ગઠન અંગેના મુખ્ય પ્રવચનમાં ડૉ૦ પ્રણવે કહ્યું કે હવે, "કરો યા મરો" નો સમય આવી ગયો છે. પ્રજાનો વિશ્વાસ જીતી લેનાર ગાયત્રી પરિવારે હવે સુગ્રથિત-સુવ્યવસ્થિત એકમોમાં પુનર્ગઠિત થઈ જવું જોઈએ. સમયની આ જ માંગ છે. સંધિકાળના વિશિષ્ટ કાળમાં કાર્યકર્તાઓ માટે પૂર્ણાહુતિનો સંદેશ શો છે, તે તેમણે પાંચપ્યારા શહીદોનું ઉદાહરણ આપીને વિસ્તારથી સમજાવ્યો. શ્રીમતિ શૈલબાળા પંડયાએ નારી જાગરણની પ્રક્રિયાને કેવી રીતે બળવાન બનાવી શકાય એ વિશે માર્ગદર્શન આપ્યું. તેમણે સંવેદનાયુક્ત શૈલીમાં પરમવંદનીય માતાજીની અંતઃકરણની પીડાને પોતાના ભાવપૂર્ણ શબ્દોમાં રજૂ કરી. માનનીયશ્રી પંડિતજીનો એક જ સંદેશ હતો કે ગુરુવરના સાહિત્યને હવે ઘરેઘર પહોંચાડવાની જવાબદારી આપણા પરિજનોની છે. જે જેટલા પ્રમાણમાં પૂજ્યવરના વિચારોને જન-જન સુધી પહોંચાડશે તે તેટલો જ પૂજ્યવરનો સૌથી વધુ નજીકનો પરિજન બનશે. જ્ઞાનમચંનું સંચાલન શ્રી કાલીચરણજીએ ખૂબ જ કુશળતાપૂર્વક કર્યું. ૬ નવેમ્બરના રોજ દીપયજ્ઞ ભવ્ય વિરાટ રૂપમાં જ્ઞાનમંચ પર આયોજિત અને સંચાલિત થયો. એમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહસંઘ કાર્યવાહક શ્રી કુપ૦ સી૦ સુદર્શન, સુપ્રસિદ્ધ અધિકારી (મુંબઈ મહાનગરપાલિકા) અને ભષ્ટાચાર હટાવ મોર્ચાના ઉપાધ્યક્ષ શ્રી ખૈરનાર તથા 'કાલચક્ર' વીડિયો પત્રિકાના મુખ્ય સંપાદક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રી વિનીતનારાયણ પણ હાજર હતા. શ્રી સુદર્શનજીએ સંક્રાંતિકાળ અને અવતારના પ્રગટીકરણની પ્રક્રિયાને વૈજ્ઞાનિક-દાર્શનિક શૈલીમાં સમજાવતાં જઈને ગાયત્રી પરિવારના આ પ્રયત્નને પ્રશંસનીય ગણાવ્યો. દીપયજ્ઞનું સંચાલન શ્રી વીરેશ્વરજી ઉપાધ્યાય અને ચંદ્રભૂષણ મિશ્રએ કર્યું. સવાલાખ દીપકો પ્રગટ થવાથી જે પ્રકાશ પ્રગટયો, તે જોવામાં અદ્ભુત હતો.

**વિચારમંચ** : આ મંચ કેન્દ્રિય કાર્યાલયની સામે આગરા રોડ પર કબ્હર્ડ ક્ષેત્રમાં બનાવવામાં આવ્યો હતો. એક બેઠકમાં તેમાં પાંચ હજાર માણસો બેસતા હતા અને તેટલાં જ બહાર ઊભા રહીને સાંભળતા હતા. પત્રકાર નગર પણ બાજુમાં જ હતું, તેથી સમગ્ર ભારતમાંથી આવેલા પત્રકારો એમાં સતત હાજરી આપતાં. વિચારમંચ પરથી વિચારક્રાંતિનો અવાજ રેલાવતા સ્વરો વહેતા રહ્યા. આ મંચનું સ્વરૂપ મુખ્ય રૂપે એક વિચારગોષ્ઠિનું હતું. તેથી કોઈ એક વકતા ન રહેતાં, ૫-૬ વકતાઓ ચોક્કસ વિષય પર પોતાના વિચારો રજૂ કરતા હતા. રાષ્ટ્રીય જલાગમ વિકાસ પરિયોજનામાં યુગ નિર્માણ મિશનની જવાબદારી, રાષ્ટ્ર-નિર્માણ અને પ્રતિભાવાનોને આવાહન, ધર્મતંત્ર અને રાજતંત્રનો સમન્વય. સ્વાસ્થ્ય સંરક્ષક યોજના અર્થે હરતીફરતી ગ્રામ્ય ચિકિત્સા સેવા, નવસર્જન અર્થે યુવાનોની ભાગીદારી, વિશ્વના સાંસ્કૃતિક વિકાસમાં વિદેશી ભારતીયોની ભાગીદારી, વર્ણભેદનું વ્યાવહારિક સમાધાન, ગ્રામીણ સ્તર પર આર્થિક સ્વાવલંબન, વેરવિખેર થયેલ ધર્મતંત્રનું પુનર્જીવન, તથા દીર્ઘદૃષ્ટાઓની દૃષ્ટિએ ભારતનું ભવિષ્ય, જેવા ઉત્તેજક વિચારો દર્શાવતા વિષયો પર સતત વિચારમંથન થતું રહ્યું અને પ્રવાસી ભારતીયોથી માંડીને રાજનેતાઓ અને પ્રખર બુદ્ધિમાન પ્રતિભાઓએ ગોષ્ઠિઓમાં ભાગ લીધો. આ વિચારગોષ્ઠિઓના પ્રાપ્ત તારણોને આધારે અનુયાજ વર્ષમાં આવી વ્યાખ્યાનમાળાઓ આયોજિત કરવાનું વિચારવામાં આવ્યું છે. યુગદૃષ્ટાના વિચારો જન-જન સુધી ફેલાય અને વિચારમંચ દ્વારા એકમત થઈને વિવિધ સ્તરની પ્રતિભાઓ સર્જનાત્મક માર્ગો પસંદ કરે, એ જ એનો મુખ્ય ઉદ્દેશ હતો અને એમાં સંપૂર્ણ સફળતા મળી શકી છે, એમ ચોક્કસપણે કહી શકાય છે.

**કલામંચ** : આ મંચે ફકત વિવિધ ક્ષેત્રની પ્રતિભાને પોતાની કલાઓને બતાવવાનો ઐતિહાસિક અવસર ન પૂરો પાડયો, પરંતુ જન-જનને માટે એક સ્વસ્થ મનોરંજન પૂરું પાડવામાં સફળ રહ્યો. પૂજ્ય ગુરુવર ઈચ્છતા હતા કે લોકરંજન દ્વારા લોકમંગળ માટે લોકકલાને પુનર્જીવિત કરવામાં આવે અને વૈવિધ્યપૂર્ણ આ દેશની કલા સાથે સંકળાયેલી વિવિધ પ્રતિભાઓને એક મંચ પર એકત્ર કરવામાં આવે, એ ભૂમિકા કલામંચે સંપૂર્ણ રીતે નિભાવી. પ્રતિભાઓના મનમોહક પ્રદર્શન દ્વારા દર્શકોના મન જીતી લેવામાં આવ્યા. બુંદેલખંડનો આલ્હા, રૂહેલખંડના લોકગીત, પંજાબી ભાંગડા, ઓરિસ્સાના નૃત્ય-ગાયન, કૂલ્લૂની દશેરાપૂજા, અને નૃત્ય, ઉત્તરાખંડના લોકગીતો, પંડવાની ગાયનો સાથે સંકળાયેલ પ્રતિભાઓનું પ્રદર્શન, રાજસ્થાની કલાયુકત નૃત્ય, આસામના તહેવારોનું નૃત્ય પ્રદર્શન, વ્રજભાષી મીઠી શબ્દાવલીની ભાવનાત્મક રજૂઆત, એકાકી મિમીક્રી દ્વારા પોતાની કલાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન, અરૂણાચલના કલાકારો દ્વારા પૂર્વાચલની શૈલીમાં નૃત્ય-ગાયન એ બધી વિશેષતાઓ કલામંચની હતી. કલાનગરમાં ટેન્ટોની તકલીફ હોવા છતાંય તેમાં નિવાસ કરીને કલાકારોએ દિવ્યતાનો ભાવ બતાવીને લોકરંજનની રેલમછેલ કરી દીધી અને આ મંચના કાર્યક્રમો દ્વારા તેઓ પણ ઘણું મેળવીને ગયા.

હવે આ પ્રયોગ પછી એવી સંકલ્પના કરવામાં આવી છે કે આવનાર સમયમાં અનુયાજના ક્રમ પછી જ્યારે વિરાટ સંમેલનો અને યજ્ઞ આયોજનોની શ્રૃંખલા ચાલે ત્યારે આ જ રીતે વિચારમંચ અને કલામંચ સ્તરે અનેક વિધ પ્રયોગો ક્ષેત્રીય સ્તર પર ચલાવવામાં આવે અને પ્રતિભાવાનોનો સદુપયોગ કરવામાં આવે. અનુયાજ પૂનર્ગઠન વર્ષમાં પણ શાંતિકુંજમાં આવા મંચ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સક્રિય બને એ પણ વિચારવામાં આવેલું છે.

**વિશાળ જીવન દર્શન પ્રદર્શન જેનાથી સૌને મિશનનો પરિચય થયો :**

આ વિશાળ આયોજનનું સર્વશ્રેષ્ઠ આકર્ષક કેન્દ્રબિંદુ હતું એક વિશાળ પ્રદર્શન, જે કેટલાય વિભાગોમાં વહેંચાયેલ હતું. તેનો પ્રત્યેક વિભાગ ગુરુસત્તાના ઉદ્દેશો, જીવન દર્શનના આદર્શો અને રાષ્ટ્રનિર્માણના વિવિધ કાર્યક્રમોની ઝલક બતાવવામાં પોતાની રીતે પરિપૂર્ણ હશે. આ બધાની સાથે પરમપૂજ્ય ગુરુદેવ અને પરમવંદનીય માતાજી, પ્રાતઃ સ્મરણીય પૂજ્ય શ્રી દાદાગુરુ, અર્ધનારી-નટેશ્વરના વિશાળ કટઆઉટ વિવિધ જગ્યા પર ગોઠવાયાં હતાં, કે જેમના દશ્યો પરિજનો ચિત્રોમાં જોઈ ગયેલ છે. સમર્પિત કલાકારો દ્વારા બનેલી મહાકાળની વિશાળ પ્રતિમા સૌથી મોટા આકર્ષણનું કેન્દ્રબિંદુ હતી. પાપી પુરુષના ઉપર નૃત્યની મુદ્રામાં ઊભેલા મહાકાલનું સ્વરૂપ સૌ કોઈએ જોયું, જેની ભાવનાત્મક વ્યાખ્યા પરમપૂજ્ય ગુરુદેવના પુસ્તક, મહાકાળ અને યુગ પરિવર્તન પ્રક્રિયામાં કરવામાં આવી છે.

શાંતિકુંજના પ્રદર્શન વિભાગના ચિત્રકલાના નિષ્ણાતો શ્રીગંગાધર ચૌધરી, સુધીર ભારદ્વાજ અને ગગનજી તો પોતાના સમર્પણ ભાવથી એક મહિના પહેલાં જ તૈયારીમાં જોડાઈ ગયા હતા. પરંતુ ક્ષેત્રીય સ્તરની પ્રતિભાઓ કે જેમણે અગાઉના બધા અશ્વમેધોમાં પોતાનો સહયોગ આપ્યો હતો, તે બધાએ આ વિરાટ મહાકુંભમાં પણ પોતાનો પૂરો સમય આપ્યો. વિશેષમાં ભોપાલના આનંદ વિજયવર્ગીયથી માંડીને ગુજરાતની આખી ટુકડી આના માટે આવી હતી. સૌથી શ્રેષ્ઠ પુરુષાર્થ કોનો હતો તે કયા શબ્દોમાં બતાવીએ, પરંતુ હરતી-ફરતી મૂર્તિઓની મનમોહક આકર્ષક કળાકારીગરી તો એટલી પરાકાષ્ઠાની હતી કે મૂર્તિઓના માધ્યમથી ગુરુસત્તા, ગાયત્રી માતા અને સંસ્કાર પ્રક્રિયાના એકેક અંગની અભિવ્યકિત દર્શાવવાનું કાર્ય શ્રીરાજજી (મુંગેર) મારફત એવી રીતે પરિપૂર્ણ થયું કે એની બધાએ મુકતકંઠથી પ્રશંસા કરી, શ્રીરાજજી ત્રણ મહિના અગાઉથી જ શાંતિકુંજ આવી ગયા હતા. તેમની સમર્પણ ભાવનાની ઝલક ભારત અને વિશ્વભરના પરિજનોને જોવા મળી. તેમણે ત્રિવિધ સંસ્કારો અને ચોવીસ ગાયત્રી મહાશકિતઓનું તત્ત્વજ્ઞાન ઘણી સરળતાથી સમજાવ્યું. સરકડીઓથી બનેલું ભવ્ય મંદિર અને તેમાં બિરાજમાન ગુરુદેવ-માતાજી સૌ કોઈ માટે એક આશ્ચર્યનો વિષય બન્યાં હતાં. બ્રહ્મવર્ચસ શોધ-સંસ્થાનની કામગીરી, તેના આંકડા, સાધનો, વિજ્ઞાન-અધ્યાત્મનો સમન્વય દર્શાવતાં પ્રયોગો તથા એકસોઆઠ દુર્લભ વનૌષધિઓનું જીવન દર્શન મહેમાનો, પરિજનો અને હરકોઈએ કર્યું. આ પ્રદર્શનની રજૂઆત પોત પોતાની રીતે અનોખી હતી.

જીવનદર્શન પ્રદર્શનમાં પરમપૂજ્ય ગુરુદેવ, પરમવંદનીય માતાજી અને મિશનની જીવનયાત્રા સંપૂર્ણપણે દર્શાવવામાં આવી હતી. સને ૧૯૧૧ થી શરૂ થયેલી આ યાત્રાના પ્રત્યેક પક્ષથી માંડીને શિકાગો યજ્ઞ, જુલાઈ ૧૯૯૫ સુધીની માહિતી ચિત્રો, આંકડા અને વર્ણનો દ્વારા દર્શાવવામાં આવી હતી. સૌ કોઈએ તેના દર્શન કરીને પોતાની જાતને ધન્ય બનાવી. આ પ્રદર્શનમાં પરમપૂજ્ય ગુરુદેવ દ્વારા લખવામાં આવેલા વિશાળ સાહિત્ય પર આધારિત વાંગમયની એક ઝલકના દર્શન પરિજનોએ છપાયેલા ચોવીસ ખંડોના રૂપમાં કર્યા.

આ પ્રદર્શનનું એક વિશિષ્ટ પાસું હતું આદર્શ ગ્રામની પરિકલ્પના અને રાષ્ટ્રીય જલાગમ વિકાસ પરિયોજનામાં યુગ નિર્માણ મિશનની ભાગીદારીનું મૉડેલરૂપમાં નિદર્શન. એક વિશાળ લેન્ડસ્કેપના રૂપમાં એક આદર્શ ગામની પરિકલ્પના કરવામાં આવી હતી અને કેવી રીતે જળ-જમીન સંરક્ષણ દ્વારા પર્યાવરણને યોગ્ય રાખીને કૃષિ-ઉત્પાદન વધારી શકાય છે. આ ક્રાંતિ કેવી રીતે જન-જનને પ્રભાવિત કરીને ગરીબી હટાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પુરુષાર્થ પરિપૂર્ણ કરશે, એ પણ બધાએ જોયું. શ્રી જેઠસી૦ પંત જેઓ આપણા એક પરિજન છે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને ભારતના કૃષિ સચીવના સંબંધે આ યોજનાના પ્રણેતા પણ છે, કે જેઓ હાલમાં સ્વાસ્થ્ય પરિવાર કલ્યાણ વિભાગમાં સચિવ છે, તેમણેં આને જોઈને હર્ષોલ્લાસ દર્શાવ્યો. ગાયત્રી મહાવિદ્યા, યજ્ઞવિજ્ઞાન, વૈદિકવિજ્ઞાન અને દેવસંસ્કૃતિના વિવિધ વિભાગો પર એક વિશાળ પ્રદર્શન ગુજરાતની સારસા શકિતપીઠ દ્વારા શ્રી સાધુરામભાઈ અને શ્રી નવનીતભાઈ પટેલ દ્વારા ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રદર્શન અનેક વિભાગોમાં વહેંચાયેલું હતું. તેમાં ચિત્રો, ગ્રાફ્સ, આંકડા, તથા વૈજ્ઞાનિક-શાસ્ત્રોક્ત પ્રમાણો (સાબિતીઓ) ના આધારો પર ઉપર્યુકત બધી વિદ્યાઓના પ્રત્યેક પક્ષનો સ્પર્શ કરવામાં આવ્યો હતો. આ એટલું જ પૂરતું ન હતું, પરંતુ પ્રત્યેક પેનલની વિજ્ઞાન સંમત વ્યાખ્યા કરનારા તાલીમબદ્ધ સ્વયં-સેવકો પૈકી મોટાભાગના તો બાળકો જ હતા, કે જેઓએ પોતાની રજૂઆત દ્વારા સંસ્કૃતિના વિચારોને જન-જન સુધી પહોંચાડવાનો એક શ્રેષ્ઠ સ્તરનો પ્રયત્ન કર્યો હતો. શ્રી સાધુરામભાઈ આચાર્યે ગાયત્રી મહાવિદ્યાના તત્ત્વજ્ઞાન પર પી૦ એચ૦ ડી૦ કરેલ છે અને દેવસંસ્કૃતિના વિજ્ઞાન સંમત સ્વરૂપને સમગ્ર વિશ્વભરમાં પહોંચાડવા માટે પરિભ્રમણ કરેલું છે. ગુજરાત રાજ્યના આ પ્રદર્શન દ્વારા જન-જનને પરમપૂજ્ય ગુરુદેવ રચિત ગાયત્રી મહાવિદ્યા)ના ગૂઢ રહસ્યને સૌથી સરળ રીતે જાણવાનો અવસર મળ્યો અને તે બધાએ તેની પ્રશંસા કરી.

**વૈજ્ઞાનિક પ્રયોગ પરીક્ષણ :**

યજ્ઞ પ્રક્રિયાનું વૈજ્ઞાનિક આધાર પર સંશોધનકાર્ય કરવા માટે આપણા યુવાન વૈજ્ઞાનિકોની ટુકડી ભોપાલ, ગોરખપુર, જબલપુરના અશ્વમેધ યજ્ઞોમાં કાર્ય કરીને આ અગાઉના આંકડા એકઠાં કરી ચુકી છે. આ વેળાએ પણ તેઓએ અગાઉથી તૈયારી કરીને રિજીયોનલ રિસર્ચ લેબોરેટરી ભોપાલ, પોલ્યુશન કંટ્રોલ બોર્ડ મ૦પ્ર૦ ના સહયોગથી વિવિધ જગ્યા પર યંત્રોની સ્થાપના કરીને યજ્ઞ પહેલાંની માટી. હવા. જળના નમૂના એકઠાં કર્યાં અને આ જ કાર્ય યજ્ઞ બાદના નમૂના એકઠાં કરીને કર્યું. યજ્ઞશાળાની ખૂબ જ નજીક, એક કિલોમીટર, પાંચ કિલોમીટર અને પચાસ કિલોમીટરના અંતર પર મોબાઈલવાનમાં સાધનો ગોઠવ્યાં હતાં. તે બધી જગ્યા પરના નમૂના એકઠાં કરીને તેમનું વિશ્લેષણ કરાવમા આવ્યું અને હવે તેના પર વ્યાપક અભ્યાસ થઈ રહ્યો છે. આ કાર્યમાં સી૦ એસ૦ આઈ૦ આર૦ દિલ્હીના વૈજ્ઞાનિકો અને દિલ્હીની પ્રખ્યાત વાજપેયી અને મથુરા રિફાઈનરીના વૈજ્ઞાનિકોનો સક્રિય સહકાર મળ્યો. એક સ્વયંસેવકની જેમ દોડધામ કરીને શ્રીમતિ સંધ્યા પાંડે અને ડૉ૦ પદમાકર ત્રિપાઠીએ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી અને અગવડો-પ્રતિકૂળતાઓની વચ્ચે રહીને યજ્ઞ પ્રક્રિયાના વૈજ્ઞાનિક પ્રભાવો, લોકસ્વાસ્થ્ય અને પર્યાવરણથી માંડીને સામાજિક પક્ષ પર પોતે અભ્યાસ કર્યો. આ અંગેના બધા આંકડા કોમ્પ્યુટરમાં મૂકવામાં આવ્યા છે અને તેના વિશાળ વિશ્લેષણ પછી આ પત્રિકામાં પ્રકાશિત થશે.

**પ્રવાસી પરિજનોની ભાગીદારી :**

આ મહાયજ્ઞમાં લગભગ વીસ દેશોના ત્રણસોથી વધુ પ્રવાસી ભારતીઓએ ભાગ લીધો. પોતાની આરાધ્ય સત્તાની જન્મભૂમિ પર થઈ રહેલા આ વિશાળ યજ્ઞ આયોજનમાં સર્વ આવવા ઈચ્છતા હતા, પરંતુ સુંદર દેશોમાં રહેનારા પરિજનોની પોતાની વિશેષતાઓ પણ હોય છે. છતાંય અમેરિકા, કેનેડા, ગ્રિનિડાઠ-ટોબેગો, દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાવેવ, જામ્બિયા, કેન્યા, તાંજાનિયા, યૂગાંડા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ, પોર્ટુગલ, જર્મની, નોર્વે, ફિજી, મોરિશયસ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, થાઈલેન્ડ વગેરે દેશોમાંથી પ્રવાસી ભારતીય અને અન્ય વિદેશીઓ પણ આ આયોજનમાં આવ્યા. તેઓ ભારતીય સંસ્કૃતિનું વિશ્વ સંસ્કૃતિમાં બદલાતું સ્વરૂપ જોઈને ગયા. પ્રત્યેક પાસે એક પ્રશ્નાવલી ભરાવાઈ. બધાના જવાબનો એક જ સૂર હતો કે વિચારમંચ, કલામંચ, જ્ઞાનમંચ, દેવમંચ અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંસ્કારમંચ પરથી જે વિચારો તેમણે સાંભળ્યા છે, તે બધા ભૌતિકવાદી જીવનમાં જીવતાં તેમના સંતાનો માટે ખૂબ જ અનિવાર્ય છે. શાંતિનો આ એક જ રાજમાર્ગ હવે બચ્યો છે. આયોજનની ભવ્યતા અને સુવ્યવસ્થાથી બધા ગદ્‌ગદિત થઈ ગયા. લંડન, લેસ્ટર (યુ૦કે૦) અને યૂરોપનો આખું સમૂહ તો એક પૂર્ણ ચાર્ટડ ફલાઈટથી એંશી લોકોની સાથે આવ્યું. તે સમૂહ નવ દિવસની શિબિર પણ શાંતિકુંજમાં પૂર્ણ કરીને ગયું.

**વેદસ્થાપના વાંગમય અને સાહિત્ય કેન્દ્ર :**

આ વેળાએ એક વિશેષતા હતી અભિનય સંસ્કરણ કરેલા આઠ વિભાગોમાં ચારે વેદોની પ્રાપ્તિ. વિશેષમાં પરમપૂજ્ય ગુરુદેવના સમગ્ર સાહિત્ય પરથી સંપાદિત કરેલ વાંગમયના સિત્તેર ખંડોમાંથી ચોવીસ ખંડોનું પ્રકાશન અને વિતરણ કરવામાં આવ્યું, જેમાં નાની-મોટી પુસ્તિકાઓના રૂપમાં રહેલું ૠષિયુગ્મ દ્વારા લખાયેલ સંજીવની વિદ્યાનું મુખ્ય સાહિત્ય સમાયેલ છે. આના વેચાણ માટે શાંતિકુંજ હરિદ્વાર અને યુગનિર્માણ યોજના ગાયત્રી તપોભૂમિ મથુરા દ્વારા વિવિધ જગ્યાએ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા. વેદસ્થાપનાને અભિનવ પૂજન પ્રક્રિયા દ્વારા એક સંસ્કારનું રૂપ આપવામાં આવ્યું હતું. વેદસ્થાપનાના સંસ્કારમાં લગભગ વીસ હજારથી વધુ પરિજનોએ ભાગ લીધો હતો. વાંગમયનો પ્રત્યેક ખંડ અલગ-અલગ અને સાથે જ સમગ્ર રૂપમાં એંવડાન્સ મૂલ્ય આપનાર માટે એક વિશેષ કાર્ટુનમાં (પેકિંગમાં) પ્રાપ્ય હતા. એનું ધૂમ વેચાણ થયું. અનેક શક્તિપીઠો, પ્રજ્ઞા પરિજનો અને પ્રજ્ઞામંડળોએ એને પોતાને ત્યાં સ્થાપના કરવાનો અપૂર્વ ઉત્સાહ બતાવ્યો. યજ્ઞની પ્રસાદીના રૂપમાં અનેક લોકો તે સાહિત્ય લઈ ગયા. સત્ય તો એ પણ છે કે પૂજ્યવરની પ્રાણચેતના તેમના લખેલા સાહિત્યમાં સમાયેલી છે.

**ભોજનાલય, ચિકિત્સાલય, વિવિધ કાર્યાલય :**

એકસાથે અઢી લાખ માણસો ભોજન કરી શકે એના માટે ચાર વિશાળ રસોડાઓ અને વીસ ભોજનશાળાઓ (ડાઈનિંગ હોલ) બનાવવામાં આવી હતી. બધા રાજ્યના વિવિધ કાર્યકર્તાઓએ હળીમળીને આ વ્યવસ્થા સંભાળી હતી. છત્તીસગઢ, ગુજરાત, રૂહેલખંડ, બાગપત, મેરઠ ક્ષેત્ર અને રાજસ્થાનના પરિજનોએ આ સમગ્ર જવાબદારી અજબ રીતે નિભાવી. હર કોઈને વિના વિલંબે ભોજન-પ્રસાદી મળતી રહી.

એક વિશાળ વિસ્તારમાં ચિકિત્સક નગર પણ વસાવવામાં આવ્યું હતું; જ્યાં એમ્બુલન્સો, એક્ષરે મશિનો, સર્જરી વગેરેથી લઈને સામાન્ય ઉપચારની સર્વ પ્રકારે સગવડો પ્રાપ્ય હતી. શાંતિકુંજના ડૉ૦ રામપ્રકાશ પાન્ડેજીની સુવ્યવસ્થાને લીધે વિવિધ ક્ષેત્રના નગરોની ડિસ્પેન્સરીઓ અને કેન્દ્રિય કાર્યાલયમાં સર્વને બધા જ પ્રકારની સગવડો મળતી રહી. મિશનના લગભગ બસોથી વધુ ચિકિત્સકો અને આગ્રા શહેરના ચિકિત્સકોનો સહયોગ પ્રશંસનીય રહ્યો.

અંતમાં પ્રચારના માધ્યમોની ભૂમિકાની બાબતમાં જેટલું વિસ્તારથી લખવામાં આવે તેટલું ઓછું છે. સૌ કોઈએ પોતાની શકિત મુજબ જરૂરી સહયોગ કર્યો. આ આયોજનમાં જે કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તે આયોજકોની સૂઝબૂઝની ખામીને કારણે રહી હશે. પરંતુ દિવ્યસત્તા ૠષિ ચેતનાના સંરક્ષણ કવચમાં તેમની કૃપાદૃષ્ટિની વર્ષાને લીધે કોઈ ખામી ન જણાઈ. આ સંપૂર્ણ આયોજનની સફળતાનું શ્રેય તે અનેક શ્રમશીલ સમયદાનીઓના ફાળે જાય છે કે જેઓ અગાઉથી આવી ગયા હતા અને કાર્યક્રમ પછી પણ કેન્દ્રનો આગ્રહ થતાં પૂરતા દિવસો રોકાઈને સમગ્ર ક્ષેત્રની વ્યવસ્થા કરતાં રહ્યાં.

અશ્વમેધોના આયોજનની પૂર્ણાહુતિ તો સને ૨૦૦૧ માં થશે, પરંતુ જે તે ક્ષેત્રના સ્તર પર પુનર્ગઠન અંગે વિચાર વિમર્શ કરવા સને ૧૯૯૬ માં અનુયાજ ગોષ્ઠિઓ યોજાશે, તે જ મિશનની નવસર્જનની આધારશિલા બનશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અપનોં સે અપની બાત

## વસંતનો ઉલ્લાસ લઈને આવ્યું છે 'રજતજયંતી' વર્ષ

ૠતુઓ બદલાતી હોય છે. તેના બદલાવવાની સાથે પ્રકૃતિમાં પણ પરિવર્તન થતું રહે છે. ક્યારેક પાનખર આવે છે તો ક્યારેક વસંત, ક્યારેક ચોમાસુ આવે છે તો ક્યારેક શિયાળો. સમગ્ર વર્ષ છ પરિવર્તન ચક્રોમાંથી સમય પસાર થાય છે અને પ્રત્યેક ચક્ર પ્રકૃતિને પોતાનો રંગ આપે છે. પરંતુ આ બધી ૠતુઓમાં જેટલું મહત્ત્વ વસંતને મળેલું છે, મનુષ્યે વસંતના જેટલા ગીતો ગાયા છે, તેટલું અન્ય કોઈ ૠતુને તો શું-અડધું કે ચોથા ભાગનું મહત્ત્વ પણ મળ્યું નથી. એનું કારણ શું છે ? વસંતે મનુષ્યની ભાવચેતનાને જેટલો સ્પર્શ અને અસર કરી છે તેટલી અન્ય કોઈ ૠતુએ કરી નથી.

વસંત નવજીવનનું અને ચેતનાના પ્રવાહનું પ્રતીક છે. સંભવ છે કે એને લીધે જ ભગવાન કૃષ્ણએ તેને "ૠતુનામ કુસુમાકર" કહીને સર્વશ્રેષ્ઠ મહત્ત્વ આપ્યું છે. વસંતના પહેલાં જ થથરાવી દેનારી ઠંડીનો જેમને અનુભવ છે, તેઓ જાણે છે કે ઠંડીના કારણે વૃક્ષ-છોડવાંના પાન અને બગીચાના ફૂલ કરમાઈ જાય છે. પક્ષીઓ પણ પોતાના માળામાં સંતાઈ રહે છે. તડકો નીકળતાં જ ક્યાંય દોડાદોડી કરતાં જોવા મળે છે. વસંત આવતાં જ વૃક્ષ-છોડ પર નવા પાનની કૂંપળો ફૂટે છે, કરમાયેલા ફૂલોને નવું હાસ્ય મળે છે અને પક્ષીઓની નારાજગી છીનવીને તેમને હરિયાળી હાસ્યથી ભરી દે છે. વૃક્ષ-છોડવાં અને જંગલ-બગીચાઓનો આનંદ પક્ષીઓનો કલરવ, કોયલના ટહુકા તથા સૂરજના સોનેરી કિરણો મળીને એવું વાતાવરણ ઉત્પન્ન થાય છે કે ચારે તરફ આનંદ તથા ઉલ્લાસનું વાતાવરણ ફેલાઈ જાય છે. આનંદ અને ઉલ્લાસ જ વસંતની તે ભાવચેતના છે કે જેની એક ઝલક પણ મનુષ્યને જીવંત બનાવી રાખે છે. વસંત નવા જીવનને, નવા ઉત્સાહને, નવી ચેતનાને ગતિ આપતી રહે છે અને એક માનવીથી લઈને સમગ્ર જનસમુદાયને પ્રેરણા અને ઉત્સાહની લહેરોથી ભરી દે છે.

આવા જ વસંત પર્વને આપણું મિશન ગાયત્રી પરિવાર, પોતાના આરાધ્ય ઈષ્ટ પરમપૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જન્મદિવસના રૂપમાં, વાર્ષિકોત્સવના રૂપમાં, નૂતન પ્રેરણાના સંદેશના ઉદ્‌ગમ કેન્દ્રના રૂપમાં જ્યારથી તેની વિધિસર સ્થાપના થઈ છે ત્યારથી મનાવવામાં આવી રહેલ છે. સને ૧૯૨૬માં પરમપૂજ્ય ગુરુદેવની પંદર વર્ષની ઉંમરમાં આવી જ વસંતના દિવસે તેમની માર્ગદર્શક સત્તા દીપકની જ્યોતના રૂપમાં પ્રગટીને સામે આવી ત્યારથી તેમણે પોતાના જીવનને કાયાકલ્પ અને આધ્યાત્મિક જીવનના શુભારંભ પર્વ તરીકે મનાવવાની શરૂઆત કરી દીધી. આજે જે ગાયત્રી પરિવાર વિશાળ વટવૃક્ષના રૂપમાં વિકસ્યું છે તેના મૂળમાં જે જે સ્થાપનાઓ થઈ છે તે બધાની પ્રેરણા પૂજ્યવરને વસંત પર્વની વેળામાં જ મળતી રહી છે. તે પ્રેરણાઓ સૂક્ષ્મ જગતમાંથી આવતી ૠષિ ચેતનાના પ્રવાહે જગાડીને બધા કાર્યક્રમો કરાવતી રહી છે. આ વિરાટ મિશન હવે એક લાંબી મંજિલ પાર કરીને સિત્તેર વર્ષ પૂરા કરીને હવે ૧૯૯૬ ના એક નવા વર્ષમાં આગેકૂચ કરી રહેલ છે. આ વર્ષ કેટલીયે બાબતોમાં મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક છે. જે સમયે આપણી ગુરુસત્તાને શાંતિકુંજમાં પદાર્પણના પચીસ વર્ષ પૂરા થઈ રહ્યા છે અને સત્તાવીશ વિરાટ આયોજન પૂરા થઈને પુનર્ગઠનની વેળા છે ત્યારે વસંત પર્વ આવ્યું છે. એક અર્થમાં આ શાંતિકુંજનું રજતજયતી વર્ષ પણ છે. પરમપૂજ્ય ગુરુદેવ અને પરમવંદનીય માતાજી સને ૧૯૭૧માં મથુરાથી કાયમી સ્વરૂપે વિદાય લઈને વિશ્વામિત્ર ૠષિની આ તપોભૂમિમાં આવીને બિરાજ્યા હતા. તે વેળાએ આ સ્થાન નાનું હતું, આજની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સરખામણીમાં દસમો ભાગ પણ ન ગણાય. પરંતુ હવે આ સ્થાન પોતાના વિરાટ રૂપમાં ગુરુસત્તાના ચમત્કારી વિરાટ રૂપનો અનુભવ કરાવતું રહીને આપણને હવે પછીના આવનારા પાંચ વર્ષો માટેનો કંઈક વિશેષ સંદેશ આપી રહેલ છે. જે ઉદ્દેશો આપણી ગુરુ સત્તાએ નિર્ધારિત કર્યા છે તેને આપણે આ વસંત પર્વ પર આત્મસાત્ કરી શકીએ તો તેની પૂર્તિમાં આપણે ચોક્કસ આગળ વધી શકીશું.

પ્રસ્તુત વસંત પંચમી જે ૨૪ જાન્યુઆરીના રોજ આવી રહેલ છે તે જાગૃત આત્માઓની શ્રેણીમાં ગણાતાં બધા પરિજનો માટે એક જ ઉત્સાહ અને પ્રેરણા લઈને આવી રહી છે કે હવે આપણે બધાએ પ્રમાદથી બચતા રહીને આપણા પ્રત્યેક સાધનાના રૂપમાં હાથમાં લેવાનું છે. એક વિરાટ આયોજન પૂર્ણ કર્યા પછી થાક અનુભવીએ એ સ્વાભાવિક છે, પરંતુ તે શારીરિક અને પ્રાસંગિક જ હોય છે. જો આ થાક શિથિલતા લાવે તો સમજવું જોઈશે, કે આ આસુરી ઉત્સાહ છે અને લોકમંગળના કાર્યોમાં જોડાયેલાં લોકો અત્યંત ઘાતક છે. વસંત પર્વ જાગતા રહેવાનો અને કર્મશીલ બની રહેવાનો સંદેશ લઈને આવ્યું છે અને આપણે તેને અનુરૂપ બોધ લેવાનો છે.

પુનર્ગઠનની આ વેળામાં જ્યારે એકવીસમી સદીને હવે માત્ર પાંચ વર્ષની વાર છે ત્યારે તે સદી આપણને પ્રશ્ન પૂછી રહેલ છે અને ઉજ્જવળ ભવિષ્યની સફળતા માટેના કાર્યોના રૂપમાં આપણે કેટલાંક નીચે મુજબના વિચાર બિંદુઓ પર ગંભીર ચિંતન કરવું જોઈએ.

(૧) રજત જંયતીનું આ વર્ષ આપણે બધા પરિજનો સમગ્ર ભારત અને વિશ્વભરમાં ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક ઉજવીએ. આપણે આપણાં અશ્વમેધ યજ્ઞોની વર્ષગાંઠ અલગ અલગ આયોજિત ન કરીને વસંત પર્વ, ગાયત્રી જયંતી, ગુરુપૂર્ણિમા આ ત્રણ પર્વોને, વ્યાપક સ્તર પર સાધનાત્મક રૂપમાં ઉજવીએ. આ વર્ષે ઓછામાં ઓછું એક કાર્યકર્તાઓનું સંમેલન યોજીએ, જે સંપૂર્ણ રીતે સંગઠનાત્મક આધાર પરનું હોય અને તેનું કાર્યક્ષેત્ર ૮-૧૦ જિલ્લા કે વીસ લાખની વસતીનો વિસ્તાર ધરાવતું હોય. આ સંમેલનમાં હીરક બનવા યોગ્ય દોઢસો-બસો કાર્યકર્તાઓને જ આમંત્રણ આપવામાં આવે અને તેનું આયોજન સાદાઈયુક્તનું હોય. સંમેલ કયારે અને કેવી રીતે યોજવું એ સંબંધમાં શાંતિકુંજના સંગઠન વિભાગમાંથી વિશેષ માહિતી મેળવી લેવી અને 'પ્રજ્ઞા અભિયાન' પાક્ષિક પત્રિકાનું બીજું પાનું નિયમિત રૂપથી વાંચતા રહેવું.

(૨) જુદી જુદી જગ્યાએ પ્રભાતફેરીઓનું આયોજન કરવામાં આવે, સાધનાત્મક ઉર્જા વિકસાવવા માટે પુરશ્ચરણનો ક્રમ ચલાવવામાં આવે અને સામૂહિક સાધનાનું પણ આયોજન થતું રહે. બધા જ સ્થાનો, રહેઠાણો, પ્રજ્ઞામંડળો, સ્વાધ્યાય મંડળો, શક્તિપીઠો, કાર્યાલયો પર સામૂહિક સાધના રવિવારના રોજ એક કલાક જપના રૂપમાં યોજવામાં આવે અને ગુરુવારે સાંજના સાતથી સાડા સાત ઉજ્જવળ ભવિષ્યની પ્રાર્થના રૂપમાં યોજવામાં આવે.

(૩) પ્રતિકૂળતાઓ યુકત પરિસ્થિતિમાં પણ પ્રાપ્ત થયેલ લોકવિશ્વાસને ઋષિઓની દિવ્ય સહાય માનીને, હવે આપણે સંગઠિત બનીને એક જવાબદાર અને પ્રામાણિક લોકસેવકના રૂપમાં વિકસાવીએ. માત્ર મૌખિક સંકલ્પો તો પોપટની પાસે પણ રટાવી શકાય છે, પરંતુ જે નિભાવી શકે છે તેઓ જ જવાબદાર બને છે. પરંતુ હવે મિશનની આ પરિપકવ અવસ્થામાં આપણે એક ભારે વ્યકિતત્વના રૂપમાં વિકસિત થવાનું છે કે જેઓ જવાબદારી સંભાળવાનું શીખે અને શીખવાડી શકે. જે કોઈ પણ કાર્ય સંકલ્પથી હાથમાં લીધું છે તેને 'પ્રાણ જાય પણ વચન ન જાય' ની જેમ તેને પૂરું કરીને જ જંપીએ. 'પંચપ્યારો' નું ઉદાહરણ સામે રાખીએ, જેઓએ ગુરુના કહેવાથી સંસ્કૃતિ માટે માથાનું બલિદાન આપી દીધું. ભલે ગુરુ ગોવિંદસિંહજીએ આ પરીક્ષા જ લીધી હોય, પરંતુ પાંચ શૂરવીરો દયારામ ક્ષત્રિય (લાહોર), ધર્મદાસ જાટ (દિલ્હી),


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મુહકમચંદ્ર ધોબી (દ્વારકા), હિંમતરાય પનિહાર (જગન્નાથપુરી) અને સાહિબચંદ્ર નાઈએ (બીદર) તે મરજીવાઓનું સાહસ કરી બતાવ્યું અને ગુરુના કારજ માટે પોતાને સમર્પિત કરી દીધાં. પંચપ્યારા જીવિત પણ રહ્યા અને ઈતિહાસમાં હંમેશ માટે અમર થઈ ગયા. હવે આપણે પણ આ સ્તરનો પુરુષાર્થ બતાવવા માટે તત્પર બનવાનું છે. તેના પહેલાં આ વસંત પર્વ પર એક વખત ફરીથી આત્મનિરીક્ષણ કરી લઈએ કે ગુરવરની કસોટી પર આપણે સાચા સાબિત થઈએ છીએ કે નહીં, કયાંય મહત્ત્વાકાંક્ષાઓની મૂર્ખતા, ઉદ્ધત અહંકાર અને લાલચ આપણને જકડી તો નથી રહી. ગાયત્રી પરિવાર માટે આ કડક પરીક્ષાનો સમય છે.

(૪) સમયદાન માટેની અપીલ અખંડ જ્યોતિમાં અનેક વખત કરવામાં આવેલી છે. બધા જ પ્રકારના લોકોના નિર્ધારીત સમયદાનની હવે અમારે જરૂરિયાત છે. શાંતિકુંજનો સંગઠન વિભાગ હવે ટૂંકા સમયના સમયદાનીઓ (૩ કે ૭ માસ માટે) કે જેઓ તાલીમ લઈ ગયેલાં છે તેમનો સ્થાનીય સ્તર પર ઉપયોગ કરવા ઈચ્છે છે. નજીકના જિલ્લાઓમાં જો સમયદાન આપી શકાય તો તે શાંતિકુંજના પ્રતિનિધિ તરીકેનું સેવા કાર્ય જ માનવામાં આવશે. શાંતિકુંજમાં સ્થાયી સ્તર પર હવે માત્ર કેટલીક વિદ્યાઓના તાલીમી નિષ્ણાત પરિજનોની જરૂરિયાત છે. આમાં જેઓ ઓછી જવાબદારીવાળા ડૉક્ટર દંપતિ હોય, તાલીમી શિક્ષકો કે જેઓ રોચકપૂર્ણ ભાષા શૈલીમાં અનુવાદક તરીકેનું વ્યકિતત્વ ધરાવતાં હોય તેમની મુખ્યત્વે જરૂરિયાત છે. બાકીના ક્ષેત્રોનું કાર્ય હવે હીરક મંડળોના સંગઠનમાંથી પ્રાપ્ત થનારા પૂર્ણ સમયદાનીઓના માધ્યમથી શાંતિકુંજના વરિષ્ઠ કર્યાકર્તાઓના માર્ગદર્શન હેઠળ ચાલશે.

(૫) ક્ષેત્રીય કાર્યક્રમોની અસલ જડ છે છ મોટી ક્રાંતિઓ, પરંતુ તેનો પ્રાણ છે આધ્યાત્મિક પુર્નજાગરણ અને નારી જાગરણ. સાધના પ્રધાન અને સંસ્કાર પ્રધાન ક્રાંતિઓ પરિવાર અને સંસ્થાની ધરી પર જ યોજાશે. એના માટે જે પણ શકય હોય તે કરવું જોઈએ.

(૬) જ્યાં મોટી-મોટી શકિતપીઠો અને પ્રજ્ઞાપીઠોની સંસ્થાઓ બની છે અને કોઈની પાસેથી લોકસેવાના સંબંધે ગાયત્રી પરિવારની ક્રેડિટ પર જમીન કે બિલ્ડિંગો મળી છે તે સંસ્થાઓએ પોતાની કાનૂની કાર્યવાહી પૂરી લેવી જોઈએ. કોઈ પણ પ્રકારનો જમીન મિલ્કતનો ઝગડો ન રાખે, ટ્રસ્ટીઓના વિવાદો મિટાવી લે, તે બધા માટે લોક અભિપ્રાય લેવામાં આવે તથા પ્રત્યેક રજિસ્ટર્ડ શક્તિપીઠ પરિવ્રાજકની નિમણૂંક કરી લેવામાં આવે. આ બાબતમાં 'પ્રજ્ઞા અભિયાન' પાક્ષિક ૧ જાન્યુઆરી ૧૯૯૬, અનિવાર્ય રૂપે વાંચી લેવામાં આવે.

(૭) પ્રજ્ઞામંડળોનું પણ પુનર્ગઠન કરવામાં આવે. મિશનના કાર્યોમાં રુચિ લેનારાઓને જ પત્રિકાઓના સભ્ય બનાવવામાં આવે. એક સંયુકત જવાબદારી અપનાવીને પોતાની પ્રામાણિકતા સાબિત કરવામાં આવે. બબ્બે પરિજનોની ટોળીઓ શાંતિકુંજમાંથી ઘનિષ્ઠ પ્રજ્ઞામંડળ ક્ષેત્રોને કેન્દ્રમાં રાખીને મોકલવામાં આવી રહેલ છે. તે ટોળીઓ માર્ગદર્શન પણ આપશે અને અપેક્ષિત જાણકારીઓ પણ સાથે લેતી આવશે.

(૮) આ વર્ષે મોટો ખર્ચ થાય અને તે માટે ફંડ-ફાળો કરવો પડે તેમજ વધુ સમય પણ વપરાય તેવાં કોઈ પણ આયોજનો ન કરવામાં આવે. પોતાના મનથી જાહેરાત કરીને કેન્દ્રના વરિષ્ઠ વિશેષોના નામ છાપીને જેઓ પત્રિકાઓ વહેંચીને પછી આગ્રહ કરે છે, તેઓને વિશેષ રૂપે તેમ ન કરવાની સખત મનાઈ છે. આ વર્ષ નાના-નાના સંગઠનને લગતા આયોજનો માટેનું છે. ગુરુસત્તા પણ તેવું જ ઈચ્છે છે અને આપણે બધાએ એનું દૃઢતાપૂર્વક પાલન કરવું જોઈએ.

વસંત પર્વનો ઉલ્લાસ આપણા બધાના રોમેરોમમાં પ્રાણ ઉર્જા ભરી દે અને ગુરુસત્તા પ્રત્યે સમર્પણ ભાવનો સવિશેષ વધારો કરે એ જ સર્વ પ્રત્યે મંગળકામના છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ચૈત્ર નવરાત્રીમાં સામૂહિક ઉપાસના

સૂર્ય ઉદય અને અસ્ત થતા સમયે આકાશમાં લાલિમા છવાયેલી રહે છે અને આ સમય સમાપ્ત થતાં જ તે દૃશ્ય પણ અદૃશ્ય થતું દેખાય છે. એને કાળ પ્રવાહનું ઉત્પાદન કહી શકાય છે. ભરતી ઓટ દરરોજ નહીં અમાસ પૂર્ણિમાએ જ આવે છે. ઉમંગો સંબંધે પણ એવી જ વાત છે તે મનુષ્ય માટે સ્વ ઉપાર્જિત જ નથી, પરંતુ કદી-કદી એની પાછળ કોઈ અજાણ ભારનું એવું બળ કામ કરતું મેળવ્યું છે. ચિંતન જ નહીં કર્મ પણ કંઈક આવી દિશામાં વહેવા-વધવા લાગે છે. જેની આના પૂર્વે તેવી આશા કે તૈયારી જેવી કોઈ વાત હતી નહીં, આવો અમૂલો અવસર તો કયારેક-કયારેક જ આવે છે પણ નવરાત્રિના દિવસોમાં અનાયાસ જ અંતરમાં એવી હલચલ ઉઠે છે જેનું અનુકરણ કરવાથી આત્મિક પ્રગતિની વ્યવસ્થા બનવામાં જ નહીં સફળતા મળવામાં પણ આવું કંઈક બને છે જાણે કે અદૃશ્ય રીતે અમૂલ્ય અનુદાન વરસતું હોય.

આવા અનેક તથ્યોને ધ્યાનમાં રાખી તત્વદર્શી ઋષિઓ, મનીષિઓએ નવરાત્રિમાં સાધનાનું અધિક માહાત્મ્ય બતાવ્યું છે અને એ વાત પર જોર આપેલ છે કે અન્ય અવસરો પર ન બને પણ નવરાત્રિમાં આધ્યાત્મિક તપ સાધનાનો સુયોગ બેસાડવાનો પ્રયત્ન તો કરવો જ જોઈએ, તંત્ર વિજ્ઞાનના મોટા ભાગના કોલકર્મ આ દિવસોમાં સંપન્ન થાય છે. વામ માર્ગી સાધક મનપસંદ મંત્ર સિદ્ધ કરવા માટે આ અવસરની જ પ્રતીક્ષા કરતા રહે છે.

નવરાત્રિ દેવ પર્વ છે. તેમાં દેવત્વની પ્રેરણા અને દૈવી અનુકંપા વરસે છે. જે આ અવસર પર સતર્કતા રાખી પ્રયત્નશીલ હોય છે, તેઓ અન્ય અવસરોની અપેક્ષામાં આ શુભ મુહૂર્તનો લાભ જ બધુ ઉઠાવે છે. ભૌતિક લાભોને સિદ્ધિઓના નામથી જાણવામાં આવે છે. સંકટોનું નિવારણ અને પ્રગતિના અનુકૂલનમાં સિદ્ધિઓની આવશ્યકતા પડે છે. એ આધાર પર જે મળે છે તેને વરદાન કહેવામાં આવે છે. નવરાત્રિઓને વરદાનોની અધિષ્ઠાત્રી કહેવામાં આવી છે પણ આ શુભાવસરનો વાસ્તવિક લાભ છે દેવત્વની વિભૂતિઓનો જીવન ચર્યામાં સમાવેશ. તે જેને જેટલી માત્રામાં મળે છે તે એટલી જ કલાક્ષમતાનો નર દેવ કહેવાય છે. દેવતા સ્વર્ગમાં જ નથી રહેતા પરંતુ મહામાનવોના રૂપમાં આ ધરતી પર વિચરે છે.

નવયુગ દેવત્વ પ્રધાન હશે. તેમાં તે પ્રયત્ન ચાલશે જે મનુષ્યમાં દેવત્વનો ઉદય કરી શકશે. જ્યાં દેવતા વસે છે ત્યાં સ્વર્ગ હોય છે. જ્યાં સ્વર્ગ હશે ત્યાં દેવતા જ વસતા હશે. આ તથ્યના આધાર પર એ અપેક્ષા કરવામાં આવે છે કે શ્રેષ્ઠ વ્યક્તિત્વો દ્વારા જે સુખદ વાતાવરણ બનશે તેને ધરતી પર સ્વર્ગના અવતરણની ઉપમા આપી શકાશે.

યુગ સંધિની નવરાત્રિઓમાં વિશેષ સંભાવના એ વાતની છે કે તેમાં અદૃશ્ય લોકોમાં દેવત્વની અતિરિક્ત વર્ષા થાય અને આ અનુદાન મેળવી દેવ માનવોનો સમુદાય અધિક પ્રખરતા સંપન્ન થતો દૃષ્ટિગોચર થવા લાગે. યુગ પરિવર્તનની અવતાર પ્રક્રિયાને ગતિશીલ બનાવવામાં આ દેવ માનવોનું જ યોગદાન પ્રમુખ રહેલ છે. તત્વદર્શી કહે છે કે અવતાર એકલા જ પોતાના પ્રયોજન પૂરા નથી કરી લેતા તેમની સાથે-સાથે અનેક સહયોગી પણ હોય છે અને તે પણ દેવલોકથી તે પ્રયોજન માટે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શરીર ધારણ કરે છે. પાંચ પાંડવો પાંચ દેવતાઓના અવતાર હતા. હનુમાન, અંગદ વગેરેના વિષે પણ એવી જ માન્યતા છે. આ દિવસોમાં સૃજન યોજનાઓમાં દેવ માનવોનું આ સાહસ તથા પ્રયાસ જ અગ્રિમ મોરચો સંભાળતો દેખાઈ પડશે.

નવયુગ સૃજનની પ્રેરણાઓને ક્રિયાશીલ કરવા તથા તે દિશામાં કદમ વધારવાનું આ જ શુભ મુહૂર્ત છે. પ્રજ્ઞા યુગની પ્રેરણાને અપનાવવા અને વિધિ વ્યવસ્થાને ચરિત્ર કરવા માટે આમ તો દરેક ઘડી પવિત્ર અને મહત્વપૂર્ણ છે, પણ આ પ્રયોજન માટે નવરાત્રિ પર્વની અધિક ગરીમા માનવામાં આવે છે. નવરાત્રિ પર્વની ઋતુ સંધ્યા મુહૂર્ત વિજ્ઞાનની દૃષ્ટિથી જ નહીં વિશિષ્ટ સાધના પદ્ધતિના કારણે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. નૈષ્ઠિક સાધકો માટે આસો અને ચૈત્ર નવરાત્રિમાં અનુષ્ઠાન સાધના એક અતિ આવશ્યક પુણ્ય પરંપરાના રૂપમાં સદા સર્વ પ્રકારે અપનાવાઈ રહી છે.

ગાયત્રી અનુષ્ઠાનોના નવરાત્રિ પરંપરાની પાછળ એવા અનેક કારણ સમાયેલા છે જેથી ઉપાસનામાં અભિરુચિ રાખનારા આ દિવસોની પ્રતીક્ષા કરતા રહે છે અને એ અવસર પર કંઈક ને કંઈક વ્રત પાલન નિશ્ચિત રૂપથી કરે છે.

જે સાધારણ રીતે દૈનિક ઉપાસનાના અભ્યાસી નથી અને ક્યારેક-ક્યારેક જ કંઈક પૂજાપાઠ કરે છે એવા લોકો પર પણ જોર આપવામાં આવે છે કે તેઓ ઓછામાં ઓછું આ દિવસોમાં તો કંઈક નિયમ નિભાવે અને નિશ્ચિત સાધનાની વાત વિચારે. આ અભ્યાસો માટે પણ કેટલાય પ્રકારની સરળ સાધનાઓની વિશેષ વ્યવસ્થા કરવામાં આવે છે. જેથી તેમને બોજ લાગવાનો અને મન ઉચાટની મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે.

નવરાત્રિમાં ૨૪૦૦૦ ગાયત્રી જપ (રોજની ૨૭ માળા ) અથવા ૨૪૦૦ ગાયત્રી મંત્રલેખન કરવાનું હોય છે. ૨૪ હજારવાળી સંખ્યા ન કરી શકે તેમના માટે સંખ્યા ઘટાવી ૧૦ હજાર સુધી હળવી કરી શકાય છે. નવ દિવસમાં દસ હજાર જપ કરવાનું તાત્પર્ય માત્ર દરરોજ એક કલાકનો સમય લગાવવો તે છે. એ કોઈના માટે પણ ભારે ન પડવો જોઈએ. મંત્રલેખન દરરોજ ૧૧૨ કરવામાં નવ દિવસમાં એક હજાર લખાઈ જાય છે. એ પણ એક અનુષ્ઠાન છે. ગાયત્રી ચાલીસા દરરોજના બાર પાઠ કરવાથી નવરાત્રિમાં ૧૦૮ થઈ જાય છે. ૐ ભૂર્ભુવઃ સ્વઃ આ પંચાક્ષરી ગાયત્રી છે. આટલું તો અશિક્ષિત તથા બાળક પણ યાદ કરી શકે છે. મુખ્ય તથ્ય નિયમિતતા છે, ઓછા-વધતાનું નહીં. નિયમિત સાધનાને અનુષ્ઠાન કહે છે. તેની સાથે તપશ્ચર્યાઓનું અનુશાસન જોડાઈ જવાથી તેની સંજ્ઞા પુરશ્ચરણ થઈ જાય છે. અનુષ્ઠાન પુરશ્ચરણ હલકા ભારે સ્તરના પણ હોય છે.

ગાયત્રી પરિવારનું જ્યાં પણ નાનું મોટું સંગઠન છે ત્યાં નવરાત્રિ પર્વ મનાવવાનો પ્રયત્ન નિશ્ચિતરૂપથી થવો જોઈએ. આમ તો વ્યક્તિગત એકાકી સાધના કરવા માટે પણ કોઈ રોકટોક નથી, પણ પ્રયત્ન એ કરવો જોઈએ કે સામૂહિક ઉપાસનાનો ઉપક્રમ બને અને તેને એક ઉત્સાહ આયોજનનું સ્વરૂપ મળે. એવી વ્યવસ્થા બનાવવામાં ઉત્સાહી લોકો સ્વયં આગળ રહે.

આશા છે આપ નવરાત્રિમાં આપની પાસેની શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠ, શાખામાં જઈ સામૂહિક રૂપે અનુષ્ઠાનનો ક્રમ બનાવશો. આ દરમ્યાન સારા પુસ્તકોનો સ્વાધ્યાય અનિવાર્ય છે.

**-પં. લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

### સમાજમાં નૈતિકતાની પુર્નસ્થાપના

આજકાલ સમાજમાં નૈતિક મૂલ્યોનું કેટલું ઝડપથી પતન થઈ રહ્યું છે તેને આપણે સર્વે અનુભવ કરીએ છીએ અને ચિંતિત પણ થઈએ છીએ. પરમ પૂજ્ય ગુરુદેવે ૧૯૭૨માં એક પ્રશિક્ષણ વ્યવસ્થાનો શુભારંભ કર્યો હતો જેનો ઉદ્દેશ્ય હતો ''મનુષ્યમાં દેવત્વ અને ધરતી પર સ્વર્ગનું અવતરણ'' વ્યક્તિ, પરિવાર અને સમાજ નિર્માણ માટે આજની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા તેમણે નૈતિક શિક્ષાનો અમૂલ્ય ગ્રંથ ત્રણ ભાગોમાં પ્રકાશિત કર્યો હતો.

અમદાવાદના શ્રી તરૂણભાઈ બી. ત્રિવેદી એ સમાજના નૈતિક ઉત્થાનના ઉદ્દેશ્યથી પાંચ હજાર ઘરોમાં નૈતિક શિક્ષાના આ મહાન ગ્રંથને બ્રહ્મભોજ યોજનાના અંતર્ગત સ્થાપિત કરવાનો સંકલ્પ લીધો છે. તેમના આગ્રહ અનુસાર નૈતિક શિક્ષા પુસ્તકનું ગુજરાતી ભાષામાં પ્રકાશન થયેલ છે. જે ગાયત્રી જ્ઞાનપીઠ, જુનાવાડજ અમદાવાદથી મંગાવી શકો છો. ગુજરાતના અન્ય ક્ષેત્રોમાં પણ જો ભાવનાશીલ પરિજન આ પ્રકારનું મજબૂત તથા રચનાત્મક અભિયાન ચલાવવાનું ઈચ્છે તો તેઓ તુરત જ સૂચિત કરે જેનાથી આવશ્યક પુસ્તકોનું પ્રકાશન એકવારમાં જ સંભવ થઈ શકે.

### ગાયત્રી પરિવાર ઝાંસી

ગાયત્રી પરિવાર, ઝાંસીના ૪૧માં વાર્ષિકોત્સવના શુભ અવસર પર કિલ્લાના મેદાનમાં પાંચ દિવસીય ગાયત્રી મહાયજ્ઞનું વિરાટ આયોજન થયું. આ અવસર પર લલિતપુર, મઊરાની, ચિરગાંવ, મોંઠ, સમથર, બંગરા, પૂંછ, ખિલ્લી આદિ સ્થાનોના સેંકડો કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા. યજ્ઞનું સંચાલન શ્રી બાલકૃષ્ણ અગ્રવાલે કર્યું.

લગભગ બે હજાર વ્યક્તિઓએ એક-એક બુરાઈ છોડવાનો સંકલ્પ લીધો, ૪૧ વ્યક્તિઓએ દીક્ષા લીધી અને ૫૦૦૦ વ્યક્તિઓએ ગાયત્રી મંત્રલેખન અભિયાન પ્રારંભ કર્યું.

આ અવસર પર પં. લીલાપત શર્માએ સર્વે કાર્યકર્તાઓને અભિનંદન આપતા તેમના રચનાત્મક કાર્યોની પ્રશંસા કરી તથા પરમ પૂજ્ય ગુરુદેવના સાહિત્યને ઘેર-ઘેર પહોંચાડવાનું આહ્વાન કર્યું.

### આદર્શ સમાજ માટે આદર્શ વિવાહ

ગાયત્રી તપોભૂમિના ટ્રસ્ટી અને સમર્પિત વરિષ્ઠ કાર્યકર્તા શ્રી દ્વારકાપ્રસાદ ચૈતન્યજીના સુપુત્ર ડૉ. હરીશંકર સાથે છતરપુર ( મ. પ્ર. ) નિવાસી શ્રી શિવચરનજીની સુપુત્રી રાશિનો વિવાહ સંસ્કાર ગાયત્રી તપોભૂમિમાં સાનંદ સંપન્ન થયો.

કોઈ પ્રકારના અપવ્યય વગર આદર્શ વિવાહ પૂર્ણ રૂપે યજ્ઞીય વાતાવરણમાં શાંતિકુંજ, હરિદ્વારના પ્રતિનિધિ શ્રીરામસહાય શુક્લાજી દ્વારા સંપન્ન થયો. આ શુભઅવસર પ્રસંગે વર-વધૂને શૈલ દીદી તરફથી શ્રી શુક્લાજીએ ફૂલમાળા પહેરાવી. પં. લીલાપત શર્માએ આશીર્વચન આપતા આદર્શ સમાજ માટે આવાજ આદર્શ વિવાહની પ્રેરણા આપી.

### વિચાર ક્રાંતિ માટે ઉત્તમ પ્રયાસ

**નવસારી,** ગાયત્રી શક્તિપીઠ નવસારીમાં યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનું લવાજમ જમા કરાવતા રૂ. ૩૫/- પ્રમાણે રિયાયતી લવાજમ લેવાયું. બાકીનાં રૂ. ૧૦/- શક્તિપીઠ તરફથી જ્ઞાનદાન રૂપે મોકલવામાં આવ્યા. સંપૂર્ણ વલસાડ જીલ્લાની શાખાઓએ પોતાના જીલ્લાની આ અમૂલ્ય યોજનાનો લાભ લીધો.

પૂજ્ય શ્રીનો ઉદ્દેશ્ય શક્તિપીઠ પ્રજ્ઞાપીઠને જનજાગ્રતિનું કેન્દ્ર બનાવવાનો હતો. પૂજ્ય ગુરુદેવ વ્યક્તિ નહિં, વિચાર હતા. તેમના વિચારોની સેવા માટે અન્ય કેન્દ્ર પણ યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના વધુ ગ્રાહક બનાવવા પ્રયત્ન કરે.

''યુગ શક્તિ ગાયત્રી'' પત્રિકાના ૧૦૮ ગ્રાહક બનાવવાના અભિયાનમાં પરિજનોએ ઉત્સાહવર્ધક પ્રયાસ કરેલ છે. ૧૦૮ થી વધુ ગ્રાહક બનાવનાર દરેક પરિજનોને અમારા હાર્દિક અભિનંદન. પૂજ્ય ગુરુદેવ-વંદનીયા માતાજીના આશીર્વાદ આપ પર હંમેશા વરસે એવી શુભકામના.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## ચિંતન બિંદુ

★ સંસાર ભવ-બંધન કે માયાજાળ નથી, એ તો સૃષ્ટાની સર્વોત્તમ કલાકૃતિ છે. તેમાં સત્,ચિત્ અને આનંદ ભરેલો છે.

★ તમે હસશો તો દુનિયા તમને સાથ આપશે, પરંતુ જો રડવા લાગશો તો કોઈ સાથ નહિં આપે.

★ રાજહંસ દૂધ પીએ છે, પાણી છોડી દે છે. મોતી ચણે છે, જીવડાં ખાતા નથી. આવી વ્રતશીલતા નિભાવીને કોઈ પણ વ્યક્તિ શ્રેષ્ઠ બની શકે છે.

★ જે સાચે જ પ્રેમ કરે છે, તેનું હૃદય ધરતી પર સાક્ષાત સ્વર્ગ છે. ઈશ્વર તેમાં વાસ કરે છે, કારણ કે ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે.

★ જે પાપનું પ્રાયશ્ચિત કરે છે, તે સાધુ છે અને જે પાપ પર અભિમાન કરે છે તે શેતાન છે.

★ દેવત્વની રક્ષાથી વધીને બીજો કોઈ ધર્મ નથી અને દેવત્વ અપનાવવાથી વધીને બીજું કોઈ કર્તવ્ય નથી.

★ તત્વજ્ઞાનીની વાણી કામધેનુ છે. તે શ્રોતાઓને પ્રગતિના માર્ગે લઈ જાય છે, સમસ્યાઓનો ઉકેલ બતાવે છે અને શત્રુતાને મિત્રતામાં બદલી નાંખે છે.

★ વ્યસનની પાસે જઈએ તો તે આપણને લલચાવે છે, અપનાવીએ તો આપણને જકડી લે છે, પછી નાગપાશ બને છે અને છેવટે પ્રાણ લઈને છોડે છે.

★ સારી વાત બાળકની પણ માની લો, પરંતુ ખોટી વાત દેવદૂતની પણ માનશો નહિ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.